# કલ્યાણ





વર્ષ : ૧૯
અંક : ૭
સપ્ટેમ્બર
૧૯૬૨

ભાદરવા
૨૦૧૮
વીર સંવત
૨૪૮૮


શાંતિલાલ દોશી


માનદ સંપાદક : કીરચંદ જે. શેઠ

# વિષય દર્શન


| ક્રમ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|
| ઉઘડતે પાને : | | ૫૧૩ |
| પુણ્યોદયનો ઉપયોગ : | શ્રી મો. ચુ. ધામી | ૫૧૫ |
| બાલ જગત : | 'શ્રી નવીન' | ૫૧૬ |
| મંત્ર પ્રભાવ : | શ્રી મો. ચુ. ધામી | ૫૧૯ |
| રામાયણની રત્નપ્રભા : | શ્રી પ્રિયદર્શન | ૫૨૧ |
| શંકા સમાધાન : | પૂ. પં. શ્રી ચરણવિજયજી ગ. | ૫૨૯ |
| મહાસાગરના મોતી : | પૂ. આ. શ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી મ. | ૫૩૨ |
| ન્યાય સંપન્ન વૈભવ : | શ્રી રાજેન્દ્રકુમાર કે. શાહ | ૫૩૪ |
| શ્રી મહાવિદેહની મંગલ યાત્રાએ : | શ્રી પન્નાલાલ જ. મસાલીયા | ૫૩૭ |
| દેવનાર કતલખાનાના હીમાયતીઓને નમ્ર વિનંતિ : | શ્રી રતીલાલ જીવનલાલ શાહ | ૫૪૦ |
| ધન્ય પિતા ! ધન્ય પુત્રી ! | પૂ. મુ. શ્રી રાજેન્દ્રવિજયજી મ. | ૫૪૩ |
| સમાચાર સાર : | | ૫૪૬ |


( અનુસંધાન ટાઇટલ પેજ ત્રીજાનું ચાલુ )

પૂ. પં. શ્રી સુજ્ઞાનવિજયજી મ.ના સદુપદેશથી

11, શ્રી દલપતલાલ અંબાલાલ — સરીયદ
11, શ્રી શંકરલાલ લહેરચંદ — ,,
11, શ્રી ગોકલદાસ પોપટલાલ — ,,
11, શ્રી જમનાદાસ ચમનલાલ — અમદાવાદ
11, શ્રી બચુભાઇ પોપટલાલ — ,,
11, શ્રી મોતીલાલ ભગવાનલાલ — બુરહાનપુર
11, શ્રી ગુલાબચંદ જીવરાજ સાવરકુંડલા શ્રી અમરચંદ કુંવરજીભાઇની શુભપ્રેરણાથી
11, શ્રી મણીલાલ હરખચંદ — વઢવાણ શહેર
11, શ્રી રતનચંદ શીવલાલજી — નાંદીયા
11, શ્રી મોહનલાલ સરદારમલ જૈન — ચેણુર
11, શ્રી પુખરાજ લક્ષ્મીચંદ — ચનેરા
11, શ્રી કાંતિલાલ શાહ, સ્વસ્તિક કાર્ડઝ પ્રોડકટ — મુંબઇ
11, શ્રી કાંતીલાલ મોતીલાલ, રાધનપુર શ્રી પન્નાલાલ જ. મશાલીયાની શુભપ્રેરણાથી
11, શ્રી હરીલાલ જેઠાલાલ વોરા — ગેડી
11, શ્રી મુલચંદ દેવચંદ — મુંબઇ
10, શ્રી ચીંતામણી પાર્શ્વનાથજીની પેઢી નવસારી પૂ. પં. શ્રી જયંતવિજયજી મ. ની શુભ પ્રેરણાથી
101, શ્રી તપગચ્છ જૈન સંઘ પેઢી ભુજ (કચ્છ) પૂ. પં. શ્રી કનકવિજયજી ગણિવરશ્રીની શુભ પ્રેરણાથી ભેટ.
31, શેઠ રતિલાલ જીવનલાલ અબજીભાઇ તરફથી ભેટ. — વઢવાણ શહેર
7, શ્રી પાંચોરા જૈન સંઘ તરફથી ભેટ — પાંચેરા


## 'કલ્યાણ'નો આગામી તા. ૨૦–૧૦–૬૨ નો અંક

## શ્રી મહાવીર નિર્વાણ કલ્યાણક વિશેષાંક તરીકે પ્રસિદ્ધ થશે !

જૈન સમાજમાં સંસ્કૃતિ, સંસ્કાર, શ્રદ્ધા, શિક્ષણ અને સમભાવનું અગ્રદૂત 'કલ્યાણ' દીપોત્સવીના શુભ પ્રસંગે દીપોત્સવી વિશેષાંક પ્રસિદ્ધ કરશે ! આ અંક વિવિધ વિષયસ્પર્શી અને મનનીય સાહિત્યથી સમૃદ્ધ થશે. તમે તમારી કૃતિ અમને તાત્કાલિક મોકલી આપો !

વ્યાપારી ભાઈઓ પોત-પોતાના વ્યવસાયની જાહેરાતો મોકલી અમને અવશ્ય સહકાર આપો ! 'કલ્યાણ'ની ૪૦૦૦ નકલો પ્રસિદ્ધ થાય છે, જૈન-જૈનેતર સમાજમાં દેશ-પરદેશમાં લગભગ ૪૦ હજાર હાથોમાં કલ્યાણ ફરે છે, તમારા વ્યવહાર-વ્યવસાયને પૂરેપૂરી પ્રસિદ્ધિ મળે છે.

**આજે જ પત્રવ્યવહાર કરો !**

**શ્રી કલ્યાણ પ્રકાશન મંદિર : વઢવાણ શહેર.** (સૌરાષ્ટ્ર)

# ઉઘડતે પાને

પર્વાધિરાજ શ્રી પર્યુષણાપર્વના પુનિત પ્રસંગને અનુલક્ષીને 'કલ્યાણ' લગભગ ૧૯ ફર્માનો દળદાર વિશેષાંક વાચકોનાં કરકમલમાં મૂકયો છે, એક મહિનાના ટુંકા ગાળામાં આવો વિવિધ વિષયસ્પર્શી મનનીય તથા જીવનોપયોગી સાહિત્યનો રસથાળ પીરસવો એ કેટ-કેટલું કપરૂં કાર્ય છે, તે હકીકત અનુભવી વર્ગ જ જાણી શકે !

અમારા પર વિશેષાંકની પ્રશંસા કરતા સંખ્યાબંધ પત્રો આવ્યા છે. સહુ કોઈ 'કલ્યાણ' પ્રત્યે જે આત્મીયભાવ તથા અહોભાવ ધરાવે છે તે સર્વ કલ્યાણના શુભેચ્છકોનો અમે આ અવસરે ફરી ફરી આભાર માનવાપૂર્વક એ જ એક વિજ્ઞપ્તિ કરીએ છીએ કે, 'કલ્યાણ' દ્વારા કોઈને એકપણ પાઈની પ્રાપ્તિ કરવાનો ઉદ્દેશ નથી, કેવળ શિષ્ટ, સંસ્કારપ્રેરક શ્રદ્ધા, સમભાવ તથા સંસ્કૃતિ પ્રચારક સાહિત્યનો પ્રચાર કરવાનો અમારો નમ્ર પ્રયત્ન છે, તેમાં સર્વ કોઇ અમને પોતાનો સ્નેહ તેમજ શ્રદ્ધાભાવે સહકાર આપતા રહેશે ને અમને અવશ્ય માર્ગદર્શન કરતા રહેશે !

પર્વાધિરાજ શ્રી પર્યુષણાપર્વની મંગલમય આરાધના સર્વ કોઇએ ત્રિવિધ ત્રિવિધયોગે ભક્તિભાવભર્યા, હૈયે ઉલ્લાસ, ઉત્સાહ તથા ઉમંગભેર કરી હશે ! તપ દ્વારા, દાન તથા શીલ દ્વારા, વ્રત, પચ્ચક્ખાણ, વ્યાખ્યાન શ્રવણ, પૂજા, પ્રતિક્રમણ, પૌષધ ઇત્યાદિ દ્વારા સુકૃતની સંપત્તિનું ભાથું બાંધી ભવભવાંતર માટે મંગલ આરાધના કરી જીવનને ધન્ય બનાવ્યું હશે !

આ અંક જ્યારે વાચકોનાં કરકમલમાં મૂકાશે ત્યારે શ્રી નવપદ-ભગવંતની આરાધનાના મહામંગલકારી આસો મહિનાની શાશ્વતી ઓલીના દિવસો નજીકમાં આવી રહ્યાના ભણકારા સંભળાતા હશે ? શ્રી નવપદજીભગવંતની આરાધના તપ, જપ, ધ્યાન ઉપાસના તથા તેમનાં ગુણગાનના શ્રવણદ્વારા સર્વ કોઇ કરવા ઉજમાળ રહેજો ! એ 'કલ્યાણ'ના સર્વ વાચકોને અમારો વિનમ્ર આગ્રહ છે, ધર્મ એ જ સાચું શરણ છે; ત્રાણ છે, ને રક્ષણ છે, એ હકીકત કદિયે ભૂલશો નહિ.

આગામી અંક ભગવાન શ્રી મહાવીર પરમાત્માનાં નિર્વાણ કલ્યાણકના અવસરપર નીકળનાર છે. તે અવસરને અનુલક્ષીને 'કલ્યાણ' પોતાનો દીપોત્સવી વિશેષાંક પ્રસિદ્ધ કરવા ઇચ્છે છે. તો આ વિશેષાંકને યોગ્ય લેખો, તેમજ ઉપયોગી સાહિત્ય સામગ્રી જરૂર સર્વ કોઈ મોકલે તેવો 'કલ્યાણ' પ્રેમી શુભેચ્છકોને અમારો આગ્રહ છે.

તદુપરાંત 'કલ્યાણ'ના પ્રચારને વેગ મલે ને તેના વિકાસને સહાય મલે તે દૃષ્ટિયે 'કલ્યાણ'માં જાહેર-ખબરો સ્વીકારવાનું ધારણ છે. તો સર્વ કોઇ 'કલ્યાણ' પ્રેમી શુભેચ્છકો પોતાના વ્યવસાયની જાહેરાત મોકલી અમને અમારી સાહિત્ય પ્રવૃત્તિના સત્કાર્યમાં સહાયક બને તે માટે અમારી સવિનય વિનંતિ છે.

'કલ્યાણ'ની અભિલાષા ને ઉદ્દેશ કેવલ વિશ્વના સમસ્ત પ્રાણીવર્ગનાં શ્રેય તથા મંગલ માટે છે; શાસનદેવ ! અમને અમારા ઉદ્દેશને અનુરૂપ પ્રગતિ કરવામાં સહાયક બનો ! શ્રી શંખેશ્વરપાર્શ્વનાથ પ્રભુની પુણ્યકૃપાથી 'કલ્યાણ' પોતાના ઉદ્દેશ મુજબ પ્રગતિ કરવાનું વધુ ને વધુ સામર્થ્ય પ્રાપ્ત કરો ! ને સમસ્ત સંસાર શિવ, મંગલ તથા કલ્યાણને પ્રાપ્ત કરો.

તા. ૧૦-૯-૬૨

સહ સંપાદકો : નવિનચંદ્ર ર. શાહ * મહેન્દ્ર એફ. શાહ

**લીંબડી :** પૂ. પં શ્રી પ્રવિણવિજયજી ગણિવરશ્રીની શુભ નિશ્રામાં (વચમાં બેઠેલા) દીક્ષાભિલાષી બેન **સવિતાબેન શીવલાલ** જેઓએ માસખમણની ઉગ્ર તપશ્ચર્યા કરી છે. આજુબાજુ બંને બેનોએ સોળ ઉપવાસ કરેલ છે. જેમના નામ **જયાબેન શીવલાલ** તથા **કોકીલાબેન શીવલાલ**



**સુરંજના બાબુલાલ-મહેસાણા.**

ઉમર વર્ષ ૧૧ાા

પૂ ગુરુમહારાજની પ્રેરણા પામીને આ નાની બહેને શ્રી પર્યુષણા મહાપર્વમાં અઠ્ઠાઇ તપ [ ૮ ઉપવાસ ]ની ભવ્ય આરાધના કરી છે.



---

(અનુસંધાન સામે પાના ત્રણનું ચાલુ)

નષ્ટ થાય છે. પરંતુ આ બધું મારૂં નહીં પણ પુણ્યનું જ પરિણામ છે એમ સમજીને જે માણસો પુણ્યોદયથી પ્રાપ્ત થયેલી સામગ્રીનો સદુપયોગ કરે છે તે માણસો માત્ર પોતા પર ઉપકાર કરી જતા નથી, સમાજ પર પણ ઉપકાર કરી જતા હોય છે.

ઘરમાં ધનનાં ઢગલા પડયા હોય, પુણ્યનો ઉદયકાળ પુર બહારમાં ચાલતો હોય, સુખની ગુલાબી મોસમ ખીલી ઉઠી હોય અને માનવી સુખના નશામાં અંધ બનીને સંપત્તિનો દુરુપયોગ કરવા માંડે તો એની જ કુબુદ્ધિના અગ્નિ વડે પુણ્યનો વહેલો અંત આવે છે.

જેમ પાપ ભોગવવું ભારે કષ્ટદાયક છે તેમ પુણ્ય ભોગવવું પણ ભારે વિચારમાં મૂકે તેવું છે. કારણ કે પુણ્ય એ પારો છે, પારો પચાવવાનું જો બળ અથવા તો દષ્ટિ ન હોય તો એનો વિકાર ભારે હેરાન કરે છે.

પુણ્ય એ અમૃત છે, પરંતુ અમૃત પીનારાઓએ પચાવવાની હોજરી તૈયાર કરવી જ જોઇએ.

આ માટે દરેક માનવી પોતાને મળતી સુખ સમૃદ્ધિને પુણ્યનો ઉદય માનીને વિનમ્ર બને અને પુણ્યનાં બળનો ઉપયોગ મનને વશ રાખીને કરે તો પુણ્યના ખજાનામાં પુણ્ય જ ઉભરાતું જાય છે.

વર્ષ : ૧૯ ⊙ અંક : ૭

# કલ્યાણ

ભાદરવા ⊙ ૨૦૧૮


## પુણ્યોદયનો ઉપયોગ

વૈદ્ય મોહનલાલ ચુનીલાલ ધામી

સરીતા અને જીવન બંને સરખાં છે. વર્ષા ઉત્તમ હોય તો સરીતા કલકલ કરતી વહે છે, પુણ્યનો ઉદય હોય તો જીવન પણ સુખની છોળો વચ્ચે રમતું હોય છે.

વર્ષા ન હોય, દુષ્કાળનો અંધકાર વ્યાપ્ત બન્યો હોય, તો સરીતાનાં ગીત શુષ્ક બની જાય છે, એનો કલરવ કલ્પાંતમાં પરિણમે છે. એજ રીતે પુણ્યનો ઉદય ન હોય ત્યારે જીવન પણ કંટકમય, વેદનાભર્યું અને સંતપ્ત લાગે છે.

સંસારના સુખની પ્રત્યેક સામગ્રી પુણ્યના ઉદયથી જ પ્રાપ્ત થતી હોય છે. માનવી એમ માનતો હોય કે આ મારા પ્રયત્નનું, મારી બુદ્ધિનું કે મારા બળનું પરિણામ છે તો તે વાત બરાબર નથી. કારણ એક જ ધંધામાં પડેલા બે માણસો એક સરખો વેપાર કરવા છતાં એકને હેરાનગતિ ભોગવવી પડે છે, બીજાને આનંદ મળે છે; એક સરખો વેપાર, એક સરખી મહેનત અને એક સરખી રીત, આમ છતાં એક કમાય છે બીજાને લમણે હાથ દેવો પડે છે. કારણ કે બધું સમાન હોવા છતાં પુણ્યનું બળ સમાન નથી.

નગરમાં બે ડાકતરો છે. બંનેએ સરખો શ્રમ કરીને સમાન ઉપાધિ પ્રાપ્ત કરી છે, બંને પોતાનાં કાર્યમાં નિષ્ણાત છે, બંને બરાબર મહેનત અને ખંતથી ધંધો કરતા હોય છે. છતાં એકના દવાખાનામાં દરદીઓ સમાતા નથી, બીજાના દવાખાનામાં ભાગ્યે જ કોઇ આવતું હોય છે. કારણ કે બંનેનો પુણ્યોદય સમાન નથી. પુણ્યોદય તો ત્યાં સુધી કામ કરે છે કે એક દાકતર જે ઔષધ કે ઈંજેકશન આપતો હોય તે દરદીને રાહત આપે છે. બીજો દાકતર એજ ઔષધ કે ઈંજેકશન આપતો હોય છતાં દરદી અસ્વસ્થ રહે છે. કારણ કે પુણ્યોદય દરેક વાતમાં આગળ જ હોય છે.

સત્તા પ્રાપ્ત થવી, બળ મળવું; ધન, સુખ, યૌવાન, આરોગ્ય, પુત્ર પરિવાર, ઉત્તમ પત્ની વગેરે સામગ્રી જે કંઇ મળે છે તે પુણ્યોદયથી જ પ્રાપ્ત થાય છે. શાસ્ત્રકાર ભગવંતો આ વાત ખૂબ જ દાખલા દલિલો સાથે સમજાવી ગયા છે અને અનેક ઉચ્ચ જીવો આ સત્ય સમજી પણ ગયા છે.

પુણ્યોદયથી પ્રાપ્ત થનારી પ્રત્યેક સામગ્રી કેવળ ઉપભોગ માટે નથી, સદુપયોગ માટે છે.

કોઇને સુંદર પત્ની મળે એટલે એના રૂપને ચૂસી લેવાની ભાવના પુણ્યથી મળેવી વસ્તુનો જ નાશ કરે છે.

કોઇને સત્તા મળી જાય અને સત્તાના મદમાં અંધ બનીને સત્તાનો પોતાનાં હિતો ખાતર અથવા પોતાના તરંગોને જાળવી રાખવા ખાતર મનફાવતો ઉપયોગ કરે તો પુણ્યનો ઉદય

( જુઓ અનુસંધાન સામે પાન ૨ )

# બાલજગત

સંપાદક : શ્રી 'નવિન'

પ્યારા બાલમિત્રો ! નમસ્તે.

પર્વાધિરાજ પર્યુષણા મહાપર્વની આરાધના પછી આજે આપણે મળી રહ્યા છીએ. પર્વાધિરાજ શ્રી પર્યુષણાપર્વ એ તો માનવભવને અજવાળનારો પરમ પવિત્ર અવસર કહેવાય. તમે સૌએ જપ, તપ, સામયિક, પ્રતિક્રમણ, પૂજા, પૌષધ, વ્યાખ્યાન શ્રવણ આદિ ધર્મ-ક્રિયાઓ દ્વારા આ પુનિત પર્વ દિવસો અનેરા આનંદ સાથે ઉજવ્યા હશે ! ખરૂં ને ?

'કલ્યાણ'માં પૂર્વે પ્રસિદ્ધ થતો આ વિભાગ સ્થળ સંકોચના કારણે કેટલાક સમયથી પ્રસિદ્ધ થઇ શકયો નથી. પણ હવેથી આ વિભાગ ખૂબ સમૃદ્ધ બની, સુંદર રીતે, નિયમિત દર માસે પ્રસિદ્ધ થતો રહેશે તેની નોંધ લેશો.

પ્રિય બાલમિત્રો !

'બાલ જગત' માટે સુવાકયો, ગણિત ગમ્મત, શોધી કાઢો, હાસ્ય ટુચકા, કક્કાની કરામત, જાણવાજોગ, નવી કહેવતો, આંકડાની કરામત, બેની ખુબી, પલટાતી વ્યાખ્યાઓ, ઉખાણા ઇત્યાદિ વિધવિધ લખાણો તમે પોતે લખીને જરૂર મોકલી આપશો. આપની મર્યાદાને નજર સામે રાખી ક્રમશઃ સગવડતા મુજબ સારા સારા લખાણો ચુંટીને પ્રગટ કરતો રહીશ.

નિબંધ હરિફાઇ, કસોટી, ચિત્ર વાર્તા, પત્ર મિત્ર વિભાગ, અને સચિત્ર ભુલભુલામણી તથા સચિત્ર ગમ્મત સાથે જ્ઞાન આપે તેવા સુંદર ચિત્રો ધીરે ધીરે રજુ કરવા વિચાર છે, તેમાં તમારા બધાયનો સહકાર, મમતા ને હુંફ મને મળતા રહેજો.

અચ્છા ! ત્યારે ફરી આવતા અંકે મળીશું.

'નવિન'નાં સ્નેહવંદન.

## આમંત્રણ

બાલ વાંચકોનાં આ માનીતા 'બાલજગત' વિભાગને ખીલવવા તમારૂં બાલભોગ્ય સાહિત્ય નીચેના સરનામે મોકલવા દરેક વાંચકોને ભાવ-ભર્યું આમંત્રણ છે.

સંપાદક : 'બાલજગત' (કલ્યાણ)
**નવિનચંદ્ર મગનલાલ શાહ.**
C/o. બીપીનચંદ્ર યોગેશકુમારની કું.
કાપડ બજાર, ભુજ (કચ્છ)

## સવાલ-જવાબ

શિઘ્રાતિશીઘ્ર કરવા યોગ્ય શું ?
સત્યકાર્ય.
સદા ત્યાગવા યોગ્ય શું ?
દુષ્કર્મ.
સદા યૌવનવંતી કોણ ?
તૃષ્ણા.
આદરવા યોગ્ય શું ?
સદ્‌ગુરૂ વચન.

## જ્યાં અને ત્યાં

જ્યાં સાધના ત્યાં સિદ્ધિ.
જ્યાં પ્રેમ ત્યાં પૂજા.
જ્યાં ભોગ ત્યાં રોગ.
જ્યાં ધૈર્ય ત્યાં ક્ષમા.
જ્યાં ક્રોધ ત્યાં હિંસા.
જ્યાં લોભ ત્યાં ચિંતા.

**શ્રી સુરેશ એમ. શાહ–સુંદ્રા.**

★

## પલટાતી વ્યાખ્યાઓ

વકીલ : સત્ય, અસત્યનો રૂપાન્તરકાર.
કવિ : જે તે જાય લવી તે કહેવાય કવી.
ખેડૂત : એકમાંથી અનેક કરનાર જાદુગર.
શરાબી : નર્કને સ્વર્ગ માનનાર પાગલ.
ક્રિકેટર : બોલ સાથે યુદ્ધ કરનાર સૈનિક.

## કહેવત જુની અને નવી

સંગ તેવો રંગ (જુની)
પક્ષ તેવી વાત (નવી)
સંપ ત્યાં જંપ (જુની)
તોફાન ત્યાં ટોળું (નવી)
બાપ તેવા બેટા (જુની)
પક્ષ તેવા નેતા (નવી)

## કોને શું વ્હાલું લાગે ?

શિક્ષકને શિક્ષણ.
વિદ્યાર્થીને રજા.
વૈદજીને દર્દી.
ઘરાકને ઉધાર.
નોકરને બોનસ.
વેપારીને કલદાર.

## ત્રણ ઘરેણાં

હાથની સોનાની ચૂડીઓ ગીરવે મૂકીને ...ણ્યા અતિથિનો સત્કાર કર્યો, ત્યાર પછી તો ભગવતીદેવીનો મોટો દિકરો ઇશ્વરચંદ્ર વિદ્યાસાગર ત્રણસો રૂપીયાનો પગારદાર સંસ્કૃત આચાર્ય બન્યો.

એક વખત ઇશ્વરચંદ્ર પૂછ્યું : મા! હવે ઘરેણા કરાવું ?'

દેવીએ જવાબ આપ્યો : 'હા, બેટા ! મારે માત્ર ત્રણ ઘરેણાં જોઈએ છે. દેશના છોકરા અજ્ઞાન ન રહે એટલા માટે એક ધર્માદાશાળા કાઢ, રોગથી પીડાતા લોકો માટે એક ધર્માદા દવાખાનું કાઢ ને ત્રીજું ગરીબો માટે ધર્માદા અન્નસત્ર સ્થાપ'!

**શ્રી નાનાલાલ કે. શાહ.**

★

## પંચમહાભૂતનાં વસ્ત્ર

શિયાળાના દિવસો હતા.

એક દિવસ કોઈ ધાર્મિક ભક્ત રમણ મહર્ષિની કુટિર પર આવ્યાં. રમણ મહર્ષિને ખુલ્લા શરીરે આમ તેમ ફરતા જોઇ ભક્તે પૂછયું : 'મહારાજશ્રી' આજે આટલી બધી સખ્ત ઠંડી છે, લોકો બબ્બે ગરમ કોટ પહેરીને પણ ઠંડી દૂર કરી શકતા નથી, ત્યારે આપ તો ખુલ્લા શરીરે ફરતા દેખાવ છો, શું આપને ઠંડી નથી લાગતી ?

મહર્ષિ રમણે હસતા હસતા જવાબ આપ્યો, 'ભાઇ, કેવી રીતે ઠંડી લાગે ! તમે લોકો તો ફક્ત બબ્બે કોટ પહેરો છો, પરંતુ મારા પર તો પંચમહાભૂતોનાં પાંચ–પાંચ વસ્ત્રો ઢંકાયેલાં રહે છે. પછી તો ઠંડી લાગવાનો સવાલ જ કયાં રહ્યો.' (રંગતરંગ)

## ગણિત ગમ્મત

તમે તમારા મિત્રને 'કલ્યાણ'નું કોઇપણ એક પાનું ધારવાનું કહો, તે પાનાની પહેલી નવ લાઈનોમાંથી કોઈપણ એક લાઇન ધારવાનું કહો.

હવે તે લાઇનનાં નવ શબ્દોમાંથી કોઈપણ એક શબ્દ ધારવાનું કહો. જે પાનું ધાર્યું હોય તેને દશ વડે ગુણવાનું (ગુણાકાર કરવાનું) કહો. તેમાં વીશ ઉમેરવાનું કહો. હવે જે લાઈન ધારી હોય તે રકમ ઉમેરી દો. જે સરવાળો થાય તેમાં પાંચ ઉમેરવાનું કહો, પછી દશ વડે ગુણવાનું કહો, પછી જેટલામો શબ્દ ધાર્યો હોય તે ઉમેરવાનું કહો. હવે જે કુલ રકમ આવે તેમાંથી ૨૫૦ (બસો પચાસ) બાદ કરવાનું કહો, અને જે જવાબ આવ્યો હોય તે પૂછી લો. જે જવાબ આવ્યો હોય તેનો પહેલો આંકડો તે પાનું, બીજો આંકડો તે લાઇન અને ત્રીજો આંકડો તે શબ્દ હશે. આ ગણિત ગમ્મત એક વખત જરૂર મોકો મળે તમારા મિત્રમંડળના ગ્રુપ પાસે કરશો. ખૂબજ મજા પડશે.

### હાજર જવાબી

એક વખત નેતાજી સુભાષબાબુને હાજર જવાબીની પરિક્ષા આપવાની હતી, એટલે તેઓ તેમના શિક્ષક પાછળ જઇ રહ્યા હતા, શિક્ષક દાદરો ચઢતા હતા અને પાછળ સુભાષબાબુ. તે અડધો દાદરો ચઢયા હશે ને એકદમ 'ઓચિંતા શિક્ષકે કહ્યું, સુભાષ! કહે જોઈએ તું કેટલા પગથિયાં ચઢયો છે?' તરત જ સુભાષબાબુએ જવાબ આપ્યો, 'સાહેબ, આપનાથી એક જ ઓછું.'

### પિતાની શિખામણ

દિકરીને પરણાવી. વિદાય વેળા આવી એટલે માએ દિકરીને જાત જાતની શિખામણ આપી ને પછી પોતાના પતિ તરફ ફરીને કહ્યું: 'તમે પણ બેબીને કંઇક સદ્ ઉપદેશની શિખામણ કહો.'

અને આના જવાબમાં પિતાએ દિકરીને બધા સાંભળે તેમ શિખામણ આપી; બહુ જ ટુંકી. 'બેટી! તારી મા જેવી ન બનજે.'

## ત્રણની ખુબી

દર્શનનાં પ્રકાર ત્રણ છે : ચિત્ત, સ્વપ્ન અને સાક્ષાત.
માનવતાનાં પ્રકાર ત્રણ છે : શાણો, અજ્ઞાન અને જડ.
સ્રીની જાતિ ત્રણ છે : મુગ્ધા, મધ્યા અને પ્રૌઢા.
વસ્તુનાં મૂળ રૂપ ત્રણ છે : નક્કર, પ્રવાહી અને હવાઇ.
સાધનાના પ્રકાર ત્રણ છે : કર્મ, જ્ઞાન અને ભક્તિ.
ખરા સ્વમાની ત્રણ છે : સિંહ, શૂરવીર અને હાથી.
જનોઇ ત્રણ જણ બાંધે છે : બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય.

## બેની ખુબી

સંસારનો માર્ગ કાપનાર બે છે : નિશ્ચય અને વ્યવહાર.
શાસ્ત્ર જ્ઞાનનાં પગથિયાં બે છે : વાદાત્મક અને સિદ્ધાંત.
પચ્ચખાણથી બે પ્રાપ્ત થાય છે : સંયમ અને ત્યાગ.
માનવી માટે બે ગુણ જરૂરી છે : કૃતજ્ઞતા અને નમ્રતા.
શ્રી આગમગ્રંથો બે પ્રકારના છે : કાલિક અને ઉત્કાલિક.
અસાર સંસારમાં સનાતન બે છે : જન્મવું અને મરવું.

શ્રી "સારથિ"

# મંત્ર પ્રભાવ

'કલ્યાણ' માટે ખાસ ઐતિહાસિક ચાલુ વાર્તા

લેખક: વૈદ્યરાજ શ્રી મોહનલાલ ચુનીલાલ ધામી

**પૂર્વ પરિચય :** ઢીંપુરીનો યુવરાજ વંકચૂલ પોતાના પરિવાર સાથે દેશનિકાલની શિક્ષાને ભોગવવા પ્રયાણ કરીને વનમાં આવે છે. ત્યાં સિંહગુહાપલ્લીમાં પલ્લીપતિ સરદારના મૃત્યુ પછી પલ્લીપતિની નિમણુકની પરીક્ષામાં શ્રી નવકાર મંત્રના પ્રભાવે વંકચૂલ સફલ બને છે ને પલ્લીપતિ નીમાય છે. પલ્લીપતિ તરીકેની નિમણુક બાદ તે પલ્લીવાસીઓના જીવન વ્યવહારમાં નવા નિયમો દાખલ કરે છે. પલ્લીની પાસેથી નીકળતાને લૂંટવા નહિ. સ્ત્રીને લૂંટવી નહિ, કોઇનું ખૂન કરવું નહિ. ને પોતે મદ્યપાનનો ત્યાગ કર્યો તેમજ તેમના સાથીઓને પણ ત્યાગ કરાવ્યો, ચોરી કરવા માટે મર્યાદિત માણસોને લઈને જવાનુ. નક્કી કર્યું, ને કેટલાયે માણસોને ખેતીના વ્યવસાયમાં જોડી દીધા, એક દિવસે નજીકના નગરમાં ચોરી કરવા જવાની યોજના તેઓ નક્કી કરે છે.

**હવે વાંચો આગળ :**

⊙

## પ્રકરણ ૯ મું.
## પહેલી ચોરી !

સિંહગુહાપલ્લીથી શ્રીરામપુરનગર લગભગ બાવીશ કોશ દૂર હતું. શ્રીરામપુર મધ્યમ નગર હતું. દસેક હજારની વસ્તી હતી, પરંતુ આસપાસના સોએક ગામના હટાણાનું મથક હોવાથી તે સમૃદ્ધ અને સુખી હતું.

વંકચૂલ પોતાના ચાર સાથીઓ સાથે આ નગરીમાં આવી ગયો હતો અને છેલ્લા બે દિવસથી પોતે એક પાંથશાળામાં ઉતરીને કોના ઘેર ચોરી કરવી તે અંગેની જાત માહિતી મેળવી રહ્યો હતો.

સાગરને આ રીતે ચોરી કરવી એ એક પ્રકારની ન સમજાય એવી વાત લાગતી હતી કારણ કે આજસુધી તેણે જેટલી ચોરીઓ કરી હતી તે મોટે ભાગે નાના ગામડાંઓમાં અથવા તો રાહદારીઓની લૂંટ દ્વારા જ કરી હતી.

જ્યારે વંકચૂલે સાગરને ચોરીનું વિજ્ઞાન સમજાવતાં કહ્યું હતું કે: 'નાની કે યોજના વગરની ચોરી એ એક પ્રકારની નાદાન રમત છે. એમાં બુદ્ધિનો કોઇ ઉપયોગ નથી. માત્ર જે કાંઈ હાથમાં આવે તે લઇને ભાગી છૂટવાનું હોય છે. આ જાતની ચોરી એ કદી આપણને બેપાનડે ન થવા દે. આપણે ધૈર્ય પૂર્વક, કોઇ શ્રીમંતના ઘરમાં ચોરી કરવા માગીએ છીએ. જેથી પુષ્કળ ધન મળે અને આપણા ગામને સમૃદ્ધ કરી શકીએ. જે મહેનત નાની ચોરી પાછળ કરવાની હોય છે, તે જ મહેનત મોટી ચોરી પાછળ પણ કરવાની હોય છે. તો પછી નાની ચોરીમાં શા માટે સમય અને શક્તિ વેડફી નાખવાં જોઇએ ?'

વંકચૂલની સાથે આવેલા તેના મિત્રો તો આ વાત જાણતા જ હતા પણ સાગર માટે આ વાત સાવ નવી હતી. વળી ચોરી કરવામાં કોઇનું ખૂન ન થાય તે કાળજી રાખવાની હતી, સાગર માટે આ રીત સાવ નવી હતી.

ત્રણ દિવસની જાત તપાસ પછી વંકચૂલે પોતાના ચારે ય સાથીઓને કહ્યું: 'આજ રાતે આપણે આપણું કામ કરવાનું છે.'

'પણ ક્યાં ?'

'આ નગરીમાં ગોવિંદચંદ્ર નામનો એક અતિ શ્રીમંત સાર્થવાહ રહે છે. એનું ભવન ઘણું જ મજાનું છે. દસબાર ચોકિયાતો રાતદિવસ ચોકી પહેરો ભરતા હોય છે. એનો ધનભંડાર ભવનના રહેણાકના વચલા ઓરડામાં આવેલો છે. આ ઓરડાની પછીતવાળો ભાગ રાજમાર્ગની એક ગલ્લીમાં પડે છે. આપણે આ પછીતમાં કાણું પાડીને અંદર જવાનું છે અને કિંમતી માલ ઉઠાવવાનો છે.'

સાગરે કહ્યું : 'પરંતુ આપને આ માહિતી કેવી રીતે મળી ?'

'આજ સવારે હું ગોવિંદચંદ્ર શેઠને મળવા ગયો હતો, એના ભવનની બરાબર તપાસ પણ કરી હતી અને આ હકિકત મેળવી શકયો હતો.' વંકચૂલે કહ્યું.

'એનો ધનભંડાર રહેણાકના વચલા ખંડમાં છે એ આપે નજરે જોયું ?'

'ના...નજરે જોવાની કોઇ જરૂર ન લાગી. ચોરની દૃષ્ટિ પત્થરની દિવાલો ભેદીને એની પાછળ શું હોય છે તે તરત જાણી લ્યે છે. મારા અનુમાનમાં કદી ફેરફાર નહિ થાય. હવે આજ રીતે ચોરી કેવી રીતે કરવી તે હું તમને સમજાવું.'

ચારેય સાથીઓ વંકચૂલ સામે સ્થિર નજરે જોતા બેસી રહ્યા.

વંકચૂલે કહ્યું : 'મિત્રો, દિવાલમાં કયે સ્થળે ફાંકુ પાડવું એ મેં નક્કી કરી લીધું છે અને નિશાની પણ રાખી છે. આજરાતે મધરાત પછી આપણે છૂટા છૂટા બનીને ગોવિંદચંદ્રના ભવનની પાછલી ગલ્લીમાં જવાનું છે. પાછલી ગલ્લીમાંથી સહેજે કુદીને અંદર જઇ શકાય છે ભવનની દિવાલ માત્ર દસ ગજ દૂર છે. ગલ્લી પાસે ભવનની પાકી વાડની દિવાલ છે...દસ ગજના ગાળામાં કેટલાંક વૃક્ષો, છોડવાઓ વગેરે છે. ભવન ફરતા ઉપવનનો એ એક સાંકડો ભાગ છે. અંદર ગયા પછી બે સાથીઓએ છૂપાઇને બહાર રહેવાનું છે, બે એ મારી સાથે આવવાનું છે. પછીતમાં બાકોરૂં પાડતાં જરાય સમય નહિં લાગે. અંદર દાખલ થયા પછી શું લેવું ને શું ન લેવું તે મારે જોઇ લેવાનું છે.'

'આપણા અશ્વો ?'

'માલ ઉપડાવ્યા પછી આપણે ઉતાવળ કરીને ભાગવાનું નથી. સીધા પાંથશાળામાં આવીને વિદાય થવાનું છે. જતાં પહેલાં આપણે વિદાયની તૈયારી કરી લીધી હશે.' વંકચૂલે કહ્યું.

આ યોજનામાં સહુ સહમત થયા.

સંધ્યા પછી વંકચૂલ પોતાના બધા સાથીઓ સાથે પાંથશાળામાંથી બહાર નીકળી ગયો. પાંથશાળાના સંચાલકને કહ્યું હતું કે, 'અમે બધા નૃત્ય જોવા જઇએ છીએ...રાતે મોડા આવશું.'

પાંથશાળાનો સંચાલક આ મહેમાનો પ્રત્યે ખૂબજ પ્રસન્ન હતો. કારણ કે વંકચૂલે પાંચ સુવર્ણ મુદ્રાઓ ભેટ આપી હતી.

પાંચેય સાથીઓ ફરતાં ફરતાં નગરીની એક પ્રખ્યાત નર્તકીને ત્યાં ગયા...પણ કમનશિબે આજ નૃત્યનો કાર્યક્રમ નહોતો.

એટલે પાંચે ય મિત્રો ગણિકાવાસમાં ગયા. ગમે તેટલો સમય પસાર કરવા માટે ગણિકાનું ભવન સર્વ માટે ખુલ્લું રહેતું હોય છે.

આ લોકોને તો માત્ર સમય વ્યતિત કરવો હતો. રાત્રિનો બીજો પ્રહર પુરો થાય એ પહેલાં જ પાંચેય મિત્રો યથાસ્થાને જવા નીકળી ગયા.

આ નગરીમાં ત્રણ દિવસ રહીને વંકચૂલે માર્ગની સઘળી માહિતી મેળવી લીધી હતી.

સહુ ગોવિંદચંદ્રની હવેલીના પાછલા ભાગમાં ગયા.

વંકચૂલની યોજના બરાબર હતી. સાગરે જોયું, ગલ્લી સાવ નીરવ ને શાંત છે. ભવન ફરતા ઉપવનની દિવાલ પણ એવી છે કે સહેલાઇથી કુદી શકાય.

સહુથી પ્રથમ વંકચૂલ દિવાલ કુદીને અંદર દાખલ થયો. તેની પાછળ બે સાથીઓ ગયા. બીજા બે સાથીઓ પણ પાછળથી કુદ્યા અને વંકચૂલે બતાવેલા સ્થાને છૂપાઇ ને ઉભા રહ્યા. બંનેની જવાબદારી કોઇ આવે તો સાવધાનીનો સંકેત કરવાની હતી.

વંકચૂલે આસપાસ દૃષ્ટિ કરી. નીરવતા હતી, શાંતિ હતી...ચોકિયાતો મોટે ભાગે આગળનાં દરવાજે જ રહેતા હતા અને પ્રહર પુરો થાય ત્યારે બે માણસો ભવન ફરતું એક ચક્કર લગાવી જતા.

( જુઓ અનુસંધાન પાન ૫૫૯ )

# રામાયણની રત્નપ્રભા

શ્રી પ્રિયદર્શન

[ 'કલ્યાણ' માટે ખાસ ઐતિહાસિક ચાલુ વાર્તા ]

**પૂર્વ પરિચય :** અંજના પ્રત્યે દુર્ભાવને ધારણ કરીને પવનંજયે ૨૨-૨૨ વર્ષથી તેની સામે જોયું પણ નથી. તે પવનંજય લંકાપતિ રાવણના કાર્ય માટે યુદ્ધ કરવા નીકળેલ છે, વચ્ચે માનસ સરોવર આગલી રાત્રે મુકામ કરેલ છે. ત્યાં ચક્રવાક તથા ચક્રવાકીના યુગલના વિરહને જોઇને પવનંજયને અંજના યાદ આવે છે, અંજનાનો અશુભોદય પૂર્ણ થાય છે, ને પોતાનાં મિત્ર પ્રહસિતની સાથે અંજનાને મળવા માટે રાતોરાત વિદ્યાથી આકાશ માર્ગે આદિત્યપુર તરફ પ્રયાણ કરે છે, હવે ત્યાં અંજનાને કઈ રીતે મળે છે? બન્ને કઇ રીતે વાર્તાલાપ કરે છે? અંજના કેટ-કેટલી ઉદાર હૃદયી છે, ને પવનંજય લઘુતાપૂર્વક પોતાની ભૂલ માટે કઈ રીતે પશ્ચાતાપ કરે છે? અંજનાને ગર્ભ રહે છે ને તેની સાસુ કેતુમતી અંજના માટે કેવો ઉત્પાત જગાડે છે? તે અંજનાનાં ભાગ્યની વિટંબના આ પ્રકરણમાં તમને જાણવા મળશે !

## ખંડ [ ૨ ]

### ૪ : દૈવની વિટંબણા

મિત્ર પ્રહસિતને સાથે લઇ પવનંજય આકાશ માર્ગે આદિત્યપુરના ઉદ્યાનમાં પહોંચ્યો. વિમાનને ત્યાંજ મૂકી બંને મિત્રો અંજનાના મહેલે આવ્યા.

'આપણે કોઇ ન જાણે એ રીતે અંજનાના ઓરડા પાસે પહોંચી જવાનું છે' પ્રહસિતે ખૂબ જ ધીમા અવાજે પવનંજયનાં કાનમાં કહ્યું.

'પણ હવે આપણે છૂપાઇ છૂપાઇને જવાની શી જરૂર છે?' પવનંજયને પ્રહસિતની વાત ન ગમી.

'મારે તને પ્રતીતિ કરાવવી છે કે અંજનાના હૃદયસિંહાસને તારા સિવાય કોઈજ નથી...તારી ગેરહાજરીમાં એ સિંહાસન બાવીસ બાવીસ વર્ષ સુધી સુનું જ રહ્યું છે....' પવનંજયના ઉત્તરની અપેક્ષા રાખ્યા વિના પ્રહસિતે પવનંજયનો હાથ પકડી આગળ વધવા માંડયું.

સાતમે મજલે, રાજમાર્ગ પર પડતા આગળના ભાગમાં ધીમા ધીમા દીપકો જલી રહ્યા હતા, એ ઉપરથી બંનેએ અનુમાન કર્યું છે, અંજના ત્યાં જ હોવી જોઇએ.

બંને વિદ્યાધર કુમારો હતા ! એ તો વિદ્યા-શકિતથી સીધા જ સાતમા માળે પહોંચી ગયા. ઓરડાના દરવાજા લગભગ બંધ જેવા હતા, છતાં ય અંદરથી બંધ કરેલા ન હતા, બલકે બારણાની તીરાડમાંથી જોઇ શકાય એમ હતું કે અંદર કોણ કોણ બેઠું છે. એટલું જ નહિ પરંતુ અંદરમાં ચાલી રહેલો વાર્તાલાપ પણ બહુ સ્પષ્ટ શબ્દોમાં સંભળાતો હતો.

'તું આમ કયાં સુધી રડયા કરીશ, અંજના?' પાણી વિના જેમ માછલી તરફડે તેમ પલંગમાં તરફડી રહેલી અને કરુણ કલ્પાંત કરી રહેલી અંજનાનું માથું પોતાના ઉત્સંગમાં લઇને સખી વસંતતિલકા આંસુભીની આંખે અંજનાને આશ્વાસન આપી રહી હતી.

'મારૂં દુર્ભાગ્ય હદ વટાવી રહ્યું છે... મારાથી હવે સહન થઇ શકતું નથી...મારૂં હૃદય હવે મારા કાબુ બહાર....' અંજના ધ્રૂસકે ધ્રૂસકે રડી પડી.

'તું રડ નહિ, ધૈર્યને ધારણ કર. શું દુઃખ પછી

સુખ આવતું જ નથી ? સુખ પછી જો દુઃખ આવ્યું છે તો દુઃખ પછી સુખ આવશે જ...' અંજનાના માથા પર હાથ પંપાળતી વસંતાએ પુનઃ આશ્વાસન આપતાં કહ્યું.

અંજનાનું રૂદન અટકી ગયું. શૂન્યમનસ્ક બનીને... ભીંત સામે રૂક્ષ દૃષ્ટિ માંડીને તે પડી રહી.

પ્રહસિતનું હૈયું દ્રવી ઉઠયું. તેણે દ્વાર ઉઘાડીને ઓરડામાં પ્રવેશ કર્યો. તુરત જ ભીંત પર એનો પડછાયો પડયો....પુરુષની આકૃતિ જોઇ અંજના ચોંકી ઉઠી.... 'અચાનક કોઇ વ્યંતરની જેમ કોણ આવી ચઢયું ?' ભયની એક છૂપી કંપારી તેના શરીરમાંથી પસાર થઇ ગઇ પરંતુ તુરત જ બીજી ક્ષણે તેણે ધૈર્ય ધારણ કરી લીધું; અને એ વીરાંગનાએ ત્રાડ પાડી.

'કોણ છે તું ? નિકળી જા બહાર. પરસ્ત્રીના આવાસમાં એક ક્ષણવાર પણ ન ઉભો રહીશ.... અરે વસન્તા, આ ધૃષ્ટના બાવડાં પકડીને એને ફેંકી દે....એનું મોં પણ જોવા હું રાજી નથી...તું શું જોઇ રહી છે ? મારા મકાનમાં પવનંજય શિવાય કોઇને ય પ્રવેશવાનો અધિકાર નથી...'

પ્રહસિતે એ મહાસતીને વંદના કરીને કહ્યું ;

'સ્વામિની ! આપનું કુશળ હો...હું પવનંજયનો મિત્ર પ્રહસિત છું....અને પવનંજયની સાથે હું અહીં આવ્યો છું. આપને પવનંજયના શુભ આગમનના સમાચાર આપું છું...'

ભીંત સામે જ દૃષ્ટિ રાખી...અનિમેષ નયને અને દુઃખિત સ્વરે અંજના બોલી:

'પ્રહસિત...આ સમય શું મારી હાંસી કરવાનો છે ? કર્મોએ તો મારી ક્રૂર હાંસી કરી છે....તું પણ શું મારી હાંસી કરવા આવ્યો છે ? પરંતુ એમાં તારો ય દોષ નથી...મારાં પૂર્વકર્મ જ એવાં નિર્દય અને ક્રૂર છે...નહિતર ભલા કુલીન...ગુણવંત, એવા એ મારો ત્યાગ કરે ખરા ?...

કોરી આંખોમાં ઉનાં ઉનાં આંસુ ઉભરાયાં....

'લગ્નના દિવસથી જ તેમણે મારો ત્યાગ કર્યો... આજે બાવીસ બાવીસ વરસનાં વ્હાણાં વાયાં....છતાં હું પાપિણી હજુ જીવી રહી છું....'

પ્રહસિતે પોતાની આંખને વસ્ત્રના છેડાથી લુંછી. દ્વાર આગળ ઉભેલા પવનંજયની આંખમાંથી ચોધાર આંસુ વરસવાં લાગ્યાં. વસંતાએ ખોળામાં માથું દાબીને રડી લીધું ...

પવનંજયે ઝડપથી આવાસમાં પ્રવેશ કર્યો. પ્રહસિતની આગળ ઉભા રહી ગદ્‌ગદ્ સ્વરે તે બોલ્યો :

'દેવી,...તું નિર્દોષ છે....નિષ્કલંક છે...મેં અભિમાનીએ..અજ્ઞાનીએ તારા પર આરોપ મૂકી તારો ત્યાગ કર્યો...મારા પાપે તું આવી મોતનાં મુખમાં ફેંકાઇ જવા જેવી ઘોર કદર્થના પામી છે....'

સાથેસાથ જ પવનંજયને આવેલી જાણી લજ્જાથી તુરત જ તે પલંગની ઇસ પકડીને ઉભી થઇ ગઈ અને નત મસ્તકે તેણે પવનંજયને પ્રણામ કર્યાં.

પવનંજયે અંજનાને પલંગ પર બેસાડી પોતે બાજુમાં બેઠો.

'દેવી...મારો અપરાધ ક્ષમા કર. મારી બુદ્ધિ ઘણી શુદ્ર છે. તું નિરપરાધી હોવા છતાં મેં તને દુઃખીદુઃખી કરી દીધી છે....' પવનંજયે અંજનાના નિર્દોષ નયનોમાં પોતાની આંખો મીલાવી પોતાના અપરાધની ક્ષમાયાચના કરી.

અંજનાએ પવનંજયના મુખ આગળ પોતાનો હાથ ધરી દીધો અને કહ્યું : 'સ્વામીનાથ ! આવું ન બોલો. આવું બોલીને મને દુઃખી ન કરો. હું તો આપની સદૈવ દાસી છું....એક ચરણની રજ સમાન દાસીની આગળ ક્ષમાયાચન ન હોય નાથ...'

આવાસમાં મૌન પથરાયું.

પ્રહસિત અને વસંતતિલકા આવાસની બહાર નીકળી ગયાં.

દુઃખની કાજળશ્યામ રાતડી વીતી ગઇ. સુખનું ખૂશનુમા પ્રભાત પ્રગટી ગયું. અંજનાનું હૃદય પ્રફુલ્લિત બની ગયું. બાવીસ બાવીસ વર્ષ સુધી સીતમ પર સીતમ સહન કરીને ભગ્ન-ખંડિયેર બની ગયેલી તેની કાયાને પુનઃ નવસર્જનની પળ લાધી ગઇ.

પણ આ વિજળીનો ઝબુકો હતો....એ વિજળીના ઝબુકામાં અંજનાએ દાંપત્યસુખને ભોગવી લીધું...

રાત્રીના છેલ્લા પ્રહરે પવનંજયે અંજનાની અનુજ્ઞા માગી.

'યુદ્ધ માટે જવું પડશે, દેવી...નહિતર પિતાજી....'

'પરંતુ....'

'તું ચિંતા ન કર. સખીઓની સાથે તું સુખપૂર્વક રહેજે. હું લંકાપતિનું કાર્ય પતાવીને વિના વિલંબે આવી જઇશ.'

'સ્વામીનાથ! આપ પરાક્રમી છો, વીર છો. એ કાર્ય આપને સિદ્ધ જ છે. આપ જો મને જીવતી જોવા ઇચ્છતા હો તો શીઘ્ર પાછા આવશો.'

'એવી તારે શંકા ન કરવી....'

'હું પ્રયોજનપૂર્વક જ કહું છું. કારણ કે આજે જ હું ઋતુસ્નાતા છું. મને ગર્ભ રહ્યાનો ભાસ થાય છે. હવે જો સમયસર આપ ન આવો તો આ જગતમાં મારી દશા શું થાય?'

'તારી વાત સાચી છે પ્રિયે, પરંતુ હું શીઘ્રતાથી આવીશ અને મારા આવ્યા પછી તો એવા તુચ્છ અને ક્ષુદ્ર માણસોની તાકાત છે કે જે તારી સામે આંગળી પણ ચીંધી શકે?'

પવનંજયે આશ્વાસન આપવા છતાં જોયું કે અંજનાનાં ચિત્તને સમાધાન નથી થયું. તેથી તેણે પોતાની અંગુલી પરથી પોતાના નામથી અંકિત વીંટી કાઢીને અંજનાને આપી; અને કહ્યું: 'નથી ને કદાચ કોઇ એવી પરિસ્થિતિ સર્જાય તો આ મારા આગમનનું સૂચન કરતી મુદ્રિકા તું પ્રગટ કરજે; કે જેથી તારા પર કોઇપણ જાતનું કલંક નહિ આવે.'

અંજનાનાં ચિત્તનું કાંઇક સમાધાન થયું. એનાં હૃદયમાં તો ભાવિ ભયના ભણકારા વાગી રહ્યા હતા, પણ શું કરે? પવનંજયને ગયા વિના ચાલે એમ જ ન હતું. વીંટી આપીને પવનંજયે વિદાય લીધી.

પ્રહસિતની સાથે પવનંજય ઉદ્યાનમાં આવ્યો. વિમાનમાં બેસી બંને મિત્રો પ્રભાત થતામાં તો માનસરોવરના તીરે આવી પહોંચ્યા.

પતિના મધુર મિલનની રાત અંજના માટે જાણે એક સ્વપ્ન બની ગયું. અંજનાએ ગર્ભ ધારણ કર્યો. જેમ જેમ દિવસો વીતતા જાય છે તેમ તેમ અંજનાનું સૌન્દર્ય ખીલતું જાય છે. શરીરના પ્રત્યેક અવયવો વિકસ્વર બનતા જાય છે. જોતજોતામાં તો ગર્ભવંતી સ્ત્રીનાં ચિહ્નો તેના શરીર પર દેખાવા લાગ્યાં.

નગરમાં કે મહેલમાં કોણ જાણે છે કે પવનંજયનું અને અંજનાનું મીલન થયું છે? વર્ષોથી અંજના પવનંજય દ્વારા ત્યજાયેલી છે, એ વાત જ લોકો જાણે છે અને રાજમહેલ જાણે છે.

વાતને વહેતાં શી વાર! દાસીઓ દ્વારા પવનંજયની માતા કેતુમતીના કાને વાત પહોંચી કે અંજના ગર્ભવંતી છે. તે ચોંકી ઉઠી. તેના ચિત્તમાંથી અનેક ભયંકર વિચારણાઓ પસાર થઇ ગઇ. વાત સાંભળતાંની સાથે જ તે દોડીને અંજનાના મહેલે આવી. સખી વસંતતિલકાની સાથે અંજના નિર્દોષ આનંદ વિનોદ કરતી હતી ત્યાં તો કેતુમતીનો કઠોર સ્વર એના કાને અથડાયો. કેતુમતી મહેલની પરિચારિકાને પૂછી રહી હતી.

'કયાં છે એ સતી અંજના?' સાસુનો અવાજ સાંભળતાં જ અંજના ધીમેથી બહાર આવી અને કેતુમતીને પ્રણામ કર્યાં. કેતુમતી તો ફાટેલા ડોળે અંજનાના શરીરને જોઇ જ રહી. તેનો રોષ ભભૂકી ઉઠયો.

'અરે, તેં આ કેવું કાળું કામ કર્યું? તેં તારા બાપનું અને મારૂં, બંને કુળને કલંક લગાડયું....' રાડ પાડીને કેતુમતી બોલી.

'પણ માતાજી સાંભળો તો...'

'શું સાંભળું તારૂં કપાળ? તારાં કાળાં કૃત્ય મારે નથી સાંભળવાં. બાવીસ બાવીસ વર્ષથી મારા પુત્રે તારી સામે પણ નથી જોયું અને તને આ ગર્ભ રહ્યો કોનાથી?'

'માતાજી...' અંજનાનું હૈયું ભરાઇ આવ્યું...

'કુલટા, આજે જાણ્યું કે તું જ આવી છો. અત્યારલગી હું તને પવિત્ર ધારતી હતી અને મારા પુત્રનો દોષ જોતી હતી....'

'હું નિર્દોષ છું. મારો જરાય દોષ નથી.... તમારા પુત્ર જે દિવસે લંકા તરફ પ્રયાણ કરી ગયા એજ દિવસે રાત્રે પાછા આવ્યા હતા....' અંજનાએ એકીશ્વાસે કહી નાંખ્યું.

'હા, માતાજી હું પણ ત્યારે હાજર જ હતી.' વસંતતિલકા પોતાની સ્વામિનીના વહારે ધાઈ.

'બેસ બેસ, બહુ શાણી થા મા. ચોરનો ભાઇ ઘંટીચોર. તે જોડે રહીને શા શા ધંધા કર્યા છે, તે હવે અજાણ્યું નથી, સમજી?' કેતુમતીએ વસંતતિલકાને પણ ઉધડી લઇ નાંખી.

'પણ હું તેમના આગમનની સાબિતી આપું તો?

'ઓ હો, જો ને મોટી સાબિતી આપવા નિકળી પડી છે....બતાવ, શું છે સાબિતી?'

અંજનાએ પતિની આપેલી પતિના નામથી અંકિત વીંટી કેતુમતીને આપી.

'કુલટા સ્ત્રીઓ બીજાને છેતરવામાં પણ પાવરધી હોય છે. મારો પુત્ર તને નજરે પણ જોવા નહોતો ઇચ્છતો, તેનો વળી તારી સાથે સંગમ શાનો? તારી શાહુકારી મારે નથી સાંભળવી....'

કેતુમતીનો મોટો અવાજ સાંભળી મહેલની દાસીઓ ભેગી થઇ ગઈ.

'અત્યારે ને અત્યારે મારા ઘરમાંથી નિકળી જા. જા તારા બાપના ઘેર. તારા સ્વચ્છંદાચાર અહીં નહિ નભે. સ્વચ્છંદાચારીઓ માટે મારું ઘર નથી....'

જાણે આભ તૂટી પડ્યું. ક્રૂર પ્રહારો અને ધિક્કારોને અંજનાનું કમલ-કોમળ હૃદય ક્યાં સહી શકે? અંજના ભૂમિ પર ફસડાઈ પડી. પાછળ જ ઉભેલી વસંતતિલકાએ અંજનાને ઝીલી લીધી. શીતળ પાણીનો છંટકાવ કરી, પંખાથી વાયુ નાંખી અંજનાને ભાનમાં લાવી. પરંતુ અંજનાને આજે દુનિયા ફરતી લાગે છે. તેની આંખોમાંથી આંસુની ધારાઓ વહે છે...કરુણ કલ્પાંત કરતી અંજના પતિને સાદ દે છે.

'હે નાથ, તમે ક્યારે આવશો? તમને મેં જતાં જ કહ્યું હતું. મારું હૈયું તમને ન જવા દેવા માટે જ કહેતું હતું....પરંતુ તમે શીઘ્ર પાછા આવવાની શરતે ગયા....હજુ આવ્યા નહિ....મારી આ દુર્દશા તમારા સિવાય કોણ નિવારશે?....'

કેતુમતી તો કલ્પાંત કરતી અંજનાને પડતી મૂકીને સીધી પહોંચી રાજા પ્રહ્‌લાદ પાસે.

કેતુમતીનો ક્રોધથી રાતોચોળ ચહેરો જોઇ રાજા પ્રહ્‌લાદે વિસ્મયથી પૂછ્યું: 'કેમ શું થયું? આટલો બધો....'

'કુળને આગ ચંપાઇ ગઇ છે...બાજુમાં પડેલા ભદ્રાસન પર બેસતાં કેતુમતીએ કહ્યું.

'ન સમજાયું.'

'અંજનાએ આજે પોતાનું પોત પ્રકાશ્યું. આજ દિન સુધી આપણે અંજનાને નિર્દોષ...નિરપરાધી માનતાં હતાં....પરંતુ જાત કજાત નિકળી.... તેને ગર્ભ રહ્યો છે....'

'હેં? ખોટું....તદ્દન ખોટું....' પ્રહ્‌લાદ સિંહાસન પરથી ઉભા થઇ ગયા. કેતુમતીની વાતનો માથે વિજળી પડ્યા જેટલો આંચકો લાગ્યો. તેના માન્યામાં આ વાત ન આવી. રાજા મહેન્દ્રની પુત્રી અને પોતાની પુત્રવધુ કદી પણ અધમ કૃત્ય ન કરે, એમ એનું મન બોલી ઉઠ્યું.

'હું નજરે જોઈને આવું છું....તે ગર્ભવંતી થઇ છે. અને કહે છે કે તમારા પુત્રથી જ હું ગર્ભવંતી થઇ છું! પણ મારા લાડિલાએ તો એ કુલટાનુ મોં પણ જોયું નથી....મોં જોવા ય એ રાજી ન હતો....અને એનાથી એને ગર્ભ રહે? વળી ધુતારણ કેવી છે! પવનંજયના નામની મને વીંટી દેખાડી.......'

રાજા પ્રહ્‌લાદ ઉંડા વિચારમાં ગરકાવ થઇ ગયો. બાવીસ બાવીસ વર્ષ સુધી....કોઇ દિ' અંજના માટે એણે અજુગતું સાંભળ્યું નથી કે જોયું નથી....એ અંજના માટે આજે જ્યારે ખૂદ કેતુમતીને ફરિયાદ કરતી આવેલી જોઇ પ્રહ્‌લાદના ચિત્તમાં ખળભળાટ મચી ગયો.

'તમે શું વિચાર કરો છો. એવી કુલટાઓ આપણા ઘેર ન જોઇએ. એને એના બાપના ઘેર તગેડી મૂકો. મેં તો એને ચાલી જવા કહી દીધું છે....' કેતુમતીનો આવેશ વધતો જાય છે.

'એમ પુરી ચોકસાઇ કર્યા વિના આપણાથી એને કાઢી ન મૂકાય. રાજા મહેન્દ્ર સાથેના મારા સંબંધનો વિચાર કરવો જોઇએ. કોઇપણ જીવને અન્યાય ન થઇ જાય તેની આપણે જવાબદારી સમજવી જોઇએ.'

પ્રહ્લાદે એક સુજ્ઞ અને ઠરેલ રાજવી તરીકે વાણી ઉચ્ચારી.

'તું નિશ્ચિંત રહે. ઘટતું તમામ કરું છું.' કેતુમતીને સમજાવી વિદાય કરી અને પ્રહ્લાદે પ્રતિહારીને હાક મારી. સ્વામીનો અવાજ આવતાં પ્રતિહારીએ આવીને નમન કર્યું.

'મહામંત્રી શીલરત્નને બોલાવી લાવો.' રાજાએ મહામંત્રીને બોલાવી લાવવા આજ્ઞા કરી. પ્રતિહારી પુનઃ નમન કરી બહાર નિકળી ગયો.

સમાચાર મળતાં જ મહામંત્રી રાજમહાલયમાં આવી પહોંચ્યા. રાજા પ્રહ્લાદે મહામંત્રીને આસન આપ્યું :

'મહારાજા ! કેમ કંઇ અચાનક સેવકને યાદ કરવો પડયો ?'

'મહામંત્રી, એક ગંભીર ઘટના બની ગઇ છે....'

મહામંત્રી મૌન રહ્યા.

'અંજના ગર્ભવંતી બની છે. કેતુમતી નજરે જોઇને આવી.' રાજાએ વાતની ગંભીરતા બતાવી.

'પછી, આપે શું વિચાર્યું ?' જરા ય ચમકયા વિના મંત્રીએ પૂછયું.

'મને તો કંઇ સુઝ પડતી નથી.... અંજનાની પવિત્રતા વિષે હજુ મારા મનમાં શંકા ઉઠતી નથી. જ્યારે બીજીબાજુ અંજના ગર્ભવંતી બની છે. એ વાત એટલીજ સાચી છે. આપણે સૌ કોઇ જાણીએ છીએ કે બાવીસ વર્ષથી પવનંજય અંજનાની સામે પણ જોતા નથી, તો પછી આ ગર્ભ કોનાથી રહ્યો ?' રાજાએ પોતાની મુંઝવણ બતાવી.

'અંજના આ અંગે શું ખુલાસો કરે છે. તે આપે જાણ્યું ?' મંત્રીએ સર્વાંગીણ માહિતી મેળવવા બીજો પ્રશ્ન પૂછયો.

કેતુમતીની આગળ તો તેણે કહ્યું કે જે દિવસે પવનંજયે લંકા તરફ પ્રયાણ કર્યું એજ રાતે તે અંજના પાસે પાછો આવેલો અને એક રાત તેની સાથે પસાર કરી, એના નામની મુદ્રિકા આપી, તે પાછો ગયો.... અને પોતાને ગર્ભ રહ્યો....'

મહામંત્રી વિચારમાં પડી ગયા. બાવીસ બાવીસ વર્ષના ગાળામાં મહામંત્રીએ અંજનાના સતીત્વ વિષે ઘણું સાંભળ્યું છે. પવનંજયે એનો ત્યાગ કર્યો હોવા છતાં કદીપણ અંજનાના મોઢે પવનંજય માટે કોઇ અયોગ્ય વાત સાંભળી નથી. પવનંજયની ગેરહાજરીમાં અંજના પોતાના શીલનાં કેવાં ઉગ્ર જતન કરે છે, તે વાત પણ આખું નગર જાણે છે. એવું એક સ્ત્રી રત્ન આજે કલંકિત બની રહ્યું છે, એ વિચારે મહામંત્રી ક્ષણભર સ્તબ્ધ બની ગયા.

વળી તેમણે વિચાર્યું: 'શું મનુષ્યના જીવનમાં ભૂલ થઇ જવી સંભવિત નથી ? સાગર તરીને કિનારે આવતાં મનુષ્ય ડૂબી નથી જતો ? એમ ભલે બાવીસ વર્ષ સુધી અંજનાએ પોતાના શીલને સાચવ્યું, પરંતુ શું આજે તે ભૂલ ન કરી બેસે ? અને પોતાની ભૂલને છૂપાવવા માટે જૂઠ પણ ન બોલે ?.......'

'મહારાજા, આ માટે અત્યારે ને અત્યારે કોઇ નિર્ણય કરવા જતાં આપણે કોઇને અન્યાય કરી નાંખશું, માટે મને આજનો દિવસ અને રાત તક આપો. હું આના અંગે જરૂરી તપાસ કરી આવતી પ્રભાતે મળીશ.' મહામંત્રીએ પ્રહ્લાદને કહ્યું.

'પણ કેતુમતીએ તો અંજનાને નગરમાંથી તાબડતોબ ચાલ્યા જવા માટે કહી દીધું છે....'

'ક્ષમા કરજો મહારાજા, પરંતુ મહાદેવીએ આવી ઉતાવળ ન કરવી જોઇએ.'

'પણ હવે શું કરવું ?'

'આપ મહાદેવીને આજનો દિવસ રાહ જોવા

માટે સમજાવો. કાલે સવારે તો આપણે યોગ્ય નિર્ણય લેવાનો જ છે.'

'પણ ન સમજે તો ?' રાજા કેતુમતીના જીદ્દી સ્વભાવને ઓળખતો હતો.

'તો પ્રજામાં અસંતોષ ફાટી નિકળશે. કારણ કે પ્રજામાં અંજના માટે માન છે. લોકો અંજનાને સતી માને છે. અને એકાએક જો એને કાઢી મૂકવામાં આવશે તો પરિસ્થિતિ બગડી જશે.'

'સાચી વાત છે. કારણ કે પ્રજાને ક્યાં ખબર છે કે પવનંજયની ગેરહાજરીમાં અંજના ગર્ભવંતી થઇ છે ?' રાજાને મહામંત્રીની વાત ઠીક લાગી.

કોઇપણ રીતે કેતુમતીને સમજાવી કાલ સુધી રાહ જોવા મનાવવાનું નક્કી કરી મહામંત્રી મહારાજાની અનુજ્ઞા લઈ પોતાના નિવાસસ્થાને આવ્યા.

પોતાના ગુપ્ત મંત્રણાલયમાં જઇને તુરત જ પોતાના વિશ્વાસપાત્ર ગુપ્તચર જયનાદને બોલાવ્યો. જયનાદ મહામંત્રીનો વફાદાર, ચતુર અને બાહોશ ગુપ્તચર હતો. અનેક વિકટ પ્રસંગોમાં એણે પોતાની ચતુરાઇ અને બાહોશી દર્શાવી મહામંત્રીનું ચિત્ત આવર્જી લીધું હતું.

જયનાદ આવીને પ્રણામ કરીને મહામંત્રીની નિકટ બેસી ગયો. મહામંત્રીએ તેને આખા પ્રસંગની માહિતી આપી અને એ અંગેની અગત્યની માહિતી મેળવી લાવવા આજ્ઞા ફરમાવી. જયનાદે આજ્ઞાને મસ્તકે ચઢાવી અને ત્યાંથી ચાલ્યો ગયો.

બપોરના ચાર વાગ્યા, છતાં જયનાદ પાછો ન આવ્યો....પાંચ....છ સાત વાગ્યા છતાં જયનાદ ન દેખાયો. મહામંત્રી ચિંતાતુર થઇ ગયા. કારણ કે જયનાદની માહિતી પર તો એમને વિચારવાનું હતું અને નિર્ણય લઇને કાલે સવારે મહારાજાને મળવાનું હતું.

રાત્રીનો પ્રારંભ થયો. લગભગ દસ વાગ્યા અને મહામંત્રીના ગુપ્ત મંત્રણાલયના દ્વારે ટકોરા પડયા. મહામંત્રી ઝડપથી દ્વાર પાસે ગયા અને દ્વાર ખોલ્યું જયનાદે અંદર પ્રવેશ કર્યો. દ્વાર બંધ કરીને બંને યોગ્ય સ્થાને બેઠા.

'કેમ, બધી માહિતી એકત્ર થઈ ?'

'હા જી. સંપૂર્ણ માહિતી મેળવીને જ આવ્યો છું. અહીંથી હું સીધો જ અંજનાદેવીના મહેલે ગયો. મહેલનો દાસીગણ ઘણો જ ચિંતાતુર હતો કોઇકોઇની આંખમાં તો આંસુ પણ દેખાતાં હતાં. એમના પરસ્પરના વાર્તાલાપ પરથી લાગ્યું કે તેઓ અંજના પ્રત્યે પૂર્ણ સહાનુભૂતિભર્યાં છે....મહાદેવીએ અંજનાદેવીને કાઢી મૂકવા માટે જે આજ્ઞા કરી તેનાથી તેમનામાં ભારે કચવાટ છે.

'તેમના વાર્તાલાપની કોઇ મુખ્ય વાતો....?'

'એક દાસી બોલી : 'હું તો બાવીસ વરસથી આ મહેલમાં છું. કોઇપણ પુરુષને મેં આ મહેલના પગથિયે ચઢતો જોયો નથી.' ત્યાં બીજી દાસી બોલી— 'અને જો એવું બુરું કામ કરવું હોય તો આટલા વર્ષ પછી શા માટે ? અને આવી વાસનાઓ મનમાં હોય તો તેના ચેનચાળા દેખાયા વગર રહે ?' ત્રીજી દાસી બોલી : 'અને પુરુષનું મન ક્યારે ફરી જાય તે કહેવાય છે ? યુદ્ધયાત્રાએ ગયા.... વચ્ચે કોઈ નિમિત્ત મળ્યું હોય....મન ફરી જાય અને રાતો રાત આવીને પાછા ચાલ્યા ગયા હોય....'

ચોથી દાસી બોલી : 'એ વખતે વસંતતિલકા સ્વામીનીની જોડે જ હતી. એણે પવનંજય અને પ્રહસિત બંનેને જોયા છે....એમ એ છાતી ઠોકીને કહે છે....'

જયનાદે દાસીઓ વચ્ચે થયેલા વાર્તાલાપની થોડીક રૂપરેખા આપી. 'પછી હું પાછળના ભાગમાં ગયો. ત્યાં મહેલના પીઢ ચોકીદારો ભેગા થયેલા હતા. એમાં એક કે જે પહેલાં ખૂદ મહારાજાના મહેલનો ચોકીદાર હતો અને જ્યારથી અંજનાદેવી આવ્યાં ત્યારથી અંજનાદેવીના મહેલની ચોકી કરે છે, તેણે પોતાનો અભિપ્રાય પોતાના સાથિદારોને કહ્યો : 'ભાઇઓ, અંજનાદેવી પર ખરેખર આ ખોટું આળ ચઢાવવામાં આવ્યું છે. આટલાં વરસ થયાં....મેં કોઇ દિ' એ સતીને કોઇ પુરુષની સાથે હસતી,...બોલતી કે બેસતી જોઇ નથી.

શણગાર સજતી જોઈ નથી...ગાતી સાંભળી નથી... એને માથે મહારાણીએ જે આરોપ મૂકયો છે... આપણને તો ખૂબ દુઃખ થાય છે. પરંતુ સત્તા આગળ શાણપણ...' એમ કહી એ વયોવૃદ્ધ અને પીઢ ચોકીયાતે વસ્ત્રથી પોતાની આંખો લૂછી...'

'પછી હું સીધો જ સાતમે માળે પહોંચી ગયો.'

'તને કોઇએ રોકયો નહિ? મહામંત્રીએ વચ્ચેથી પૂછયું.'

'ના, કારણ કે મહેલની પ્રત્યેક વ્યકિત ભારે શોકમાં ગરકાવ થઇ ગયેલી હોવાથી અને બીજી બાજુ અંજનાદેવી કાલે જવાનાં છે, એ વિચારથી કોઇનું મારા તરફ લક્ષ ખેંચાયું નહિ. હું ઉપર ગયો. ત્યાં તો ભારે કરુણ...હૃદયદ્રાવક ચિત્ર જોવા મળ્યું...

'દેવી અંજનાની આંખોમાંથી આંસુ સુકાતાં નથી...રડીરડીને તેમની આંખો સુઝી ગઇ છે. તેમની સખી વસંતતિલકા જ એકલી એમની પાસે બેસીને ભારે હૈયે આશ્વાસન આપે છે. તેના શબ્દો ઘણાજ મહત્વના લાગ્યાઃ કારણ કે જે વ્યકિત **શંકાસ્પદ લાગતી હોય, તેની ખાસ નિકટની વ્યકિત, તે જ વ્યકિત પાસે ખાનગીમાં જે કહેતી હોય, બોલતી હોય, તેના ઉપર ઘણો મદાર બાંધી શકાય.'**

જયનાદે ગુપ્ત તપાસની રીત બતાવી.

વસન્તતિલકાના સ્વરમાં દર્દ હતું અને સાથે રોષ પણ હતો. એણે અંજનાને કહ્યુંઃ 'ખરેખર આ જગત ધિક્કારને પાત્ર છે. કેતુમતી એટલું પણ સમજી શકતી નથી કે તેં બાવીસ બાવીસ વર્ષ સુધી કેવું જીવન જીવ્યું છે. તારા સ્થાને જો એ હોત તો બતાવત કે કેવી રીતે ભર જોબનમાં પતિના વિરહમાં બાવીસ બાવીસ વર્ષ પસાર થાય છે. અને, ભલે આજે એણે તારા પર કલંક ઓઢાડયું પરંતુ જ્યારે પવનંજય આવશે અને જાણશે કે 'અંજનાને કલંકિત કરી કાઢી મૂકી છે, ત્યારે એ શું કરશે એની ખબર તો ત્યારે જ પડશે; ખરેખર જો એ રાત્રે આવીને ગયા ત્યારે જો પિતાજીને, મહામંત્રીને કે માતાજી....કોઇને મળીને ગયા હોત તો આ પરિસ્થિતિ ન સર્જાત....પણ ખેર, અંતે સત્યનો જ વિજય થવાનો છે.

એમ લાગતું હતું કે દુઃખના દહાડા હવે વીતી ગયા....પરંતુ હજુ દુર્ભાગ્ય કસોટી કરી રહ્યું છે...' વસંતતિલકાની આંખોમાં આંસુ ઉભરાઇ આવ્યાં. પણ તેણે અંજના ન જુએ એવી રીતે લૂંછી નાંખ્યાં...'

મહામંત્રીએ જયનાદની વાત ખૂબ એકાગ્રતાથી સાંભળી. જયનાદને જવાની રજા આપી; અને પોતે ગંભીર વિચારમાં પડી ગયા.

'અંજના નિર્દોષ છે...પવનંજયથી જ ગર્ભ રહ્યો છે એ વાત સાચી છે. પણ હવે કેતુમતીને કેવી રીતે સમજાવવી એ મોટો પ્રશ્ન છે.' મહામંત્રીએ ઘણું ઘણું વિચાર્યું....મધરાત થઇ ગઇ, પરંતુ ઉંઘ આવતી નથી....અંજનાની નિઃસહાય સ્થિતિનો વિચાર કરતાં મહામંત્રી ધ્રુજી ઉઠયા. પોતે જો કેતુમતીને ન સમજાવી શકે તો શું થાય....!

શ્રી નવકારમંત્રનું સ્મરણ કરતાં કરતાં મહામંત્રી નિદ્રાધીન થયા....એકાદ પ્રહર ઉંઘ્યા ન ઉંઘ્યા ત્યાં તો પ્રભાત થયું. પ્રાભાતિક કાર્યોથી પરવારી મહામંત્રી રાજમહાલયે જવા નિકળ્યા.

રાજા પ્રહ્લાદ અને રાણી કેતુમતી મહામંત્રીની રાહ જોઇને જ બેઠાં હતાં. રાજાને નમન કરી મહામંત્રીએ પોતાનું આસન લીધું.

મૌન પથરાયું.

ત્યાં કેતુમતીએ વાતનો પ્રારંભ કર્યો.

'મહામંત્રીજી, આજ ને આજ અંજનાને આ નગરમાંથી કાઢી મૂકવી જોઈએ.' રોષ અને આવેશથી કેતુમતી ધમધમતી હતી.

'જો અંજના દોષિત હોય તો એ વિચાર બરાબર છે.'

વયોવૃદ્ધ મહામંત્રીએ જવાબ વાળ્યો.

'તે શું તમને નિર્દોષ લાગે છે?'

'મેં ઝીણવટથી તપાસ કરી છે. મને અંજના દોષિત નથી લાગતી.'

'દોષિત જ છે. તપાસ વળી શું કરવાની? દિવા જેવું સ્પષ્ટ છે કે મારો પુત્ર બાવીસ વરસથી એના સામે પણ જોતો નથી; તો એના સાથે સંગમ તો થાય જ કેવી રીતે?'

'શું બાવીસ વર્ષે પણ અંજના પ્રત્યે સદ્‌ભાવ ન જાગી શકે?'

'જાગતો હશે. પણ મારે મારા કુળને કલંક નથી લગાડવું. દુનિયા શું જાણે છે? દુનિયા જાણે છે કે પવનંજય અંજનાને બોલાવતો પણ નથી; અને પવનંજય લંકા ગયા પછી અંજના ગર્ભવંતી થઇ છે...ત્યારે અમારી તો ઇજ્જતના કાંકરા થાય કે બીજું કાંઇ?'

'લોકોને આપણે સાચી વાતથી વાકેફ કરી શકીએ, પછી ઇજ્જતનો પ્રશ્ન નથી રહેતો.'

'મહામંત્રીજી તમે એનો બચાવ ન કરો, મને પહેલાં પણ લાગતું હતું કે પવનંજય અંજના પ્રત્યે આવો તીવ્ર અણગમો કોઇ ગંભીર કારણ વિના ધરાવે નહિ. એણે ભલે અંજનાનાં દુરાચરણો આપણને કહ્યાં નથી, પરંતુ એણે ગુપ્તપણે એની ચાલચલગત જાણેલી હોવી જ જોઇએ; અને તેથી જ એના પ્રત્યે ભારે રોષ ધારણ કરી રહ્યો છે. છેલ્લે છેલ્લે જ્યારે લંકા જવા નિકળ્યો ત્યારે પણ એની અવગણના કરીને ગયો છે અને એ પાછો આવીને, રાત રહીને ચાલ્યો જાય? બિલકુલ અશક્ય વાત છે.'

કેતુમતી દબાણપૂર્વક પોતાની વાતને વળગી રહી.

'એટલે શું એને ગર્ભિણી અવસ્થામાં અહીંથી કાઢી મૂકવી, તેમાં આપણી બે ઇજ્જતી નહિ થાય? પવનંજય પાછો ન જ આવ્યો હોય, તેવું આપણે ચોક્કસ ન કહી શકીએ. મનુષ્યનું મન ક્યા સમયે બદલાય, તે કહેવા માટે આપણે શક્તિમાન નથી. મેં જે તપાસ કરી છે તેના પરથી તો મને દૃઢ નિશ્ચય થયો છે કે પવનંજય પાછો આવીને, રાત રહીને ચાલ્યો ગયો છે. અને જ્યારે તે પાછો આવશે ત્યારે આપણને એ વાતનો નિર્ણય થશે.'

અત્યાર સુધી પ્રહ્‌લાદ મૌન રહ્યા હતા. રાણીની અને મહામાત્યની વાતો તેમણે સાંભળી, વિચારી અને બોલ્યા:

'અંજના દોષિત છે કે નિર્દોષ છે, તેનો નિર્ણય આજે કરવામાં આપણે બહુ વહેલા છીએ. પવનંજયના આગમન પછી જ આપણે જે તે નિર્ણય કરી શકીએ. પરંતુ હાલના તબક્કે કેતુમતીના ચિત્તનું સમાધાન થાય અને અંજનાને કોઇ મોટો અન્યાય ન થાય તે માટે મને એક ઉપાય સુઝે છે.'

'શું?' કેતુમતી બોલી ઉઠી.

'આપણે અંજનાને એના પિયર મોકલી દેવી. ત્યાં એ સુખપૂર્વક દિવસો પસાર કરી શકશે અને તે અરસામાં પવનંજય પણ પાછો આવી જશે...'

કેતુમતી સંમત થઇ; જ્યારે મહામંત્રી મૌન રહ્યા. તુરત જ સેનાપતિને બોલાવી, રથમાં અંજનાને વસંતતિલકાની સાથે બેસાડી, મહેન્દ્રનગર મૂકી આવવાની રાજાએ આજ્ઞા કરી.

(ક્રમશઃ)

★


**કબજીઆતની રોજની ફરિયાદ છે? તો**

**સત–સુધા**

નું સેવન કરો. જાણીતા લક્ષ્મી છાપ સત ઇસબગુલની સુસ્વાદમય વિશેષ ગુણકારી ઉત્તમ ઔષધી:
બનાવનાર: **લક્ષ્મી ઇન્ડસ્ટ્રીયલ કોરપોરેશન**
**ઉંઝા (ઊ. ગુ.)**

**વિક્રેતા:**

**સુરેન્દ્રનગર : રાઘવજી ડી. દોશી**
**મે. બી. કે. પટેલની કું.**
**રાજકોટ : શ્રી રતિલાલ લલ્લુભાઇ**
**મુંબઈ : મે. બી. અમૃતલાલની કું.**
૩૦૫, કાલબાદેવી રોડ
**અમદાવાદ : પારેખ મેડીકલ સ્ટોર્સ–**
ફતાસા પોળ પાસે.

# શંકા અને સમાધાન

## પૂ. પંન્યાસજી મહારાજ શ્રી ચરણવિજયજી ગણિવર

'કલ્યાણ'નો આ લોકપ્રિય વિભાગ શરૂ કરતાં અમને આનંદ થાય છે. પૂ. પાદ આ. મ. શ્રી વિજય લબ્ધિસૂરીશ્વરજી મહારાજશ્રી 'કલ્યાણ' પર આવેલા પ્રશ્નોનું સમાધાન તૈયાર કરીને અમારા પર મોકલાવી આપવા તેઓશ્રી કૃપા કરતા, તેઓશ્રીના સ્વર્ગવાસ બાદ આ વિભાગ માટે અમે જુદા જુદા પૂ. પાદ આચાર્યદેવાદિ મુનિવરો દ્વારા સમાધાનો મેળવીને 'કલ્યાણ'માં પ્રસિદ્ધ કરવાની યોજના નક્કી કરી છે. ને 'કલ્યાણ' પ્રત્યે આત્મીયભાવે પ્રત્યુત્તર આપવાની પૂ. પાદ આચાર્યદેવોએ કૃપા કરી છે. તે રીતે પૂ. પંન્યાસજી મહારાજશ્રીએ 'કલ્યાણ' પર કૃપા કરીને જે સમાધાનો લખી મોકલ્યા તે અહિં રજુ થાય છે.

'કલ્યાણ'ના વાચકોને વિનંતિ છે કે, 'કલ્યાણ' પર તમારી શંકાઓ મોકલતા રહેશો. જુદા જુદા પૂ. પાદ આચાર્યદેવાદિ મુનિવરો પાસે સમાધાન મેળવીને અમે આ વિભાગમાં પ્રસિદ્ધ કરવા શકય કરીશું. ગતાંકમાં સ્થળ સંકોચના કારણે આ વિભાગ પ્રસિદ્ધ થઇ શકયો ન હતો. હવેથી નિયમિત આ વિભાગ પ્રસિદ્ધ કરીશું. પૂ. પાદ આચાર્યદેવાદિ મુનિવરોને વિનંતિ છે કે, આ વિભાગનો સમૃદ્ધ કરવા તેઓશ્રી કૃપા કરીને અમને સહકાર આપે!

'કલ્યાણ'માં છેલ્લા ૧૫ વર્ષથી ચાલુ રહેલા આ વિભાગ પ્રત્યે સર્વ કોઇનું એક સરખું આકર્ષણ રહ્યું છે, તે માટે અમે ગૌરવ લઇ છીએ!

⊙

**પ્રશ્નકાર : શંકરલાલ તલકચંદ**
**જમણપુરવાલા**

**શં૦ :** દેવોનો જન્મ કેવી રીતે થાય છે?

**સ૦ :** દેવલોકમાં દેવો પુષ્પની શય્યામાં ઉત્પન્ન થાય છે–દેવોને માતાપિતા હોય નહી.

**શં૦ :** દેવોને રહેવાનું સ્થાન કયાં?

**સ૦ :** ઉર્ધ્વલોકમાં ૧૨ દેવલોક નવગ્રૈવેયક પાંચ અનુત્તર વિમાન છે ત્યાં વૈમાનિક દેવો વસે છે.

અધોલોકમાં ભુવનપતિ દશ પ્રકારના દેવો વસે છે. અને તિર્ચ્છાલોકમાં સમભૂતલા પૃથ્વીથી નીચેના નવસો યોજનમાં વ્યંતર વાણવ્યંતર વસે છે. તથા સમભૂતલાપૃથ્વીની ઉપર સાતસો નેવુ યોજનથી માંડીને નવસો યોજન સુધીમાં જયોતિષી દેવો વસે છે.

**શં૦ :** સાત નારકી કઇ ભૂમિ ઉપર છે?

**સ૦ :** સાત નારકી મનુષ્યલોકની નીચે છે. તેનાં ધર્મા–વંશા શૈલા અંજના રિષ્ટા મઘા માઘવતી–આ સાત નામો છે.

અને રત્નપ્રભા શર્કરાપ્રભા, વાલુકાપ્રભા પંકપ્રભા ધૂમપ્રભા તમ:પ્રભા તમસ્તમા:પ્રભા વગેરે તેનાં ગોત્ર જાણવાં

**શં૦ :** પલ્યોપમ કેટલા વર્ષને કહેવાય?

**સ૦ :** અસંખ્યાતા વર્ષનું એક–પલ્યોપમ કહેવાય છે. તેને સમજવા માટે શાસ્ત્રોમાં એક યોજનના કૂવાનું દૃષ્ટાન્ત બતાવ્યું છે.

**શં :** 'અઢીદ્વીપમાં જે અણગાર.' આમ કહેવાય છે તો એ અઢીદ્વીપ કયાં છે કોને કહેવાય છે.

સ૦ : થાળીના આકારવાળો અથવા ઘંટીના નીચલા પડના આકાર-જેવો ૧ લાખ યોજનનો જંબૂનામાદ્વીપ છે, તેની વચોવચ્ચ મેરૂપર્વત છે.

આ જંબૂદ્વીપના મેરૂપર્વતની દક્ષિણે ભરત-ક્ષેત્ર છે જેમાં આપણે જન્મ પામ્યા છીયે.

જંબૂદ્વીપના ફરતો બધી બાજુ બે લાખ યોજન વિસ્તારવાળો લવણ-સમુદ્ર છે. તેનો આકાર વલય-બલૈયું તેના જેવો જાણવો. તેના ફરતો વલયાકાર ઘાતકી નામનો ખંડ છે. તે બધી બાજુ ચાર લાખ યોજન પહોળો છે.

તેના ફરતો બધી બાજુ વલયાકાર આઠ લાખ જોજન પહોળો કાલોદધિનામા સમુદ્ર છે.

તેના ફરતો બધી બાજુ આઠ લાખ યોજન પહોળો પુષ્કરનામા અર્ધોદ્વીપ છે. જંબૂ-ઘાતકી અને પુષ્કર અર્ધ મલીને અઢીદ્વીપ કહેવાય છે.

તેમાં જંબૂમાં ૧. ભરત ઐરવત અને ૧ મહાવિદેહક્ષેત્રો છે. તેજ પ્રમાણે જબૂથી બમણા બબ્બે ભરત-ઐરવત-મહાવિદેહ ક્ષેત્રો ઘાતકી ખંડ અને પુષ્કર અદ્ધોમાં છે.

એટલે-અઢીદ્વીપ-અને તેમાં ૧૫ ક્ષેત્રો થાય છે. આ ૧૫ ક્ષેત્રોમાં અત્યારે વિચરતા મુનિ-રાજોને હું વંદન કરૂં છું.

શં૦ : આચાર્ય મહારાજ ધ્યાન કરે, ચોવીશે કલાક-ધ્યાનમાં રહે તેમને પ્રતિક્રમણાદિ ક્રિયા ન કરે તો ચાલી શકે ?

સ૦ : પહેલા અને છેલા જિનેશ્વરદેવોના મુનિરાજોને અવશ્ય પ્રતિક્રમણ કરવું પડે. આવી શ્રી વીતરાગદેવોની આજ્ઞા છે-અતિચાર લાગે કે ન લાગે પરંતુ પ્રતિક્રમણ કરવું જ પડે. આ કાળમાં ધ્યાનના નામે પ્રતિક્રમણાદિ ક્રિયા ન કરતા હોય તેઓ માર્ગનાઃ અજાણ સમજવા.

શં૦ : વૈતરણી નદી કયાં હોય છે ?

સ૦ : વૈતરણી નદી પણ નરકાવાસાઓમાં હોય છે. જેમાં નારકીના જીવોને નાંખીને પરમા-ધામિઓ દુઃખ આપે છે.

## પ્રશ્નકાર સેવંતીલાલ મણીલાલ જયચંદ
વેડરા (રાધુ)

શં૦ : કોઇપણ મનુષ્ય ભાવ વિના પ્રભુ ભક્તિ કરે તો પ્રભુભક્તિનું ફલ મલે કે નહી. ?

સ૦ : પ્રાયઃ થોડા ઘણા પણ ભાવ વિના ભક્તિ કરવાનું મન થતું નથી. બારેમાસ ભક્તિ કરતાં કોઇક દિવસ ઉત્તમ પ્રકારની ભાવના પણ આવી જવા સંભવ છે. જ જેમ નાગકેતુને પૂજા કરતાં કેવલજ્ઞાન થયું હતું.

શં૦ : પુષ્પને ચુંટીને પ્રભુજીને ચડાવીએ છીયે તો પુષ્પ ચુંટવાનો દોષ કેમ ન લાગે ?

સ૦ : દ્રવ્યપૂજામાં ઓછા વધુ પ્રમાણમાં દોષ જરૂર લાગે છે, પરંતુ પૂજા કરવાથી ઉત્તમ ભાવના આવી જવાનું નિમિત્ત હોઇ લાભનું કારણ છે.

જેમ-સંઘ કાઢવામાં-નવકારસી વગેરે જમણ કરવામાં તીર્થયાત્રામાં મુનિદાનમાં ઓછા વધુ પ્રમાણમાં આરંભો લાગવા છતાં બધાં અનુષ્ઠાનો મહા લાભનાં કારણો હોઇ કરવા યોગ્ય છે તેમ શ્રી વીતરાગદેવોની પૂજા વીતરાગતા પ્રાપ્તિનું કારણ હોઇ કરવા યોગ્ય છે. દ્રવ્ય તે ભાવનું કારણ છે.

(૩)

## પ્રશ્નકાર : શાન્તિલાલ મણીલાલ
થરાદવાલા

શં૦ : ધાતુના સિદ્ધચક્ર ભગવાનની પૂજા કર્યા પછી તેજ કેસરથી જિનપ્રતિમાની પૂજા કરી શકાય ?

સ૦ : સિદ્ધચક્રમાં અરિહંતાદિ નવપદો છે તે ત્રિકાલિક છે. એટલે પંચપરમેષ્ઠિ ભગવંતો થઇ ગયેલા થતા અને થવાના તેની સિદ્ધચક્રમાં સ્થાપના છે.

વળી પંચપરમેષ્ઠિ ભગવંતોના છઠ્ઠાથી ચૌદમાં ગુણઠાણા સુધીના આરાધનાના પ્રકારો તેજ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર-તપ પ્રકારો છે.

એટલે ભવિષ્યમાં જિનેશ્વર થવાના મહા· પુરુષો શ્રેણિક ત્રિપૃષ્ઠ કૃષ્ણ વગેરેને વર્તમાન સૂરિ વાચક અને સાધુઓ વંદન કરવા યોગ્ય છે.

અને વર્તમાન સૂરિ-વાચક-અને મુનિઓ પણ ભવિષ્યમાં થનારા જિનેશ્વરદેવોને 'જે અ-ભાવિસ્સંતિ ણાગયેકાલે' વાક્ય વડે વંદન કરે છે.

એટલે સિદ્ધચક્રજીની પૂજા કર્યા પછી જિનેશ્વરદેવની પ્રતિમાને પૂજવામાં કોઇ દોષ નથી.

શં૦ : આપણા મુનિરાજો જિનેશ્વરદેવોની અંગપૂજા કેમ કરતા નથી.

સ૦ : શ્રી વીતરાગદેવોના મુનિરાજો બારે-માસ સ્વાધ્યાય, ધ્યાન, જાપ, તપશ્ચર્યા રૂપ ભાવપૂજામાં સાવધાન હોવાથી તેમને દ્રવ્યપૂજા કરવાની જરૂર નથી.

વલી, જિનપૂજા કરનારે અવશ્ય સ્નાન કરવું જ જોઈએ. જ્યારે શ્રી જૈન મુનિરાજો દીક્ષા દિવસથી જાવજીવ સ્નાન કરતા નથી. શુદ્ધ બ્રહ્મચર્ય અને સંયમના માટે પાલન માટે સ્નાન આદિ ત્યાજ્ય ગણાય છે. માટે શાસ્ત્રમાં મુનિઓને સ્નાન કરવાનો નિષેધ છે. ભાવપૂજામાં સતત રહેનારા મુનિવરોને દ્રવ્યપૂજા હોઈ શકે નહિ.

શં૦ : હિમજ આહારી છે કે અણાહારી છે?

સ૦ : હિમજ ઝીણી અણાહારી છે.

**પ્રશ્નકાર : કેશવલાલ જીતમલ ડીસાવાલા.**

શં૦ : અંબર અને અફીણ આહારી છે કે-અણાહારી છે. અને જો આણાહારી હોય તો ઉપવાસમાં વાપરી શકાય કે કેમ?

સ૦ : અંબર તથા અફીણ અણાહારી છે અને ઔષધ તરીકે જરૂર જણાય તો ઉપવાસનું પચ્ચખ્ખાણ પાળ્યા પહેલાં અથવા સાંઝનું પચ્ચખ્ખાણ કર્યા પછી લેઇ શકાય પરંતુ સાથે પાણી લઇ શકાય નહી.

શં૦ : જૈનોનાં મુખ્ય પુસ્તકો કયાં કયાં છે.

સ૦ : શ્રી જિનેશ્વરદેવો કેવલજ્ઞાન પામ્યા પછી ગણધરો પ્રતિબોધ પામે છે અને શ્રી તીર્થંકરદેવ પાસે ચારિત્રધારી થયા પછી ઉપ્પન્નેઇ વા વિગમેઇ વા ધુવેઇ વા આ પ્રકારની ત્રિપદી પામીને દ્વાદશાંગીની-રચના કરે છે. તેજ આચારાંગ સુયગડાંગ વિગેરે ૧૨ અંગો જૈનોનાં મૂલ પુસ્તકો આગમો ગણાય છે.

ત્યાર પછી ૮૪-૪૫ વગેરે થયેલા બધાંજ આગમો અને આજે હજારોની સંખ્યામાં મલતા ગ્રન્થો તે દ્વાદશાંગીનો આધાર પામીને બનેલાં જાણવાં. જ્યારે જ્યારે જિનેશ્વરદેવો થાય ત્યારે ત્યારે અવશ્ય ગણધરો અને દ્વાદશાંગી થાય છે. તેજ શ્રી વીતરાગના શ્રીસંઘના મૂલ પુસ્તકો જાણવા.

શં૦ : જિનેશ્વર ભગવાન વગેરે કોઇપણ જીવ કેવળજ્ઞાન પામ્યા પછી મોક્ષમાં કેટલા ટાઇમ પછી જાય છે?

સ૦ : તીર્થંકર પરમાત્મા વધારેમાં વધારે, કેવળજ્ઞાન પામ્યા પછી એકહજાર વર્ષ ન્યૂન એકલાખ પૂર્વ વિચરી મોક્ષ પધારે છે. ઓછામાં ઓછા, કેવલી થયા પછી ૩૦ વર્ષ પછી મોક્ષ પધારે છે અને સામાન્ય કેવલી કેવળજ્ઞાન પામી અન્તર્મુહૂર્તમાં પણ મોક્ષ પધારે છે અને વધારેમાં વધારે દેશોનપૂર્વકોટી સુધી પણ કેવલીપણે વિચરી મોક્ષ પધારે છે.

શં૦ : આયંબિલમાં સેકેલા ચણા વપરાય છે તેમ સીંગદાણા સેકેલા વપરાય કે કેમ?

સ૦ : સીંગદાણાનું તેલ નીકલે છે. માટે સેકવા છતાં આયંબિલમાં કલ્પે જ નહી. રોટલી વગેરમાં મૂણ નાખેલુ હોય તો રોટલી પણ વપરાય નહી.


આપના ધંધાની જાહેરખ આપી
સહકાર આપો.
**કલ્યાણ** માસિક બહોળા ફેલાવામાં
પ્રસિદ્ધ થાય છે.
પત્રવ્યવહાર નીચેના સરનામે કરો.
કલ્યાણ પ્રકાશન મંદિર-વઢવાણ શહેર

# ગુણસાગરનાં મોતી

**પૂ. પાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજ**

**સંગ્રાહક : શ્રી પાર્શ્વકુમાર**

પૂ. પાદ આચાર્યદેવશ્રીનાં મનનીય આધ્યાત્મિક પ્રવચનોમાંથી ઉદ્ધૃત કરેલ મર્મસ્પર્શી સદ્વિચાર મૌક્તિકો કે જે ગાગરમાં સાગરની જેમ ઘણું ઘણું કહેવા જેવું ને સમજવા-સમજાવવા જેવું કહી તથા સમજાવી જાય છે. અત્યાર સુધી અપ્રસિદ્ધ તે મહામૂલ્ય મૌક્તિકો અહિં પ્રસિદ્ધ થાય છે.

⊙

**ધન** ભોગ અને સત્તા આ ત્રણેય ચીજો માનવ જીવનમાં છોડવા જેવી છે.

**ધન**ને છોડવા લાયક નહિ માનનારો એ કદાચ ધન છોડે તો તેનાથી બીજાનું ભલું થાય પણ પોતાનું ભલું તો નજ થાય.

**મૈત્રી** ભાવના એટલે સૌના સારાપણાની ચિન્તા.

**જગતમાં** દરેક જીવો પૂર્વ જન્મોમાં આપણા કોઈને કોઇ સબંધી તરીકે થયેલા જ છે. તેથી કોઇનુંય ખરાબ કરવું તે એક રીતે તો આપણા સંબંધીનું જ ખરાબ કરવા જેવું છે.

**સ્વમુખે** સ્વપ્રશંસા અને પર નિન્દા એ ભવમાં ઘણું ભટકવાનું છે. એમ સૂચવનારા છે.

**સાગર** જેમ જલજંતુ વિનાનો ન હોય, તેમ સંસાર દુઃખ વિનાનો ન જ હોય.

**આ** સંસારમાં સાધુ સિવાય કોઈ સુખી નથી, કારણકે દુઃખના કારણ અવિરતિ મિથ્યાત્વ આદિ તેનાં ચાલ્યાં ગયાં છે. અને જે અઘાતી કર્મના ઉદયથી આવનારાં દુઃખો છે તેને તે વધાવવા તૈયાર હોય છે.

**જેને** દાન ધર્મ ન ગમતો હોય તેને ભગવાનનો ભક્ત અથવા સાધુનો ભક્ત ન મનાય.

**સારી** ચીજ મળે તેની આશાતના કરવી, અવગણના કરવી, તેનાથી ઉંધુ ઉંધુ અને ખોટું બોલવું એ ઘણા કાળ લગી તે ચીજ ન મળે તેની પેરવી છે.

**જગતનાં** સુખની અને તેના માની લીધેલા સાધનોની ઈચ્છા અવિરતિ નામના પાપમાંથી જન્મે છે. માટે તે ખૂદ પણ પાપ રૂપજ છે.

**જેની** ખાતર માણસને દુનિયામાં પાપ કરવા પડે છે. તે સર્વ વસ્તુનો ત્યાગ કરવો તેજ માનવ ધર્મ છે.

**જે** વસ્તુને આપણે ન મૂકીયે તો તે વસ્તુ આપણને મૂકીને-ચાલી જવાની છે. તેને વળગી રહેવું તેમાં ડહાપણ છે?

**જ્યારથી** સર્વ ત્યાગનો આદર્શ મરી ગયો ત્યારથી જ માનવ જાત બગડી ગઇ સારો માણસ તો તે કે જે મોહથી રીસામણાં લે.

**સારા** માણસથી મોહ થઈ જાય પણ તેને તે ગમે નહિ.

**જેમ** ગુલામને જીવનભર ગુલામી કરવી પડે છે. પણ તેને પૂછો કે તેને આ ગુલામી ગમે છે, તો તે કહે કે શું કરૂં? મા-બાપ? ગુલામી ગમતી નથી, પણ કરવી પડે છે.

**સાચું** સમજાય તે આજથી કરવા માંડવું જોઇએ અને ખોટું સમજાય તે આજથી છોડવા માંડવું જોઇએ.

**સાચું** સમજાયા પછી જે માણસ તે કરી

ન શકે તો તેની હૈયા વરાળ તેના શબ્દોમાં દેખાયા કરે છે.

પાપીની નિન્દા એ પાપ છે, અને પાપની નિન્દા એ ધર્મ છે.

આ સંસારમાં ખરાબ કામ ન કરે તે જ સારો છે.

સંસારમાં કોઇ એવી જગા નથી કે જયાં પાપ ન કરવુ પડે.

મનુષ્યભવને પામીને ખરાબ કરવું એ અનંત કાળ બગાડવા જેવું છે.

ભોગ અને ધનનો ત્યાગ કરવો એજ ખરેખરો માનવ ધર્મ છે.

જેને કોઈ પણ જીવની હિંસા કરતા કંપારી થતી હોય. અસત્ય બોલતા કે ચોરી કરતા કંપારી થતી હોય તેને ભોગ અને ધન પર ગુસ્સો ન આવે એવું કદિ બને જ નહિ.

મૈત્રી આદિ ચાર ભાવનાઓ આવ્યા વિના અનિત્યાદિ બાર ભાવનાઓ મગજમાં બેઠા વિના ધર્મ કદી થવાનો નથી.

ભોગ અને ધર્મના આધારેજ જીવનારાને ન કરવાના કામ મને કે કમને કરવા જ પડે. ન જોવા લાયકના મોઢાં જોવા પડે. ન કરવા લાયકની ગુલામી કરવી પડે આવા માણસનું જીવન એ વાસ્તવિક રીતે જીવન જ નથી.

જેને દેવગુરુને નમસ્કાર કરતા શરમ આવે છે તે રસ્તે ચાલતાને હાથ જોડે છે. તે ધન અને ભોગની ગુલામીના કારણે જ છે.

દરિદ્રતા હોય ત્યારે દીનતા કરવી એ અજ્ઞાન છે. તેવી શ્રીમંતાઈમાં ઘમંડ કરવુ તે પણ અજ્ઞાન છે.

જે ધન અને ભોગની ગુલામી કરવા નથી ઈચ્છતા તેને માટે સદા ચોથો આરોજ છે.

સત્તા પણ નશો ચઢાવનારી ચીજ છે.

સંસાર અને દુઃખ વગરનો એ સંભવે જ નહિ, ઓળિયો ગમે ત્યાથી ચાખો તોય તે કડવોજ હોય તે રીતે સંસારને ગમે ત્યાંથી ચાખો તોય તે દુઃખ વગરનો હોય જ નહિ.


**શ્રી મહાવીર જૈન સ્નાત્ર મંડળ–મુંબઈ**

## સ્નાત્ર-મહોત્સવ

મુંબઇમાં પાયધુની પર આવેલ શ્રી મહાવીર સ્વામીના દેરાસરજીમાં હંમેશા સંગીત સાથે સવારના સાડા સાત વાગે સામુદાયિક સ્નાત્રપૂજા ભણાવવામાં આવે છે, તો દરેક ભાઈઓને લાભ લેવા વિનંતિ છે.

લી૦ સંઘસેવકો

**મણિલાલ રામચંદ** * **ચંદુલાલ જેઠાલાલ**
પ્રભાસપાટણવાળા ખંભાતવાળા

## श्री जिन मन्दिरोंके उपयोगी

रथ, हाथी, इन्द्रधजा, गाडी, पालखी, भन्डारपेटी, सुपनाजी, सिंहासन, पांच धातु की प्रतिमाजी बनाने वाला प्रसिद्ध फर्म

**मीस्त्री वृजलाल रामनाथ**

पालीताणा : (सौराष्ट्र)

**શ્રી વર્ધમાનતપની ૫૦ મી ઓળી કે તેથી અધિક ઓળી કરનારને—**

## ભેટ મળે છે.

**શ્રી વર્ધમાનતપ માહાત્મ્ય** નામનુ લગભગ ૪૦૦ પાનાનું પુસ્તક **શેઠશ્રી જેચંદભાઇ કેવળદાસ** અમદાવાદવાળા તરફથી ભેટ મળશે, પુસ્તક મંગાવવાની સાથે કેટલા મી ઓળી ચાલે છે તે જણાવવું જરૂરી છે સીરનામુ પુરેપુરૂં લખશો. પુસ્તક મંગાવવાનુ : સ્થળ
**કલ્યાણ પ્રકાશન મંદિર** વઢવાણ-શહેર

# ન્યાય સંપન્ન વૈભવ

શ્રી રાજેન્દ્રકુમાર કેશવલાલ શાહ, મુંબઇ.

ધર્મને પામવા તથા આચરવા માટે જે ગુણો શાસ્ત્રોમાં દર્શાવ્યા છે, તેમા ન્યાયોપાર્જિત વિભવ મુખ્ય છે. ન્યાય, નીતિ તથા ધન ઉપાર્જન કરવામાં પ્રામાણિકતા એ જીવનશુદ્ધિનું પ્રથમ પગથિયું છે. આ ગુણની મહત્તાને આ લેખમાં ટુંકામાં છતાં સારગર્ભિત ભાષામાં સમજાવામાં આવેલ છે.

⊙

સાચો માનવ એટલે શું ? આદર્શ માનવ બનવાની લાયકાત શું ? માનવ અને પશુમાં ફરક શો ? આ પ્રશ્નો આજે વિશ્વને મુંઝવી રહ્યા છે. હિંસા, જુઠ, ચોરી, અનિતી, અન્યાય, દુરાચાર આ દુર્ગુણો આ કાળમાં વધતા જ જાય છે. અને તેથી જ્યાં જુઓ ત્યાં ઝગડાઓ, હુલ્લડો, ખુનામરકીઓ અને મહાયુદ્ધોની જ વાતો સંભળાય છે. આ વૈજ્ઞાનિકયુગના મુખ્ય સાધનો છાપા અને રેડિયોમાં વાંચવા યા સાંભળવાથી ખાતરી થશે કે દુઃખના વિષમ વાતાવરણે સારી દુનિયાને વિષમય કરી દીધી છે. તટસ્થ દૃષ્ટિથી વિચાર કરતાં આનું કારણ શું ? કારણ છે માનવતાનો અભાવ અને પશુતાની વૃદ્ધિ.

માનવીને કુદરતની ખાસ ભેટ મન છે. જે દ્વારા તે કર્તવ્ય, અકર્તવ્ય, હેય, ઉપાદેયનો વિવેક કરી શકે છે. જેનાથી પોતાના ભરણ પોષણ માટે જો તે ન્યાયનો રાહ લે તો આ જગતના મોટા ભાગના અનર્થો અદશ્ય થાય.

મનુષ્યને ધનની જરૂર છે શા માટે ? પોતાના ભરણપોષણ અને જીવનની જરૂરીયાતો માટે. જીવન જરૂરીયાતો વધારે તેમ નીતિ યા અનિતીથી બીજાનું શોષણ કરીને વધારે ધન કમાવવું તે ફરજ થઈ પડે છે. પણ અન્યાયથી મેળવેલા ધનનું પરીણામ ? જાતે પણ દુઃખી અને બીજા પણ દુઃખી. આવા ધનમાંથી કરેલાં ધર્મકાર્યો-દાન પણ નિષ્ફળ જાય છે. જોઇએ તેવું ફલ તે આપતા નથી.

મહાપુરુષોએ કહ્યું છે 'શાણા અને ધીર પુરુષો ન્યાય કર્તવ્યના બળે સર્વ ઠેકાણે પવિત્રપણે પંકાય છે. અને પાપી પુરુષો પોતાના કુકર્મોથી જ્યાં જાય ત્યાં રખે કોઇ પોતે કરેલા પાપોને જાણી ન જાય વગેરે અનેક ભયોથી ભયભીત જ રહે છે.'

દાનનો અધિકારી પણ ન્યાયમાર્ગે ધન કમાનારો જ છે. શાસ્ત્રોમાં કહ્યું છે જે ધન સ્વયં વિરુદ્ધ નથી, એટલે અન્યાયાદિ દોષોવાળું નથી, એવા ધનને કલ્યાણ કામનાથી વિધિ, બહુમાન અને ચિત્તની પ્રસન્નતાપૂર્વક તુચ્છસ્વાર્થ બુદ્ધિ-આદિ દોષ રહિત બની સંતપુરુષોને સુપાત્રોને કે કરૂણાપૂર્વક દીન દુઃખીયાઓને આપવું તેજ સાચુ દાન છે. કારણ કે 'શુદ્ધ, ચિત્ત, વિત્ત અને પાત્રનો યોગ હોય તો જ તે સાચુ ફળ આપી શકે.'

ન્યાયપૂર્વક મેળવેલા ધન પર ગુજારો કરનાર માનવીનું જીવન પ્રાયઃ ખૂબ નિર્મળ અને પવિત્ર હોય છે. કારણ કે કહેવત છે કે 'આહાર તેવા ઓડકાર' આવા મનુષ્યને પ્રાયઃ સદ્બુદ્ધિ જ ઉત્પન્ન થાય છે અને ઉતરોત્તર તેનું જીવન ઉન્નત્તિના માર્ગે પ્રયાણ કરે.

અન્યાયથી મેળવેલું ધન ભોગવનાર માનવીનુ જીવન પ્રાયઃ અભ્યંતર દૃષ્ટિથી દુઃખમાં અને બાહ્ય દૃષ્ટિથી દુરાચારોમાં જ વ્યતિત થતું હોય છે. થોડા અંશે પણ અન્યાય, અનિતી હોય તો તે બુદ્ધિમાં વિકાર કર્યા વગર રહેતું નથી.

ભારતદેશમાં ભૂતકાળમાં પ્રભુ મહાવીરના સમયમાં શ્રેણિકરાજાનાં રાજ્યમાં પુણીયો શ્રાવક રહેતા હતા. તે સંતોષી, સદાચારી અને અલ્પ પરિગ્રહી હતા. તેને નિયમ હતો કે દિવસના બાર દોકડા જ ન્યાયમાર્ગે કમાવવા અને તેમાંથી પોતાનું, પોતાની પત્નીનું અને એક અતીથિનું ભરણપોષણ કરવું, આથી તે અને તેની પત્ની વારાફરતી ભુખ્યા રહેતા અને નિયમનું પાલન કરતા. એક દિવસ તેની પત્ની વગર પૂછયે પડોશીને ઘેરથી છાણાનો અગ્નિ લઇ આવી. પુણીયાને આથી સામાઇક દરમ્યાન અસ્થિરતા,

બુદ્ધિનો વિકાર લાગ્યો. પોતાની આત્મપરીક્ષા કર્યા બાદ પત્નીને પુછતાં, 'વગર પુછ્યે લાવેલો છાણાનો અગ્નિ' કારણ મળ્યું. નાની આવી વાતમાં જો બુદ્ધિ બગડે તો આજે જે શોષણખોરી, સટ્ટા, જુગાર જેવા ધંધાઓ અને કાળાબજારો ધુમ ફાટી નીકળ્યા છે તેમનાથી બુદ્ધિ કેટલી ભ્રષ્ટ થાય એ કલ્પી શકાતું નથી.

ઘણા મનુષ્યો એમ માને છે કે અન્યાય કર્યા સિવાય પૈસા મળે જ નહિ અને આવી રીતે ધન આવ્યા બાદ થોડું દાન કરીશું. આવી બનાવટી પ્રતિષ્ઠા મેળવી બધા પાપ ધોવાતા નથી. વિષ્ટામાં જાણી જોઇને પગ મૂકી ધોનારને કેવો મૂર્ખ કહેવો તે સમજાતુ નથી. દાન કરવા માટે જ પૈસા કમાવવાની શાસ્ત્રકારોએ સ્પષ્ટ મના ફરમાવી છે. અન્યાયથી મેળવેલું ધન આલોક અને પરલોકમાં અહિતકારક થાય છે. આલોકમાં અન્યાયના યોગે રાજદંડ, જેલ યા ફાંસી જેવા વધતું પણ કારણ બને છે. પરલોકમાં નરક વગેરે દુર્ગતિમાં ઘસડી જાય છે. અર્થાત્ અન્યાયોપાર્જિત દ્રવ્ય પોતાની જાતને ઉપયોગી થતુ નથી.

ન્યાયમાર્ગે જ જીવન જરૂરિયાતોના સાધનો મેળવવા એ સાચી માનવતાનો આવશ્યક ગુણ છે. ધર્મરૂપી ઇમારતનો પાયો છે. આ ગુણ વિના માનવતા, બીજ વિના વૃક્ષ અને પાયા વિનાની ઇમારત કઇ રીતે ટકે?

માનવને પશુતા ટાળી માનવ બનવું હોય-મહામાનવ બનવું હોય, સાચા ધર્મી બનવું હોય, સાચાં સુખી થવું હોય તો જીવનભર પ્રતિજ્ઞા લેવી જોઇએ કે અન્યાયના માર્ગે લાખો રૂપિયા મળતા હશે તો પણ હું ઠોકરે મારીશ. તે સામે દૃષ્ટિપાત પણ નહીં કરૂં. ભલે પછી મારે ભુખે મરવું પડે.

જગતના મહાપુરુષોનાં મહાજીવનની શરૂઆત નેકી, પ્રમાણિકતા, નિતી અને ન્યાયમાંથી જ થઇ છે ને?

શાસ્ત્રોમાં કહ્યું છે કે ધનના રાગથી-મૂર્છાથી અંધ બનેલા માનવી પાપથી જે કાંઇ મેળવે છે તે ધન માછલાને ફસાવવા માટે તેની જાળમાં લોખંડના કાંટા ઉપર ભરાવેલા માંસના ટૂકડાની જેમ તે ધન આખર માલીકનો નાશ કર્યા વગર રહેતુ નથી. આ રીતે ન્યાય એજ ધન મેળવવા માટે પારમાર્થિક ઉપાય છે. જેમ દેડકા ખાબોચિયામાં અને હંસો પૂર્ણ સરોવરમાં પહોંચે છે તેમ સઘળી સંપત્તિ સત્કર્મન્યાયથી મનુષ્યને વંશવર્તી બની આવી મળે છે.

જગતમાં આ કાળમાં બાહ્યદૃષ્ટિથી જોતાં મોટા ભાગે દુરાચારી શ્રીમંત દેખાય છે. અને ધર્મી દુઃખી દેખાય છે. તેથી તેમ ન માની લેવું જોઇએ કે શ્રીમંતાઈ દુરાચારથી મળી છે. અને દુઃખ ધર્મથી મળ્યું છે. જેમ આંબો વાવ્યા પછી તરત જ ફળ મળતાં નથી તેમ મોટાભાગના પાપ કે પુણ્ય પ્રાયઃ તુરત જ ફળતાં નથી. દુરાચારની શ્રીમંતાઇમાં સાચું સુખ હશે કે કેમ? તે પણ શંકા છે અને તેની શ્રીમંતાઇ તેને તેના પૂર્વપુણ્યથી મળેલી છે કે જે તે વાસી અનાજની માફક ખાઇ પોતાના દુરાચાર દ્વારા ભવિષ્યની મહાન દુર્ગતિ આદિ દુઃખો રૂપી ઇમારતના પાયા નાખી રહ્યા છે. ધર્મીનું દુઃખ એ સાચા ધર્મીને મન દુઃખ જ નથી ધર્મચક્ષુએ લાગતા આપત્તિકાળને તે અગ્નિ પરીક્ષા સમજી આવકારે છે. આ કહેવાતું દુઃખ તે તેના પૂર્વપાપના ઉદયથી આવ્યું હોય છે પણ તે ધર્મી પોતાના સત્કૃત્યો દ્વારા તે પાપોને શાંતિથી ભોગવી લઈ ભવિષ્યના મહાન સુખો માટે બીજ વાવી રહ્યો હોય છે.

કોઇપણ જીવને જીવવામાં વિઘ્ન ન કરવું તે ન્યાય છે. અને આપણી સ્વાર્થી ઇચ્છાઓને પૂર્ણ કરવા અન્ય કોઇને પણ તેમના જીવનમાં ડખલ કરવી તે અન્યાય છે. અત્યારે જ જીવોને દરિદ્રતા વગેરે દુઃખો છે તે પૂર્વકાળે મૂઢ બનીને બીજા જીવોના જીવનની દરકાર નહી કરતાં તેઓને દુઃખી કરીને પણ યથેચ્છે સ્વેચ્છાચારી જીવન જીવવા રૂપ કરેલા અન્યાયનું ફળ છે.

જગતના દરેક આત્માને આવી સદ્બુદ્ધિ મળે તેવી પ્રાર્થના.

## જ્યાં શ્રી સીમંધરસ્વામી બિરાજે છે, તે

# શ્રી મહાવિદેહની મંગલ યાત્રાએ

પન્નાલાલ જ. મસાલીયા–રાધનપુર

મહાવિદેહ ક્ષેત્ર જ્યાં શ્રી સીમંધર સ્વામી વિચરી રહ્યા છે નિત્યયૌવના ધર્મભૂમિ શ્રી મહાવિદેહ ક્ષેત્રની પુણ્ય-યાત્રાને શબ્દદેહ આપતી કાલ્પનિક સાહસ કથા 'કલ્યાણ'ના સુપ્રસિદ્ધ લેખક શ્રી પન્નાલાલ મસાલીયા અહિં આલેખે છે. અહિંથી મહાવિદેહ તરફ જતા કઈ કઇ દિશા તરફ ને ક્યાં ક્યાં થઈને પસાર થવું પડે છે. તેની શાસ્ત્રીય હકીકતોના નિર્દેશપૂર્વક શ્રી પ્રિયદર્શનનો યાત્રાપ્રવાસ તમને કોઈ અગમ્ય અદ્ભુત રસદર્શન કરાવશે. તમે ધ્યાનપૂર્વક આ રસપ્રદ યાત્રાપ્રવાસને જરૂર વાંચી જશો!

⊙

પ્રિયદર્શને અનેક શોધો કરી હતી, પણ એની "અજગેબસ"ની શોધે એ જગમાનિત બન્યો. વૈજ્ઞાનિક જગતમાં એનું નામ અમર બની ગયું. એણે શોધી કાઢેલા ગેસથી એનું સફેદ ગરૂડ પ્રતિ સેંકડો માઇલોના વેગથી અનન્ત આકાશમાં ધસે જતું. અવકાશમાં ઉંચે ઉડી, ઉત્તરધ્રુવ અને એથીએ વધુ આગળ જવા એના મગજની રગો ધમધમી રહી હતી, પોતાની શોધનો સંપૂર્ણ લાભ ઉઠાવવા યોજનાઓની હારમાળા તે ઘડી રહ્યો હતો, ગમે તેવાં સાહસમાં ઉતરવા આ મર્દ–યુવક તૈયાર બની ગયો હતો. એની મહાત્વાકાંક્ષા દૂર મહાવિદેહની અમર ભોમ સુધી પહોંચી વળવાની હતી.

પ્રિયદર્શન શરીરે મજબુત, બુદ્ધિમાં કુશાગ્ર અને સંસ્કારી યુવક હતો, નિસર્ગનો પ્રેમી અને પ્રવાસ શોખીન હતો, આદર્શમાં એ કોઇથીએ ઉતરતો નહિ, ભારતીય સંસ્કૃતિનું ખમીર એની રગેરગમાં ધસમસ વહી રહ્યું હતું. એણે પોતાનું સફેદ ગરૂડ વૈજ્ઞાનિક સંપૂર્ણતા સહિત તૈયાર કર્યું. હેલ્મેટ ગોગલ્સ અને રેઇનડીઅરનાં કપડામાં સજ્જ બની વિમાનની કોકપિટમાં એ જઇ બેઠો.

'નમસ્તે' સજલ નયને એણે સ્નેહઓની વિદાય માગી અને ભયાનક ઘુઘવાટ સાથે એનું ગરૂડ દૂર આકાશમાં અદૃશ્ય બની ગયું. યુરોપને વિંધિ, બરફથી છવાયેલ આર્કિટિક મહાસાગરને પણ એણે પાછળ મુકી દીધો. જ્યાં જતાં સર જોન ફ્રેંકલીન જેવા કેઈક મૃત્યુંજયી વીરોએ ત્યાં બરફમાંજ કબર બનાવી લીધી હતી. પ્રિયદર્શન એથી પણ ઘણે દૂર સુદૂર નીકળી ગયો હતો.

નિત્યૌવના મહાવિદેહની પુન્ય ધરતી કેવી હશે? એની રમણીય કલ્પનાથી એનું મગજ ખુશનુમા ચિત્રો દોરી રહ્યું હતું, એની ગુલાબી સ્વપ્ન સૃષ્ટિમાં પાંચસો–પાંચસો ધનુષ્ય ઉંચા–પડછંદ–પણ સૌમ્ય–માનવ દેહો દોડાદોડ કરી રહ્યા હતાં, ઘણી વખત આ પ્રતાપી પુરૂષો એમની ચિર યૌવન ભૂમિમાં આવી જવા એને સપ્રેમ આમંત્રણ આપતા. "આહ!" એનાં મ્હોંમાંથી એક ધીમો નિઃશ્વાસ નીકળી ગયો. "મારૂં બેરોમિટર તોફાની હવા દર્શાવે છે, કેમ થશે?" ભાવિથી આશંકિત એની વજ્ર છાતી પણ ધડકવા લાગી. આ એકાંત પ્રદેશમાં પોતે એકલો છે, એનું હવે તેને ભાન થયું.

દૂર વૈતાઢ્યની પાછળથી જંગી ખડક સમા શ્યામલમેઘ વાદળોના લાંબી કતાર આકાશના શુભ્ર ફલક ઉપર ચઢી આવતી દેખાઇ, ઝંઝાવાત સાથે ગર્જનાઓના અવાજ થવા લાગ્યા અને વીજળીના ચમક-ઝબકાર પણ પ્રતિપળે વધવા લાગ્યા. થોડીવારે

શ્યામ વાદળીઓ ઘટાટોપમાં એનું વાયુયાન અટવાઇ ગયું. વરસાદ શરુ થયો, અને અંધારૂં એટલું તો ઘેરૂં બની ગયું હતું, કે એના માર્ગદર્શકના પ્રકાશમાં પણ સ્પષ્ટપણે કશું જ દેખી શકાતું ન હતું. મધરાત વિતી ગઇ હતી. પ્રિયદર્શને વિમાનને વાદળોથી પણ વધારે ઉંચે જવા ધાર્યું. પણ ત્યાંજ અધીરાઈ, ઉકળાટ અને અંધકારમાં એનાથી કોન્ટ્રોલ સ્ટિકનો ભળતો ઉપયોગ થઇ ગયો. ભયંકર ધ્વનિ સાથે જ એનાં વિમાને, એક જબ્બર ઘુમરી ખાધી અને સફેદ ગરૂડ નીચે સરકતું દેખાયું.

"અરે પ્રભુ! મ્હારી આશા અધુરી જ રહેવા સર્જાઈ છે કે શું?" એનાથી બોલી જવાયું. નીચે ઉતરી જવું એને વધારે યોગ્ય જણાયું. વિ તના પ્રકાશમાં વૈતાઢ્ય ઉપર એક મોટું મેદાન તેની દૃષ્ટિએ આવ્યું. પુરતી કાર્યદક્ષતા અને નૈપુણ્યતાથી એણે વિમાનને નીચે ઉતારી લીધું. ઠંડી એટલી તો સખ્ત હતી કે, ન પુછો વાત! ત્યારે થર્મોમીટરનો પારો શૂન્યથીએ ખૂબ નીચે ઉતરી ગયો હતો. સાથે જલના પ્રપાત રચતો ધોધમાર તોફાની વર્ષા શરૂ થયો, કડાકાઓથી આખો વૈતાઢ્ય ધણધણી ઉઠયો, જંગલના ચિત્ર-વિચિત્ર પ્રાણીઓ દોડાદોડ કરી રહ્યાં હતાં, રાત્રિ હજુ બાકી હોવાથી પ્રિયદર્શને વિમાનની અંદર જ થોડી નિદ્રા ખેંચી લેવી યોગ્ય માની, રાત્રી વ્યતિત થતાં વરસાદ કાંઇક ધીમો પડયો, મેઘઘટા ઓછી થતી ગઈ, અને દૂર ક્ષિતિજમાંથી સહસ્રરશ્મિનો ઝાંખો પ્રકાશ દેખાવા લાગ્યો. પ્રિયદર્શન જાગી ઉઠયો. વિમાનમાંથી એ બહાર આવ્યો, નગાધિરાજ વૈતાઢ્યની સૌંદર્યલીલા અને પૃથ્વી દેવીનો નયન મનોહર લીલોછમ પ્રદેશ નિરખી એનાં હૃદય મહાસાગરમાં સહસા ઉત્સાહનાં પ્રચંડ મોજાં ઉછળવાં લાગ્યાં જરા દૂર વિદ્યાધરોનાં નગરોની ભવ્યપર્વત શ્રેણીઓ નજરે પડી. વિદ્યાધરો એ આર્યવર્તની પ્રાચીન પ્રજા છે. આર્ય સંસ્કૃતિનાં એ હંમેશના રક્ષકો છે, અને વૈતાઢ્ય એ તો ભારત દેશનું ધ્યાન-નિકેતન. પ્રિયદર્શનને દૂરબીનમાંથી સુવર્ણ કળશોથી ઝળાંઝળાં થઇ રહેલ, ગગન વલ્લભાદિની રાજમહેલ સમી ઇમારતો સ્પષ્ટ દેખાઈ રહી. એણે એ તરફ જવા માંડયું, પણ અચાનક એનો પગ લપસી જવાથી એક મોટી ઉંડી ખીણ તરફ એ ગબડી પડયો. જરાક જ ચૂક થતાં એ જરૂર મોતને ભેટી ચૂકયો હોત, પણ એની સમય સુચકતા અને ચપળતાથી એક મોટાં વડવૃક્ષનાં મૂળને એ તરત વળગી પડયો, એ બચી જવા પામ્યો. નીચે ખીણમાં પુષ્પોના ભારથી લચી જતી વેલડીઓમાં કાળની જીવ્હા જેવો એક મોટો ફણીધર સર્પ ફુંફાડા મારતો જતો દેખાયો.

સમય ઘણો વ્યતીત થઇ જવાથી થોડાંક તાજાં ફળફુલ લઇ, પોતાના ગરૂડમાં બેસી ગયો, પ્રોપેલરના ફરવા સાથે ગરુડ હવામાં કુદકા લેતું આગળ ધસ્યું, અનુક્રમે ઉત્તર ભરત લઘુ હિમવંત પર્વત, હિમવતક્ષેત્ર, મહાહિમવંત પર્વત. હરિવર્ષ અને નિષધ પર્વત સુધી એનું વિમાન આવી ગયું. કોઇ કાળચક્રોથી ધ્યાનની તાળી લગાવી બેઠેલા ચારસો યોજન ઉંચા નિષધની નૈસર્ગિક સૌંદર્યતાથી આકર્ષાઇ પ્રિયદર્શન પર્વત ઉપરના એક વિશાળ મેદાનમાં ઉતર્યો. સફેદ બરફ જેવી આરસની ઉંચી ભેખેડો, ગિરિ ચરણેથી ઉતરતી સીતોદાનદીના વાંકા-ચૂંકા રૂપેરીજળ પ્રવાહો, વનરાજિની દૂર્ભેદ ઘટાઓ, ખળખળ વહેતાં નિર્મળ જળનાં શીતળ ઝરણાં, ઘણી ઉંચાઇએથી પડતા મહાન્ જળપ્રપાતો, અને મખમલના ગાલિચા જેવો લીલોછમ રસબસ ધરાતલ પ્રદેશ! કેટલો બધો સરસ દેખાવ! કેટલી બધી ઉજ્જવળતા હૃદયંગમ જીવંત રમ્યતા! પૃથ્વીદેવીનાં આ પ્રાકૃતિક શોભનનું સાચું વર્ણન કઇ રીતે કરી શકાય?

નિષધની રમણિયતાનું પાન કરતો પ્રિયદર્શન, તિગિચ્છ સરોવર પાસે આવી લાગ્યો. સરોવરમાં સેંકડો સહસ્ત્ર પદ્મો ઉગી નીકળવાથી જાણે સ્મિત હાસ્યથી એ સૌને બોલાવી રહ્યાં હતાં. અંદર રાજહંસ પક્ષીઓ સ્વચ્છંદ કમલ વિહાર માણી રહ્યાં હતાં, એક સ્થળે બગલા, કાજિયાં અને ફલેમિંગોએ સરોવર ખળભળાવી મૂકયું હતું, ઉપર દાંપત્યધર્મની પ્રેમ-ગાથા રચતાં સારસ-જોડલાંઓ ઉડી રહ્યાં હતાં, બહાર ઉગેલાં ચંપકપુષ્પોની મધુરી સૌરભથી સરોવરનાં જળ મ્હેંકી રહ્યાં હતાં, લીલી કુંજાગાર

લત્તાઓનાં સપુષ્પ ઝુંડ કિનારા ઉપર ઝુકી, શ્રી દેવીને નમી રહ્યાં હતાં. એનું મનોહર દર્શન પ્રિયદર્શનને ચમકાવી રહ્યું હતું. ત્યાં તો દૂરથી સિંહ જેવું પણ એના કરતાં મોટું, શાહુડી જેવાં સિસોળિયાવાળું એક વિકરાળ પશુ એના ઉપર જ ધસી આવતું દેખાયું. તેની મોટી આંખોમાં ખૂની ઝનૂન ટપકતું હતું, એની લાંબી છલાંગ હવામાં ભરાતી જોઇ, પ્રિયદર્શન ઝડપથી સરોવરનાં ઉંડા જળમાં કુદી પડયો, પેલા જંગલી પશુએ પંજો ઉગામી, જડબાં ફાડી, ભયંકર ઘુરકાટ ચાલુ કર્યો, પણ જલશિકરમાં કુદી પડવાની તેની હિંમત ચાલી નહીં, ક્રોધથી ધુંવાપુંવા થઇ હવામાં પૂંછડી વિંઝતું તે ત્યાંજ ઉભું રહ્યું. પણ પ્રિયદર્શન પાણીમાં ઉંડે ડુબકી મારી દૂર નીકળી ગયો. બંને વચ્ચે અર્ધાક માઇલનું છેટું રહી ગયું, પ્રિયદર્શન પાણીમાંથી નીકળી ઝડપથી એનાં સફેદ ગરુડ રફૂ-પાછો ફર્યો.

દશે દિશાએ ચંદ્રનાં અમૃત ઢોળાંતાં હતાં, વાતાવરણમાં જાણે મોગરાનો સૌરભ ભરી હતી, સફેદ ગરુડ વેગથી રસ્તો કાપી રહ્યું હતું, આકાશ ચોકખું હોવાથી દૂરથી મહાવિદેહનાં પ્રતિહાર સરીખડાં મેરૂનાં ઉત્તુંગ સોનેરી શિખરો દૃષ્ટિ આવી રહ્યાં હતાં, એક લાખ યોજનના ઉંચાઇ, જગતમાં અભૂતપૂર્વ હતી, એનો દેખાવ ખૂબ જ મનોહર હતો, એનાં લીલાં કુંજાગાર નંદનવનની એકાન્ત સુંદરતામાં તો વાસન્તી પૂરેપૂરી ખીલી રહી હતી. છએ સિંહાસનોના રચના અપૂર્વ હતી, નિષધ મુકયા પછી ૩૩૬૮૪ યોજન વિશાળ મહાવિદેહની પુન્યભૂમિ શરૂ થતી હતી, આજે એ આનંદ મસ્ત બની રહ્યો હતો, એની છાતી ગજગજ ફુલતી હતી. અનંત યૌવના મહાવિદેહની પુસ્કલાવતી વિજય ઉપર આજે એ ઉડી રહ્યો હતો, એનું સફેદ ગરૂડ પુંડરિગિણિ નગરી ઉપર આંટા મારી રહ્યું હતું, વર્ષોની એની તપશ્ચર્યા આજે ફલિત થતી હતી. એની સ્વપ્ન સૃષ્ટિનાં પાંચસો ધનુષ્ય ઉંચા માનવદેહો નજરે પડી રહ્યા હતાં. એની સામે જ પુંડરિગિણિ નગરીનો રત્નમય કોટ ઉગતા સૂર્યનાં કિરણોથી ઝળાંહળાં થઇ રહ્યો હતો.

કેવી છે આ મનોહર નગરી! રાજ્યમહેલથીએ અધિક ભવ્ય પ્રાસાદો, રંગબેરંગી સુમનોથી ભરેલાં વન-ઉપવનો, અપ્રતિમ સૌંદર્યવાળાં સ્ત્રી-પુરુષો, અશાંતિનું નામ નહિ, લોકો આનંદથી વાતો કરી રહ્યાં હતાં, કોઇ રોગી કે અસંતોષી હોય તેમ દેખાયું નહિ. જાણે અલકાપુરી જ જોઇ લ્યોને, પણ આ બધા માણસો કયાં જઇ રહ્યાં છે? અને આ કર્ણ મધુર મંજુલ સ્વર કયાંથી આવે છે? એની ધીરજ ટકી નહિ, અવાજની દિશાએ એણે પોતાનું ગરૂડ હંકાર્યું. દુંદુભિનો નાદ, રત્નમય સમવસરણ, પ્રકાશમાં ઝળાંઝળાં થતાં મણિ-રત્નો, દેવપ્રતિહાર ચૈત્યવૃક્ષ, ધર્મચક્ર, આકાશમાં ઉંચે સુધી લ્હેરાતો ઇંદ્રધ્વજ પાદપીઠ સહિત સિંહાસન, અને દેશનાનાં અમૃતવારિ વર્ષાવી રહેલ મહાપ્રતાપવાન ત્રિલોકનાથ શ્રી સીમંધર સ્વામીને એણે જોયા, સિદ્ધિનાં અજવાળાં પથરાતાં લાગ્યાં, વિશ્વતેજસ્વી પ્રભુને જોઇ એ ઝડપથી નીચે ઉતર્યો અને સમવસરણમાં ઉત્તર દ્વારેથી પ્રવેશ કરી, પ્રભુને ભાવપૂર્વક નમન કરી એ પણ પ્રભુનાં પદ-કમળ પાસે બેસી ગયો. વિશ્વવત્સલ પ્રભુ શ્રી સીમંધર સ્વામીને આપણાં પણ સ્નેહ-ભાવપૂર્વક નમન હો! નમન હો!!

★

# વર્ધમાન તપ મહાત્મ્ય

ઉપરનું પુસ્તક શેઠ શ્રી જેચંદભાઇ કેવળદાસભાઇ ભારતમ ચાલતી દરેક વર્ધમાનતપ આંબેલ ખાતાની સંસ્થાને ભેટ આપવા ઇચ્છા ધરાવે છે. તો ભારતમાં ચાલતી દરેક વર્ધમાનતપ આંબેલ સંસ્થાએ તેમના પુરા સીરનામા વહીવટકર્તાના નામ સાથે અમોને લખી જણાવવા વિનંતિ છે.

૯૦મી આંબેલની ઓળી ચાલતી હોય તેમણે પણ તેમના નામ ઠેકાણા લખી મોકલવા

**કલ્યાણ પ્રકાશન મંદિર**
**વઢવાણ શહેર** (સૌરાષ્ટ્ર)

## દેવનાર કતલખાનાનાં હિમાયતીઓને

# જાહેર નમ્ર વિનંતિ

### "–એ લોહીનો વેપાર અને લોહીનો રોટલો ભારતને નથી ખપતો"

ભૂતકાળમાં કદીય ન હતો એટલો ભય ભારતિય સંસ્કૃતિ પર આજે તોળાઇ રહ્યો છે.

ભારતે ઘણાં આક્રમણો જોયાં, રાજ્ય પલટા અને રાજકીય પરિવર્તનો જોયાં, પરધર્મીઓનાં શાસન પણ જોયાં, પરંતુ **ક્યારેય દેશનાં વિકાસ યોજનાના અંગ તરીકે લોહીનો વેપાર શરૂ કરવાનું ભારતે વિચાર્યું પણ હોય, એવું બન્યું નથી.**

**અહિંસા એ ભારતનું બીજું નામ છે.** ભારતનાં તમામ ધર્મોની ભાવનામાં અહિંસાનો રણકાર છે. જીવદયા એ ભારતીય સંસ્કૃતિનો ધબકાર છે.

ધરતીનાં પટ પર કદાચ આ એક જ એવો દેશ છે કે જ્યાં પ્રાણીમાત્ર પ્રત્યેની દયા, અનુકંપા લોકોના જીવન વ્યવહાર સાથે વણાઇ ગયેલ છે. **જ્યાં પશુ–પક્ષીઓ સાથેનાં સંબંધો કદી પૈસાં અને લાભની દ્રષ્ટિએ જોવાયાં નથી.** આ દેશનાં માનવોની અર્થ રચનામાં, ગાયને ઘાસ, કુતરાને રોટલો, પારેવાને જાર, કીડીને લોટ–ખાંડ, વાંદરાને ચણા, માછલાને દાળીયાનો હિસ્સો જળવાતો આવ્યો છે. ભાવનાની ઉદાત્તતા તો એ છે કે **ભારતીય જીવ–દયા કેવળ ઉપયોગી પશુ–પક્ષીઓ પુરતી જ મર્યાદિત નથી, એતો સર્વ જીવોને પોતાનો વિષય બનાવે છે.**

ભારતીય સંસ્કૃતિની પરાકાષ્ટા તો એ છે કે પશુ–પક્ષીઓને દયાથી જીવાડતા હોય તેવા ભાવથી ભારતે કદી વિચાર્યું નથી. પશુ–પક્ષીઓને દેવ દેવીનાં વાહન કલ્પી, પૂજ્ય દૃષ્ટિએ નિહાળ્યાં છે. નિર્બળ–મૂંગા–અજ્ઞાન પશુ–પક્ષીઓને મારવામાં ભારતે અધર્મ માન્યો છે, ગૌ પૂજા–નાગ પૂજાને તહેવારોમાં ગૂંથી ભારતીય ભાવનાને ચિરસ્મરણીય બનાવી છે.

ઘરડાં અપંગ મા–બાપને પાળે એટલા પ્રેમથી અને ચીવટથી ભારતે ખોડા–ઢોરની પાંજરાપોળો નિભાવી છે.

ભારતે જીવન વ્યવહારમાં પશુ–પક્ષીઓને ક્યાંય ઓછું–ઊણું સ્થાન આપ્યું નથી. પશુ–પક્ષીઓનાં રક્ષણ–માવજત–સંવર્ધન અને પાલનનાં કાયદાઓમાં ભારતનો વિશ્વમાં વિક્રમ છે **ભારત એથી જ ઉન્નત છે.**

નિર્બળ અને આશરે રહેલાંને મારવામાં ભારતે સદાય હિણપત માની છે. અરે ! શિકારીની ઝપટમાંથી છૂટી–ઊડીને ખોળામાં ફફડાટથી પડેલા તેતર પક્ષીને શિકારીને પાછું ન સોંપવા ખાતર પોતાના પુત્રોને ધર્મયુધ્ધે પ્રેરનાર માતાઓ આ દેશમાં જન્મી છે.

ભારતનો ઇતિહાસ આવી ગૌરવ ગાથાઓથી ભરપુર છે.

**"દેખ બિચારી બકરીનો પણ કોઈ ન જાતાં પકડે કાન, એ ઉપકાર ગણી ઈશ્વરનો હરખ હવે તું હિન્દુસ્તાન"** એ સૂત્ર તો હજુ તાજૂજ છે. માનવીઓ સાથે એકમેક થઇને પશુ–પક્ષીઓ ભારતમાં નિર્ભયતાથી જીવતા આવ્યાં છેં. ભારતના તમામ લોકપ્રિય શાસનકારો દરમ્યાન પશુ–પક્ષીઓની હિંસાનો પ્રતિબંધ કરતાં કાયદાઓ થયાં છે. એ ભાવનાનાં સીમાચિન્હ સમું અશોકચક્ર આજે પણ આપણાં રાષ્ટ્રધ્વજ અને રાજ્ય મુદ્રામાં અંકિત છે, અને **તે એટલા માટે કે ભાવનાનાં સ્ખલનની કોઈ નબળી પળે એ મુદ્રા આપણને પ્રેરક અને બોધક બને.**

ભારતીય ભાવનાનાં સ્ખલનની પળ આજે ઉભી થઈ છે.

જે ભારતમાં "ગોબ્રાહ્મણ પ્રતિપાલ"નાં ઇલ્કાબો અપાતા એજ ભારતની ધરતી પર, મહારાષ્ટ્રને આંગણે, મુંબઇથી આશરે ૧૮ માઇલ દૂર થાણાખાડી વિસ્તારમાં ચેમ્બુર નજીકનાં દેવનાર ગામે એકસો છવીસ એકર જમીન પર, અંદાજ રૂપીઆ બે કરોડનાં ખરચે, ડેન્માર્કના નિષ્ણાતોની સલાહ મુજબનું, માત્ર છ કલાકમાં જ આશરે છ હજાર ત્રણસેં પશુઓને રહેંસી શકે તેવું-રાક્ષસી યાંત્રિક કતલખાનું, ભારતની વિકાસ યોજનાના એક ભાગ તરીકે શરૂ કરી, પશુઓનાં હાડમાંસ-જીભ-ચામડા આંતરડા, વગેરેની પરદેશી પેઢીઓનાં સહકારથી નિકાસ દ્વારા, અર્થ ઉપાર્જન કરવાનું આપણી ભારતીય સરકાર-મહારાષ્ટ્ર સરકાર અને મુંબઇ કોર્પોરેશને સંયુક્ત રીતે વિચાર્યું છે.

**આ ગોઝારા મહા પાપયજ્ઞનો ઠરાવ પ્રાથમિક કક્ષાએ થયો છે એથી હજુ કાંઈ બગડી ગયું નથી.**

આ યોજનાનો આ ત્રીજો ઉથલો છે.

સને ૧૯૨૫માં પહેલી વાત ઉપડી, વિરોધ થયો. વિરોધથી વાત પડતી મૂકવી પડી. સને ૧૯૩૨માં ફરી ઉપડી, ત્યારે પણ એમજ બન્યું. આજે એ વાત ફરીને ઉભી થઇ છે.

સને ૧૯૨૫-૧૯૩૨માં આપણે પરાધીન હતાં, આજે સ્વાધીન છીએ. બાપુએ ચીંધ્યા માર્ગે જનારૂં રાજ્ય એ વખતે ન હતું, અશોકચક્રનું ચિન્હ અને સત્યમેવ જયતેનું પ્રેરક સૂત્ર એ વખતે રાજ્ય મુદ્રામાં અંકિત ન હતાં, પંચશીલનાં સિદ્ધાંતો દુનિયાને ભેટ કરી શકે એવું ભારતનું આગવુ ગૌરવવંતુ સ્થાન પણ દુનિયામાં ન હતું. **એ વખતે પણ પડતા મુકાયેલા વિચારને પૂનર્જીવન આપવાની કુબુદ્ધિ આજે સૂઝી છે.**

**ભારત મરતાં શીખ્યું છે. મારવાનાં પ્રકરણો હજુ ભારતનાં ઇતિહાસમાં લખાયા નથી. શીલ, ધર્મ, ગૌરવ અને આબરૂ કરતાં ભારતે પૈસાને કદી પ્યારો ગણ્યો નથી. જીવનનાં ઉમદા તત્ત્વોના લિલામ ભારતે કદી નિહાળ્યા નથી. ભારત નામ સાથે જેને નિસ્બત હશે, એવો કોઈ ભારતવાસી નહી હોય કે આવા કલંકને આવકારે. આવી પતનની પરાકાષ્ટાની હીમાયત કરનાર ગમે તેટલો મહાન હોય તો પણ તે બહારથી ભારતવાસી છતાં અંતરથી પરદેશી જ છે.**

આવા કત્લખાનાની હીમાયત કરનારા ભારતનાં કુલદીપકો એકવાર જાહેર કરો અને કહો:-

કહો કે:-રામ, કૃષ્ણ, મહાવીર, બુદ્ધ, ઈશુ, મહમદ, નાનક, ગાંધી વગેરે યુગપુરુષો અમારા કરતા ઓછું જાણતાં હતાં,

કહો કે:-એવા પુરુષોએ પ્રબોધેલા દુનિયાનાં બધા ધર્મો ધતીંગ છે. માનવ જીવન સાથે એને લેવા દેવા નથી.

કહો કે:-લોકોની ધર્મ ભાવનાને અનુરૂપ હિંસાનો પ્રતિબંધ કરનારા કુમારપાળ, અશોક, અકબર વગેરે શાસન કર્તાઓ નિર્બળ અને સમજ વિનાનાં હતાં.

કહો કે:-અહિંસાનાં ગાણાં એ ફ્ટાણાં છે.

કહો કે:-પૈસો મેળવવા માટેની કોઈ પ્રવૃત્તિ પાપ નથી, પાપ હોય તો પરવા નથી, લાંછન હોય તો શરમ નથી.

**૫૪૨ : દેવનાર કતલખાનાનાં હિમાયતીઓને જાહેર નમ્ર વિનંતિ**

કહો કે:-પૈસા કરતાં ધર્મને પ્રાધાન્ય આપનાર આપણા વડવાઓ મૂર્ખ હતા, પછાત હતા.

કહો કે:-ભારત ખેતીપ્રધાન દેશ નથી, પશુધનની ભારતને જરૂર નથી.

કહો કે:-નિર્બળ પશુઓને મારવામાં મર્દાનગી છે.

કહો કે:-પશુ જીવનને રક્ષણ આપતી આપણાં બંધારણની કલમ ૪૮ નકામી છે.

કહો કે:-આ કતલખાનું નહીં થાય તો ભારત પર કટોકટી આવી પડવાની છે.

કહો કે:-આ મહાન રાષ્ટ્રીય નિર્ણય છે.

કહો કે:-ઓછામાં ઓછા સમયમાં અને વધુમાં વધુ પ્રમાણમાં મુંગા પશુઓને મારવાનો આ મહાઉદ્યોગ-એ અમારો રાષ્ટ્રીય ઉદ્યોગ છે, એ અમારો મહાન વિક્રમ છે.

કહો કે:-લોહીનાં વેપાર જેવો ગૌરવવંતો બીજો કોઈ વેપાર નથી.

કહો કે:-લોકલાગણીને પરધર્મી અને પરદેશી શાસનમાં જે સ્થાન હતું તે આજે નથી.

કહો કે:-ધર્મ ભાવના જેવી કોઇ વસ્તુ નથી. હોય તો અમે એ રહેવા દેવા માગતા નથી.

કહો કે:-દેવનારનું કતલખાનું એ ભાખરાનાંગલ જેવું રાષ્ટ્રીય તીર્થ છે. અમારી પંચવર્ષીય યોજનાનો આ નીચોડ છે.

કહો કે:-**આજે અમને કોઈ કહેનાર નથી, અમે બેફામ બન્યા છીએ, ભારતીય આબરૂનાં ચીર અમારા હાથે જ અમે ખેંચવા માંગીએ છીએ.**

એમ ન હોય તો કરોડો આશ્રયે રહેલાં મૂંગા, અજ્ઞાન, નિરાધાર, પામર પશુઓનાં લોહી છાંટીને રોટલા ખાવાનો ભાવ ન થાય; ભારતીય ભૂમિમાંથી પશુધનનાં નાશનો આવો પરશુરામી નિર્ણય ન થાય.

**આવો આકરો નિર્ણય લીધો છે ત્યારે આ કહેવું પડે છે.**

દીલમાં દયા હોય તો કરગરીને કહીએ છીએ, મનમાં અભિમાન હોય તો નમીને કહીએ છીએ, હૃદયમાં સાચું સમજવાની દૃષ્ટિ હોય તો પોકારીને કહીએ છીએ કે **આ પાપનો માર્ગ છે. પતનની પરાકાષ્ટા છે. કૃપા કરી પાછા વળો. જીવો અને જીવવા દો. એ લોહીનો વેપાર અને લોહીનો રોટલો ભારતને નથી ખપતો.**

ભારતીય સંસ્કૃતિમાં માનનાર તમામ ભારતવાસીઓનો આ અંતરનાદ છે, એની નોંધ લેશો.

લિ. ભારતીય સંસ્કૃતિના ચાહક

**વઢવાણ શહેર** **શાહ રતિલાલ જીવનલાલ અબજીભાઈનાં** જયહિન્દ

સરનામું:-**શાહ રતિલાલ જીવનલાલ અબજીભાઇ।**
વિઠ્ઠલપ્રેસ રોડ, **સુરેન્દ્રનગર** (ગુજરાત).

# ધન્ય પિતા! ધન્ય પુત્રી!

પૂ. મુનિરાજ શ્રી રાજેન્દ્રવિજયજી મહારાજ

ધર્મ જેનાં હૃદયમાં વસ્યો હોય છે, તે આત્મા નિઃસ્પૃહ તથા નિરપેક્ષ હોય છે, સ્વામી પોતાની સત્તાના બળે સેવકને ધર્મથી ભ્રષ્ટ કરવા ને પોતાનુ ધાર્યું કરાવવા કેટલી હદે જઈ શકે છે? છતાં નિડર ધર્માભિમાની પંડિત ધનપાલ કઈ રીતે મક્કમ રહે છે? ને તેની પુત્રી તે પંડિતને કઇ રીતે સહાયક બને છે? તે હકીકત આ ટૂંકો છતાં મહત્વનો કથા પ્રસંગ તમને કહી જાય છે. મર્મસ્પર્શી ને સારગ્રાહી શૈલીયે લખાયેલ આ કથા-પ્રસંગ તમને અવશ્ય રસ પ્રદ ને પ્રેરક બનશે.

❉

મહારાજા ભોજની સભામાં આજે ઉભા રહેવાની પણ જગ્યા નથી....મહાકવિ ધનપાલે બનાવેલો નવો ગદ્યગ્રંથ આજે સભામાં મૂકવાનો છે.... કવિવરની કાવ્ય શક્તિની તે વખતે જગતમાં બોલબાલા હતી....ધારા પ્રવાહે જ્યારે ધનપાલ સંસ્કૃત લલકારતા ત્યારે ભલભલા પંડિતોના પણ છક્કા છૂટી જતા. બ્રાહ્મણ કુલ અને બાલપણથી સંસ્કૃત સરસ્વતીની ઉપાસના, પછી પૂછવું જ શું? થોડા સમયમાં જ ધનપાલ જગત વિખ્યાત બની ગયા....

જેમ જેમ માનવ આગળ વધતો જાય છે તેમ તેમ તેની એકાન્ત ઉપાસના પણ આગળ ધપતી જાય છે.... છેલ્લા થોડા સમયની એવી જ ઉગ્ર ઉપાસનાના પરિણામે મહાકવિ એક મહાકાય ગ્રંથ નિર્માણ કરી શકયા હતા.

સભાનો સમય થતાં જ માલવાધીશ ભોજરાજ રાજસિંહાસન પર આરૂઢ થયા...મહાકવિ ધનપાલ પણ નૂતન ગ્રંથ લઇને સભામાં ઉપસ્થિત થયા હતા....કવિવર તમારી નૂતન કૃતિ સંભળાવી સભાજનોના શ્રવણને પવિત્ર બનાવો....તમારી નવીન રચના સાંભળવા સભા આતુર નયને તમારી તરફ જોઈ રહી છે.

રાજાની આજ્ઞા થતાં જ ધનપાલ કવિએ ઇષ્ટ દેવનું સ્મરણ કરી પાનાં ઉપાડયા.

ગંભીર મેઘ ધ્વનિ જાણે ગગનમાં ગાજવા લાગ્યો.

શરણાઇઓના મધુર સ્વરો જાણે કાનમાં ગુંજવા લાગ્યા.

કવિવરના એકેએક શબ્દે સભા આનંદસાગરમાં ડૂબી રહી છે....મહાકાવ્યનાં પ્રાકૃતિક વર્ણનો કવિઓને આનંદ ઉપજાવી રહ્યા છે....અયોધ્યાનગરીનું વર્ણન, ભગવાન ઋષભદેવનું વર્ણન, ભરત મહારાજાનું વર્ણન વગેરે એ કાવ્યનાં ખાસ આકર્ષણો હતાં....

પદ્ય કાવ્યમાં મધુરતા આવવી સહેજ છે. જ્યારે ગદ્ય કાવ્યમાં પદલાલિત્ય અર્થમાધુર્ય, ભાષાસૌષ્ઠવ લાવવા અતિ ગહન છે, પદ્ય કાવ્ય બનાવવાં અપેક્ષાએ સરલ કાવ્ય છે. ગદ્ય કાવ્ય મગજનું દહીં બનવા છતાં ય સુંદર નથી બનતાં....

કવિવરે તો ગદ્ય કાવ્ય બનાવ્યું છતાં ય એમાં ઓજસ્ અખંડિત હતું. પ્રસાદ ગુણ ભરપૂર હતો. શબ્દોની સ્વચ્છતા અને ભાષાની સરલતા આકર્ષક હતાં.

સભા તો આ મહાકાવ્યને સાંભળીને ચકિત બની ગઇ. ભોજરાજા પણ વિસ્મિત બની ગયા...

ભોજરાજાનાં મનમાં નવા જ વિચારો આવવા લાગ્યા... કવિવર ધનપાલને એકાન્તમાં બોલાવી રાજાએ કહ્યું.

— કવિવર! તમારી કાવ્યપ્રતિભા ભારતવર્ષમાં ગૌરવશીલ બની રહી છે. તમારું આ કાવ્ય સાંભળી મને એક નવો જ વિચાર સૂઝી આવ્યો છે. મારું અને તમારું નામ અમર રહી જાય તેમ છે. બોલો હું કહું તે કરવા તૈયાર છો?

'રાજન્! આજ સુધી મને નામ અમર રહી જાય તેવી ઘણી ઘણી ઝંખના હતી. પણ જ્યારથી

મારા બંધુ મહામુનિ શોભનમુનિના સમાગમમાં આવ્યો. એ મહામુનિએ જ્યારથી મને સમ્યગ્ પંથે વાળ્યો ત્યારથી મારી કીર્તિની ખોટી લાલસા મરી પરવારી છે. **જૈન શાસનને પામનાર, હૃદયથી એની આરાધના કરનાર આત્મા કીર્તિની લાલસામાં પડી આત્મત્વની કદી ઉપેક્ષા કરે નહિ.** પૂર્વ જીવનમાં કીર્તિ મેળવવા મેં ઘણા ધમપછાડા કર્યાં હતા, તમારા જેવા નરેશોની સેવા કરતાં મારી ઇષ્ટ સિદ્ધિને પણ હું ભૂલી ગયો હતો... એટલે કીર્તિની લાલસા ખાતર નહિ, પણ આપનો સેવક છું. અન્ન ખાઉં છું તો મારાથી શકય હશે તેટલી આપની સેવા બજાવી શકીશ. ધનપાલે રાજાભોજને સ્પષ્ટ સંભળાવી દીધું.

કવિવર! આટલા ધર્મઘેલા ન બનો...તમારા અને મારા બન્નેના લાભની આ વાત છે. જુઓ... આ મહાકાવ્ય ભારતવર્ષમાં તમારી અમર યાદી મૂકી જાય તેમ છે. માટે.... અયોધ્યાના વર્ણનની જગ્યાએ ધારાનું નામ જોડી દો. આદિનાથ ભગવાનના સ્થાને મહાકાલનું વર્ણન કરો. ભરતરાજાના જગ્યાએ મહારાજા ભોજને મૂકી દો. વર્ણન એનું એજ, ફકત નામમાં જ ફેરફારી કરવી પડશે. બદલામાં ભંડારમાંથી જેટલું જોઇએ તેટલું ધન ઉપાડી શકો છો...

ભોજરાજાના શબ્દો સાંભળતા જ ધનપાલ અર્ધો ઉભો થઇ ગયો...એના અંતરમાં ઉલ્કાપાત મચી ગયો. એનું ખમીર ચુસાતુ હેય એમ એને લાગ્યું. ધનપાલે તો મહારાજા ભોજને સ્પષ્ટ શબ્દોમાં સંભળાવી દીધું.

મહારાજ! સૂર્યની સાથે ખદ્યોતને કદી ન સરખાવી શકાય....સિંહના સ્થાને હરિણ કદી ન શોભી શકે! સાધુ પુરુષની સાથે સંસારીની સરખામણી કદિ ન થાય...કયાં મહાકાલેશ્વર અને કયાં પરમવિતરાગી ભગવાન આદિનાથ? કયાં દેવ નિર્મિત અયોધ્યા અને કયાં તમારી ફિક્કી લાગતી ધારા? ભરતરાજની ઋદ્ધિ કયાં અને તમારી ઋદ્ધિ કયાં? મહારાજ! કાવ્યો કંઇ ખરીદાતા નથી. સરસ્વતી મયાની કૃપા છે. ભગવાન વીતરાગનું શાસન અમારા હૃદયમાં વસેલું છે. તો અમે કદી ભૂખે નથી મરવાના, બાકી ત્યાગી–મહાત્યાગીના વર્ણનના બદલે તમારા વર્ણનને જોડી અમારી સરસ્વતીની વિરાધના કદિ નહિ કરીએ!'

આખાબોલા ધનપાલને ભોજરાજ ફાડી આંખે જોઇ રહ્યો...ધનપાલના શબ્દે શબ્દ બાણની જેમ ભોંકાઇ ગયા હતા.

ધનપાલ! નિમકહરામ ન બન! પોષેલ પશુ પણ માલીકને વફાદાર રહે છે ત્યારે તું...આજે કયા શબ્દો મારી સામે બોલી રહ્યો છું. તેનું તને ભાન છે ખરૂં? ફરીને પણ તને જણાવી દઉં છું કે મારી આજ્ઞા પ્રમાણે વર્તવા જો તું તૈયાર હોઈશ તો તારા માટે બધું જ તૈયાર છે નહિતર...!

'મહારાજ! ધર્મનું બલિદાન આપીને ધન મળતું હોય તો એવા ધનની મારે જરૂર નથી. તમારી કૃપા કદાચ એક ભવનું કલ્યાણ સધાવી શકશે, મારા અનન્તાભવોની કલ્યાણકામના તો મારા મહાપ્રભુને આધારે છે.

વિફરેલા વાઘની જેમ ધનપાવનાં વચનો સાંભળતાં જ રાજા ભોજે ધનપાલની પાસેથી આદિનાથ મહાકાવ્ય લઇ પાસે સળગતી સગડીમાં નાંખી દીધું.

મહાકાવ્યને અગ્નિએ ભરખી લીધું. ધનપાલની અનંત આશાઓ પણ આજે બળીને ખાખ થઇ ગઇ હતી.

( ૨ )

પિતાજી! ઘણા દિવસથી હું તમારૂં ઉદાસી મુખ જોઇ રહી છું...અન્ન ઝેર થઇ ગયું છે નિદ્રા વેરણ બની ગઇ છે. જ્યારે હું તમને જોઉં છું ત્યારે તમે ઉના નિસાસા જ નાખતા હો છો....પિતાજી! તે દિવસે તમે રાજસભામાંથી ઉદાસ મુખે આવ્યા હતા. તે પછી આજ સુધી લગભગ તમે નિરાશ જ હો છો આનું કારણ શું છે? ધનપાલની પુત્રી તિલકમંજરી બાલસુલભ સ્વભાવે પિતાજીને પૂછી રહી....

આવી સરલ અને વિનયી પુત્રી આગળ કંઇપણ છુપાવવું ધનપાલને યોગ્ય લાગ્યું નહિ...રાજા ભોજે પોતાની બનાવેલી કૃતિને બાળી નાંખ્યાની દર્દભરી વાત દીકરીને કહી સંભળાવી !

પિતાજી ! ભોજરાજ એ કૃતિમાં પોતાનું નામ જોડવા માગતા હતા. કેટલી કીર્તિની ઝંખના ? અને આ નકલી કીર્તિની કામનામાં કરોડો માનવો હોમાઈ ગયા...! ખેર ! આપને મુંઝાવાની જરૂર નથી... 'આપની એ કૃતિ મને અક્ષરશઃ કંઠસ્થ છે. આપ કલમ-કાગળ હાથમાં લ્યો ! અને હું બોલી જાઉં છું'

બેટા ! તારા વૃદ્ધપિતાની તું મશ્કરી તો નથી કરતી ? એ મહાકાવ્યગ્રંથ અભ્યાસ કરતાં તો વર્ષો વીતી જાય તેમ છે– તો તેં કઇ રીતે એ ગ્રંથ કંઠસ્થ કર્યો હશે? ધનપાલ પુત્રીની પૂરી તપાસ લેતા હતા.

આપ પાનાં લખીને વિશ્રાન્તિ લેવા જતા તે વખતે રસપૂર્વક આપના લખાણને અક્ષરશઃ વાંચી લેતી હતી એકજ વખત વાંચવાથી મને આખોય ગ્રંથ યાદ રહી ગયો છે.

પુત્રીની શક્તિ પિતા નમ્રભાવે નિરખી રહ્યા.

બીજા જ દિવસથી મહાકાવ્યનો પુનરુદ્ધાર ચાલુ થયો.

બાલસ્વરૂપ ધારણ કરેલી સરસ્વતી જેવી **તિલકમંજરી** અજબ છટાથી ગદ્યગ્રંથ બોલે જાય છે. .ધનપાલની કલમ કરતાં તિલકમંજરીની તેજીલી જીભ આગળ વધતી રહે છે.

પરિણામે બળીને ખાખ થઇ ગયેલો ગ્રંથ તૈયાર થઈ ગયો. પુત્રીના નામ પરથી એનું નામ "તિલકમંજરી" પાડયું.

મહાકાવ્યોમાં તિલકમંજરીનું સ્થાન અનોખું છે...એનું શબ્દનું ખોખું જ એટલું તો ચોકખું દેખાય છે કે જોતાં અને વાંચતાં જ હૃદય હર્ષિત બની જાય.

ધન્ય પિતા !

ધન્ય પુત્રી !

ધનપાલે જગતમાં મહાકવિ તરીકે અમર નામના મેળવી છે.

કવિવરના શાસનપ્રેમને હૃદય નમી પડે છે.

ધનપાલ ધનનો પૂજારી નહિ ધર્મનો જ પૂજારી હતો.


**અમુલ્ય-ભેટ** તરત મંગાવી લો

ઓઘનિર્યુક્તિ-પરાગ- (ગુજરાતી ભાષામાં) નિરંતર ૫૦૦ અને ૫૦૦ થી વધારે અને એકાંતરે ૫૦૦ આયંબિલ કરનારા સાધુ-સાધ્વિજીઓને ભેટ આપવાની છે તો તેમને ખાસ વિનંતી કે પોતાનું ઠામ-ઠેકાણા સાથે પોસ્ટેજ તથા પેકીંગ ચાર્જના નવા પૈસા ૮૬ નીચેના સ્થળે મોકલી સં. ૨૦૧૯ ના કા. સુદ ૧૫ પહેલાં તુરત મંગાવી લેવી.

સ્થળ :–**દોશી રજનીકુમાર દલીચંદ ચોકસી**
સોના ચાંદીના વેપારી, બજારમાં
મુ. પોસ્ટ **સાવરકુંડલા** (સૌરાષ્ટ્ર)

વિશ્વકલ્યાણ પ્રકાશનનું

**સાકર જેવું સાહિત્ય !**

| | રૂ. ન.પૈ. |
|---|---|
| (૧) ભવના ફેરા | ૧–૦૦ |
| (૨) શ્રમણની જીવનસંપત્તિ | ૦–૭૫ |
| (૩) તીર્થયાત્રા | ૦–૫૦ |
| (૪) નમસ્કાર ગીતગંગા | ૧–૦૦ |
| (૫) નમસ્કાર રસગંગા | ૦–૫૦ |
| (૬) શાન્તિગીત | ૦–૨૫ |
| (૭) મનનું ધન | ૦–૨૫ |
| (૮) ગુણવૈભવ | ૦–૨૫ |
| (૯) સરળ નવતત્ત્વ | ૦–૭૫ |
| (૧૦) ત્રિલોકદર્શન (બૃહત્‌સંગ્રહણી) | ૧–૦૦ |
| (૧૧) નવકારનું દ્વિરંગ ચિત્ર | ૦–૧૨ |

વગેરે...

સુવાચ્યશૈલીમાં જૈન-જૈનેતર અને બાલ યુવાન સહુને ગમી જાય તેવું આ સાહિત્ય છે. ઘરમાં વસાવો, મિત્રોને આપો, પ્રભાવના કરો.

પ્રાપ્તિસ્થાનો :
**૧. વિશ્વકલ્યાણ પ્રકાશન**
**હારીજ** (ઉ. ગુજરાત)
**૨ સેવંતીલાલ પોપટલાલ**
દવાના વેપારી, **મહેસાણા** (ઉ. ગુ.)

# સમાચાર સાર

ગત વિશેષાંક પર્યુષણાની નજીકમાં નીકળેલ, બાદ પર્યુષણા આવ્યા,ને તરત જ આ અંકનું કાર્ય શરૂ કરેલ. તે દષ્ટિયે તા. ૫-૯-૬૨ સુધી આવેલા સમાચારોને અહીં સ્થાન મલી શકયું છે; ત્યાર બાદ આવેલા સમાચારો પ્રસિદ્ધ થઈ શકયા નથી. પણ અમારાપર આત્મીયભાવે જેમણે સમાચારો મોકલેલ છે તે બધાયને અમે હવે પછીના અંકમાં અવશ્ય સ્થાન આપવા શકય કરીશું. સર્વ કોઈ અમને આ માટે ક્ષમા આપે!

**દેવનાર કતલખાનાની યોજના સામે:**- રવિવાર તા. ૨૯-૭-૬૨ના સુરત ગોપીપુરા મોહનલાલજી જૈન ઉપાશ્રયમાં દેવનાર કતલખાનાની યોજના સામે વિરોધ દર્શાવવા એક જાહેર સભા યોજાઈ હતી. સભાના પ્રારંભમાં સંઘપતિ ડો. શ્રી નવીનભાઈ નગરશેઠે સભાનો હેતુ જણાવેલ. શ્રી મુલચંદ કાપડીયાએ ટૂંકમાં યોજના સામે યોગ્ય વિવેચન કરેલ. ત્યારબાદ પૂ. મુનિરાજ શ્રી યતીંદ્રવિજયજી મહારાજે આર્યસંસ્કૃતિ અને અહિંસા વિષે મનનીય પ્રવચન કર્યું હતું, ને અંતે તેઓશ્રીએ જણાવેલ કે આ માટે વેળાસર પ્રજાસત્તાક ભારત સરકારને હિંસાત્મક પ્રવૃત્તિઓ અટકાવવા માટે આપણે જણાવી દેવું જોઈએ. બાદ કતલખાનાનો વિરોધ કરતો ઠરાવ સર્વાનુમતે પસાર થયેલ.

**ભુજ:**-પૂ. પાદ પંન્યાસજી મહારાજ શ્રી કનક. વિજયજી ગણિવરશ્રીની અધ્યક્ષતામાં અત્રે સમસ્ત ભુજ શહેરના નાગરિકોની જાહેર સભા યોજાઈ હતી. અને મહારાષ્ટ્ર ખાતે દેવનાર કતલખાનાની યોજના જે થઈ રહી છે તે સામે સર્વાનુમતે વિરોધ ઠરાવ પસાર થયેલ. ઘટતા સ્થળે તારો તથા ઠરાવો મોકલાયા હતા. પૂ. પંન્યાસજી મહારાજશ્રીએ ભારત સરકારના તંત્રમાં વધી રહેલી જીવહિંસાની પ્રવૃત્તિ વિષે ભારે શબ્દોમાં સખ્ત અણગમો દર્શાવી તેનો વિરોધ કરવા સર્વ કોઈને હાકલ કરી હતી.

**ઉપયોગી વસ્તુ મોકલશો:**-ટીપટુર ખાતે એક વરસથી ઘર દેરાસર શરૂ કરેલ છે. જૈન ભાઈઓ ઠીક લાભ લઈ રહ્યા છે. તો દેરાસરજીને માટે નીચેના વસ્તુની જરૂરીયાત છે, તો તે માટે સર્વ જૈન સંઘોને વિનંતિ છે કે બની શકે તો વ્યવસ્થા કરી મોકલવા પ્રબંધ કરે. ૧. ચંદરવો, ૧ પુંઠીયું, તેમજ ભગવાનની પાછળ રાખવા માટે એક છોડની જરૂર છે. તેમજ બીજી પણ દેરાસરજીને અંગે ઉપયોગી વસ્તુ હોય તો મોકલવા વિનંતિ છે. મોકલવાનું સરનામું શાહ ત્રંબકલાલ મણિલાલ P. B. No. 8, Tiptur (S. Rly.)

## પૂ. પંન્યાસજી મ. શ્રી મહિમાવિજયજી ગણિવરના કાળધર્મ અંગે

પુના-પૂ. પંન્યાસજી મહારાજ શ્રી મહિમાવિજયજી ગણિવરશ્રી લીંબડી મુકામે કાલધર્મ પામ્યાના સમાચાર મલતાં પુના શહેર ખાતે શોકની લાગણી છવાયેલ, જૈન ઓશવાલ સંઘના ઉપાશ્રયે સામુદાયિક દેવવંદન થયેલ. પુના કેંપમાં દેવવંદન થયેલ. પુના કેંપ તથા શહેરમાં મહોત્સવ થયેલ તેમજ આંગી આદિ થયેલ. શ્રી જૈન જ્ઞાનોત્તેજ મંડલ, ટીટોઈ દધાલીયા જૈનબંધુ સમાજ તરફથી શ્રદ્ધાંજલિ સમર્પણ નિમિત્તે જાહેર સભા થયેલ.

**જૂન્નેર:** (જી. પુના) પૂ. પં. શ્રી મહિમાવિજયજી મ. શ્રીના કાલધર્મ નિમિત્તે અત્રેના મહારાષ્ટ્રીય જૈન વિદ્યાભુવન તરફથી જાહેર શોકસભા યોજાયેલ, એનો તરફથી પૂજા અને સંઘ તરફથી પૂજા ભણાવાયેલ. અત્રેની નજીક નીમગિરિ ટેકરી પર થયેલ વિમાની અકસ્માતમાં બ્હેન સૂર્યલતાના મૃત્યુ અંગે તેમની અંતિમ વિધિ માટે વિદ્યાભુવનના કાર્યકર્તાઓએ તથા સ્ટાફે જે સહકાર આપેલ તેથી સ્વ. ના વડિલ શ્રી રતિલાલ દોશીએ સંસ્થાને ૭૫૧, તથા બન્ને દેરાસરોને ૫૧, તથા જૈન પાઠશાળાને ૨૫

એ રીતે ભેટ આપેલ. તે બદલ સંસ્થાએ તથા સંઘે આભાર વ્યકત કરેલ. ને સ્વ. ના આત્માની શાંતિ ઇચ્છી હતી.

**દાંતા-ભવાનગઢઃ**-પૂ. પં. મ. શ્રી મહિમાવિજયજી મ. ના કાલધર્મ નિમિત્તે અત્રે જૈન વ્યાપારી-ભાઇઓએ દુકાનો બંધ રાખેલ. જિનાલયમાં ભવ્ય આંગી રચાયેલ. તથા પૂજા ભણાવાયેલ શ્રી મહિમા જૈન શ્વે. મિત્રમંડલ તરફથી શોક સભાની યોજના થયેલ.

**સંગમનેરઃ**-પૂ. પં. મ. શ્રી મહિમાવિજયજી ગણિવરશ્રીના કાલધર્મ નિમિતે સંગમનેર જૈન સંઘે દેવવંદન કરેલ. ગામમા સંપૂર્ણ હડતાલ પડેલ જીવ-દયાની ટીપ થયેલ. અઠ્ઠાઇ મહોત્સવ કરવાનું નક્કી થયેલ.

**લીંબાડીયાઃ**-અત્રે પૂ. પં. શ્રી મહિમાવિજયજી ગણિવરશ્રીના કાળધર્મ નિમિત્તે સખ્ત હડતાલ રાખેલ ને પૂજા ભણાવાયેલ.

**મોટા પોશીનાઃ**-અત્રે પૂ. પં. શ્રી મહિમા-વિજયજી મ. ના કાલધર્મ નિમિત્તે ચતુર્વિધ સંઘે દેવવંદન કરેલ. સખ્ત હડતાલ રાખેલ. પૂજા, આંગી થયેલ. તેઓશ્રીના સદુપદેશથી સંગિત મંડલની સ્થાપના થયેલા છે જે આજે પણ વ્યવસ્થિત ચાલે છે. અત્રે પૂ. મુનિરાજશ્રી આનંદવિજયજી મહારાજ ચાતુર્માસાર્થે બિરાજમાન છે.

**મંચર** (જી. પુના) પૂ. પં. શ્રી મહિમાવિજયજી મ. ના કાલધર્મ નિમિતે સંઘે દેવવંદન કરેલ ને પાખી રાખેલ. સમુદાયિક સ્નાત્ર તથા આંગી થયેલ.

**ઈડરઃ**- પૂ પં. શ્રી મહિમાવિજયજી ગણિવરના કાલધર્મ નિમિતે જૈન સંઘે બે દિવસ પાખી રાખેલ. પૂ.પાદ આ. મ. શ્રી વિજયભુવનસૂરીશ્વરજી મ. શ્રીની શુભ નિશ્રામાં દેવવંદન કરેલ. શોકસભા થયેલ. મહોત્સવ શ્રી સંઘ તરફથી ઉજવાયેલ નેસંઘે અનેક-વિધ તપશ્ચર્યા તથા યાત્રાઓ તે નિમિતે નોંધાવેલ છે ૧૩ અઠ્ઠમ, ૧ છઠ્ઠ, ૮૦ ઉપવાસ, ૩૧૪ આયંબિલ, ૭૨૮ એકાસણા, ૨૮૫ બેસણા, ૧૨ યાત્રા, ૨૪ પૌષધ, ૩૦૬૩ સામાયિક, ૧૭૧ ઇડરગઢ યાત્રા, ઇડરગઢ નવાણું, ૨૯૦૦૦ સ્વાધ્યાય, ૪ શત્રુંજય યાત્રા, ૧ ગિરનાર યાત્રા, ઈત્યાદિ યાત્રા, તપશ્ચર્યા નોંધાઇ છે.

**હિંમતનગરઃ**-અત્રે પૂ. પં. શ્રી મહિમાવિજયજી મ. ના કાલધર્મ નિમિતે અઠ્ઠાઇ મહોત્સવ તેમજ સામુદાયિક આયંબિલ તપ થયેલ.

**સાવરકુંડલાઃ**-પૂ. પં. શ્રી મહિમાવિજયજી મ. ના કાલધર્મના સમાચાર મલતાં પૂ. પાદ આ. મ. શ્રીમદ્ વિજય જંબૂસૂરીશ્વરજી મહારાજશ્રીની શુભ નિશ્રામાં ચતુર્વિધ સંઘે દેવવંદન કરેલ. અને શ્રી સંઘે તેઓશ્રીના ગુણાનુવાદપૂર્વક શોકદર્શક સભા કરીને તાર મોકલેલ. પૂજા, આંગી, પ્રભાવના થયેલ. શેઠ અમરચંદ કુંવરજીભાઇ-સંઘ પ્રમુખ તરફથી પણ પૂ. પં. મ. શ્રી પ્રવીણવિજયજી ગણિવર પર તાર મોકલવામાં આવેલ. સંઘે સમવેદના વ્યક્ત કરેલ.

**ભુજઃ**- પૂ. પાદ પંન્યાસજી મ. શ્રી કનકવિજયજી ગણિવરશ્રીની શુભ નિશ્રામાં પૂ. પં. શ્રી મહિમા-વિજયજી ગણિવરશ્રીના દુઃખદ કાલધર્મ અંગે દેવ-વંદન થયેલ. પૂજા, આંગી, ભાવના થયેલ. ને વ્યાખ્યાનમાં શોક પ્રદર્શિત કરવામાં આવેલ.

**શિલાસ્થાપનાઃ**-દાંતરાઇ (રાજસ્થાન)માં શ્રી શીતલનાથજીના દેરાસરનો જીર્ણોદ્ધાર કરવાનું નકકી થતાં. તેનું શિલારોપણ ધામધૂમથી થયેલ. રૂ. ૫૫૦૧, બોલીથી શ્રી ચીમનલાલ રતનાજીએ પોતાના શુભ હસ્તે થયેલ.

**ડભોઇઃ**-અત્રેની શ્રી જૈન બાલમંડલ સોસાયટી તરફથી વડોદરાના જાણીતા આગેવાન અને સમાજના પ્રસિદ્ધ કાર્યકર શ્રી નાગકુમાર મકાતીના મુંબઇ મુકામે થયેલ દુઃખદ અવસાનને અંગે શોકાંજાલ સમર્પિત થયેલ. તેમજ મુંબઇ નજીક દેવનાર મુકામે સરકાર તરફથી થનારા જંગી કતલખાનાનો સખ્ત વિરોધ જાહેર કરેલ ને કતલખાનાની યોજના પડતી મુકવા અનુરોધ થયેલ.

**ખંભાતઃ**-સ્થંભન તીર્થ તપગચ્છ જૈન સંઘની લાડવાડા જૈન ઉપાશ્રયે તા. ૪-૮-૬૨ ના સભા મલી હતી. પૂ. મુનિરાજ શ્રી હંસસાગરજી ગણિવર્ય

શ્રીની અધ્યક્ષતામાં એકત્ર થયેલ. આ સભામાં દેવનાર ખાતે સ્થપાનાર કતલખાનાની યોજનાનો સખ્ત વિરોધ વ્યકત થયેલ, ને જોરદાર આંદોલન કરવા ભારતની જીવદયાપ્રેમી જનતાને અનુરોધ કરેલ.

**વાર્ષિક મેળાવડો:**–ચાણસ્મા ખાતે જૈન પાઠશાળાના વાર્ષિક પરિક્ષા મહેસાણા પાઠશાળાના ધાર્મિક શિક્ષક શ્રી કાંતિલાલ બા. મહેતાએ લીધેલ. પરિણામ ૮૮ ટકા આવેલ. તેનો ઇનામી મેળાવડો અસાડ વદિ ૧૩ ના પૂ. પંન્યાસજી મ. શ્રી પરમપ્રભવિજયજી ગણિવરશ્રીની અધ્યક્ષતામાં યોજાતાં જન સંખ્યા સારી હાજર રહેલ. બાલકો બાલિકાઓના કાર્યક્રમ બાદ પારણામ ધાર્મિક શિક્ષક શ્રી કનૈયાલાલ વલાણીએ રજૂ કરેલ. મહેસાણાથી આ પ્રસંગે પધારેલ પરીક્ષક શ્રી વાડીલાલભાઈએ શ્રુતજ્ઞાનની મહત્તાને અંગે વિવેચન કરેલ. પાઠશાળાના સહાયક ફંડની યોજનામાં અનેક નામો નોંધાયેલ. શેઠ શ્રી શિવલાલભાઇ ફુલચંદભાઇનાં શુભ હસ્તે રૂા. ૩૦૦ નું ઇનામ વહેંચાયેલ. શિક્ષક શ્રી કનૈયાલાલને રૂા. ૨૫ માનાર્થે આપવામાં આવેલ.


**કેશરીયાજી તીર્થને અંગે ફરિયાદ :** તાજેતરમાં કેસરીયાજી તીર્થની યાત્રા કરીને આવેલા કેટલાક ભાઇઓની ફરીયાદ છે કે 'કેશરીયાજી તીર્થનો વહિવટ રાજસ્થાન સરકાર કરે છે, ને તેના કર્મચારીઓ મુખ્યત્વે અન્ય દર્શનીઓ છે એટલે ખૂબ આશાતના થાય છે. આ તીર્થના લાખ્ખો રૂા. હોવા છતાં દેરાસરમાં સ્વચ્છતા રહેતી નથી. પૂજા વિધિ બરાબર જળવાતી નથી. પ્રભુજીની પૂજાના ચઢાવા પંડયા લઇ લે છે માટે ત્યાં કાંઇપણ ઉપજ કરાવવા જેવુ નથી. ત્યાં જૈનસમાજની પેઢી છે, તેનો સંપર્ક સાધવો ને જે કાંઇ ભરાવવું હોય કે માહિતી મેળવવી હોય તે ત્યાંના વહિવટદારો પાસેથી મેળવવી. ચતુર્વિધ સંઘની તે પેઢી તરફથી બધી સગવડ ભક્તિ તથા વૈયાવચ્ચ થાય છે.

**શિવગંજ :** (રાજસ્થાન) પૂ. વયોવૃધ્ધ સ્થવિર મુનિરાજ શ્રી ત્રિલોકવિજયજી મ. ની સેવા માટે પૂ. મુનિરાજ શ્રી મુક્તિવિજયજી આદિ ઠા. ૨ ચાતુર્માસાર્થે બિરાજમાન છે. વ્યાખ્યાન ચાલુ છે. પર્વાધિરાજની આરાધના સુંદર રીતે થયેલ.

**સાંડેરાવ :** પૂજ્ય પાદ આચાર્ય મહારાજ શ્રી વિજયહિમાચલસૂરીશ્વરજી મ. તથા મુમુક્ષુ મુનિરાજ શ્રી ભવ્યાનંદવિજયજી મહારાજ આદિ ઠા. ૧૦ અત્રે બિરાજમાન છે. વ્યાખ્યાનમાં ઉપાસક દશાંગ સૂત્ર તથા ધન્યચરિત્ર ચાલુ છે. સાધુ-સાધ્વીજી સમુદાયને યોગોદ્વહન ચાલે છે. શ્રી પુખરજજી રૂપચંદજી તરફથી ચાતુર્માસ કરાવેલ છે મહેમાન આદિની ભક્તિ તથા બીજી બધી વ્યવસ્થા તેમના તરફથી છે તેમના તરફથી ઉપધાન તપ કરાવાની સંભાવના છે. ૧૪ પૂર્વનો તપ થયેલ. પર્વાધિરાજની આરાધના સુંદર થઇ છે.

**વગડીયા:**–પૂ. મુ. શ્રી માનતુંગવિજયજી મ. શ્રી અત્રે ચાતુર્માસાર્થે બિરાજમાન છે, શ્રી સંઘમાં જાગૃતિ સારી આવી છે. પર્યુષણાપર્વની આરાધના રૂડી રીતે થઇ હતી

---



જેઓએ ૩।। વર્ષની વયે આયંબિલ શ્રાવણ શુદ ૧૧ નું કરેલ. બાદ જેઓ વારંવાર આયંબિલ કરે છે. નિયમિત દેરાસરે અષ્ટપ્રકારી પૂજા કરે છે. નખત્રાણા નિવાસી પંડિત ખુશાલચંદ વસ્તાચંદના જેઓ દૌહિત્ર છે તેમના પિતા પણ ધર્મપ્રેમી તથા ક્રિયા પરાયણ છે.

## ભાયખલા (મુંબઇ) ખાતે અદ્વિતીય ધર્મ પ્રભાવના

પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય લક્ષ્મણસૂરીશ્વરજી મહારાજની પૂનિત નિશ્રામાં આ સાલ ભાયખલા મોતીશા જૈન મંડપમાં પર્યુષણા પર્વની આરાધના અપૂર્વ ઉલ્લાસથી કોઈ અનેરી થવા પામી હતી. વર્ષો પછી આવું ભવ્ય વાતાવરણ અત્રે સર્જાતાં-જનતાના ઉત્સાહનો પાર નહોતો. ૪૦૦૦ મણ ઘીની ઉપજ, ૨૦૦૦) પાઠશાળામાં, આયંબીલખાતામાં ૨૫૦૦, ૧૮૫ ચોસઠ પહોરી પૌષધ, દરરોજ ચોમેરથી હજારો સ્ત્રી પુરુષોની જામતી ભવ્ય મેદની, વિશાળ મંડપ પણ આ વખતે નાનો પડયો હતો. જમના બહેને સિદ્ધિ તપ કર્યો હતો, મુનિરાજશ્રી પૂર્ણભદ્રવિજયજીએ ૨૧ ઉપવાસની તપશ્ચર્યા કરી હતી. ૬૦૦ થી ૭૦૦ પૌષધ તો સંવત્સરીનાજ હતા. ૯-૮ વ. ની તપશ્ચર્યા વિપુલ પ્રમાણમાં હતી. ૧૭૫ ભાઈ બહેનો પચરંગી તપમાં જોડાયા હતા ૧૨૫ ભાઈ બહેનો ચૌદ પૂર્વમાં જોડાયા હતા. સંવત્સરીના પારણાનો મોટી સંખ્યાનો લાભ શેઠ કપૂરચંદ હીરાજી સોલંકીએ લીધો હતો. વિવિધ પ્રભાવનાઓ થઇ હતી. સુદ ૧૦ ના રથયાત્રાનો ભવ્ય વરઘોડો પણ શાસન શોભામાં વધારો કરતો હતો, સાધર્મીભાઈ વિ. માં. ૧૨૦૦-૧૩૦૦, ટૂંકમાં પૂ. આચાર્યદેવની છાયામાં આ વખતે અત્રે ચોથો આરો વર્તાયો હતો. અજબ શાસન પ્રભાવના થવા પામી હતી. તપશ્ચર્યા નિમિત્તે આસો માસમાં શાંતિસ્નાત્ર અને અઠ્ઠાઈ મહોત્સવ કરવાનું નકકી થયું છે.

## દેવકરણ મેન્શન (મુંબઈ) ખાતે ધર્મ પ્રભાવના

લુહાર ચાલ, પ્રીન્સેસ સ્ટ્રીટ જૈન સંઘની વિનંતિ સ્વીકારી શતાવધાની પૂ. પંન્યાસજી શ્રી કીર્તિવિજયજી ગણિવર શ્રી પર્યુષણા પર્વની આરાધના કરાવવા પધારતા જનતામાં ભારે ઉત્સાહ અને ઉમંગ જણાતો હતો. રોજ વિશાળ મંડપમાં હજારો સ્ત્રી પુરુષો ખૂબ જ શાંતિપૂર્વક વ્યાખ્યાન શ્રવણનો લાભ ઉઠાવતા હતા. વ્યાખ્યાન અને પ્રતિક્રમણ બાદ લાડુ, શ્રીફળ અને પતાસા વ. ની ૨૮ પ્રભાવનાઓ થઇ હતી. નાની-મોટી ૫૫ થી ૬૦ની સંખ્યામાં અઠાઇ ૧૬ ઇ. ની તપશ્ચર્યા થઈ હતી. તપસ્વીઓને જુદાજુદા ભાઈઓ તરફથી ૨૮ થી ૩૦ પ્રભાવનાઓ અપાઈ હતી. દેવદ્રવ્યાદિમાં ચાર હજાર મણ ઘીની ઉપજ થઇ હતી. ૩૦૦૦ આયંબિલખાતામાં તેમજ હજારો રૂ.ની ટીપ, સાધારણ વ. માં થઈ હતી. આ વખતે ખાસ તપશ્ચર્યા નિમિત્તે સી. કે. શાહ તરફથી રથયાત્રાનો ભવ્ય વરઘોડો સુંદર શિસ્તમાં ભારે ઉત્સાહથી કાઢવામાં આવ્યો હતો, ખાસ ભાયખાલાથી પૂ. પાદ આચાર્યદેવ વિજય લક્ષ્મણસૂરીશ્વરજી મહારાજ આદિ મુનિગણ તેમજ મુંબઈમાં બિરાજતા સાધુ ભગવંતો વરઘોડામાં પધાર્યા હતા. રવિવારે સવારે પૂ. આચાર્યશ્રીનું પ્રવચન થતા જનતાની જંગી ભીડ જામી હતી. એકંદર આ સાલ પૂ. પંન્યાસજીની નિશ્રામાં શાસનની સુંદર પ્રભાવના થવા પામી હતી.

## તારદેવ (મુંબઈ) ખાતે પર્વાધિરાજની આરાધના

શ્રી સંઘની વિનંતી સ્વીકારી પૂ. આચાર્યદેવની આજ્ઞાથી પૂ. મુનિરાજ શ્રી ભાસ્કરવિજયજી મ. આદિ પધારતાં રૂડી રીતે પર્વની આરાધના થઈ હતી. રૂ. (૮૦૦૦) ની ઉપજ વર્ધમાન તપ, બોડેલી વ. ટીપોમાં હજારોની રકમ થઈ હતી. રોજ મોટી સંખ્યામાં જનતા લાભ લેતાં હતી. તપશ્ચર્યા પણ સારી થઈ હતી, પતાસા શ્રીફળ વ. ની પ્રભાવનાઓ થતી હતી, એકંદર ઘણી સારી રીતે પર્વની ઉજવણી થવા પામી હતી.

**વાલીઃ**-પૂ. પાદ પંન્યાસજી મહારાજ શ્રી સુદર્શનવિજયજી ગણિવર આદિ ઠા. ૧૦ પીંડવાડાથી વિહાર કરી સેવાડી પધારેલ. પૂજા,

પ્રભાવના વ્યાખ્યાન થયેલ, રાતામહાવીરજી તીર્થની યાત્રાએ સંઘની સાથે પધાર્યા હતા. ત્યાંથી ખુડાલા પધાર્યા હતા. વ્યાખ્યાન આદિ થયા હતા. લોકો સારી સંખ્યામાં લાભ લેતા હતા. ત્યાંથી તેઓશ્રી વાલીનગરે ધામધૂમપૂર્વક અસાડ સુદિ ૧૦ ના પધાર્યા હતા. આખા નગરમાં સાગૈયું ફર્યું હતું. ઠેર-ઠેર ગંહુલિઓ થઈ હતી. અક્ષત આદિથી પૂ. મહારાજશ્રીને વધાવવામાં આવ્યા હતા. બાદ વ્યાખ્યાન આપ્યું હતું. વાલીના વતની પૂ. મુનિરાજ શ્રી ખાંતિવિજયજી પણ સાગૈયામાં સાથે હતા. પૂ. મહારાજશ્રી દરરોજ વ્યાખ્યાન વાંચે છે. ગામમાં ઉત્સાહ સારો છે.

**વીરગીત પુસ્તક**:-ભગવાન શ્રી મહાવીર દેવના ગુણગાન તથા સ્તવના માટે ઉપયોગી આધુનિક કાવ્ય, જીવન તથા ઉપદેશ ઈત્યાદિ વિષયોથી સંકલિત ઉપરોકત પુસ્તકની જો કોઈ ભાઈઓને જરૂર હોય ભકિત તથા ભાવના માટે તો ૫૦ ન. પૈ. ની ટીકીટ બીડી નીચેના સીરનામે પત્ર લખીને મંગાવે. શ્રી મહાવીર જૈન સભા મુ. પો માંડવલા (વા. લુણી) રાજસ્થાન.

**શ્રી શંખેશ્વરજી પાર્શ્વનાથના અઠ્ઠમો :** ભુજ ખાતે પૂ. પંન્યાસજી મહારાજ શ્રી કનકવિજયજી ગણિવરશ્રીની શુભ નિશ્રામાં તેઓશ્રીના ઉપદેશથી શ્રી શંખેશ્વરજી પાર્શ્વનાથ પ્રભુની આરાધના નિમિત્તે અઠ્ઠમની તપશ્ચર્યા થયેલ, ૭૫ અઠ્ઠમો થયા હતા. સવારે સ્નાત્રપૂજા, વ્યાખ્યાન, બપોરે શ્રી શંખેશ્વરજી પાર્શ્વનાથજીનું જીવનચરિત્ર તથા ઈતિહાસ, ધૂન તથા જાપ આ રીતનો ત્રણે દિવસ ભરચક કાર્યક્રમ રહેતો હતો. સવાર તથા બપોરના વ્યાખ્યાનોમાં લોકો સારી સંખ્યામાં લાભ લેતા હતા. શ્રી શંખેશ્વરજી પાર્શ્વનાથજીનાં ભવ્ય ફોટા પાસે ધૂપ, દીપ અખંડ રહેતા, તેનું પૂજન-અર્ચન થતું, તેની ઉપજ પણ સારી થયેલ. ચોથે દિવસે પારણું વસા ચીમનલાલ માણેકચંદ તરફથી થયેલ. પ્રભાવનાનો કાર્યક્રમ બપોરે રાખેલ. ૨૮ પ્રભાવનાઓ થયેલ. ચતુર્વિધ સંઘની હાજરીમાં લેનાર તથા આપનાર બહુમાનપૂર્વક લે-ને-આપે તે રીતે એકેએકને લગભગ ૧૦ રૂા. ની વસ્તુ પ્રભાવનામાં થયેલ. જીંદગીમાં એક ઉપવાસ નહિ કરનારે શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુજીના અધિષ્ઠાયક દેવનાં સાનિધ્યથી અઠ્ઠમ સુખશાતા પૂર્વક કરેલ. સુદિ ૧૫ ના અઠ્ઠમના ત્રીજા દિવસે લગભગ મહિનાથી નહિ પડેલ વરસાદ ધોધમાર પડયો હતો. જેથી જૈન-જૈનેતર વર્ગમાં શ્રી શંખેશ્વરપાર્શ્વનાથ પ્રત્યે વધુ ને વધુ શ્રદ્ધા દૃઢ થઈ હતી. પૂ. મહારાજશ્રીના સદુપદેશથી લગભગ ૧૦૦ ભાઈ-બ્હેનોએ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથજીની યાત્રા કરવાનો અભિગ્રહ ગ્રહણ કરેલ પૂ. પંન્યાસજી મહારાજે પણ અઠ્ઠમ કરેલ હતો.

**સૂત્ર વાચના**:-પૂ. પંન્યાસજી મહારાજ શ્રી સુદર્શનવિજયજી ગણિવરશ્રી વાલીમાં ચાતુર્માસાર્થે બિરાજમાન છે. તેઓશ્રીએ વ્યાખ્યાનમાં અસાડ વદિ ૧૧ થી વ્યાખ્યાનમાં ઉપદેશમાળા તથા જૈન રામાયણ શરૂ કરેલ છે. જે ઘેર લઈ જવાનું ઘી ૫૫ મણ થયેલ. જે શ્રી દેવચંદજી ભગત બોલ્યા હતા. ધામધૂમપૂર્વક સૂત્રોને તેઓ ઘેર લઈ ગયેલ. ને રાત્રે ભાવના, પ્રભાવના આદિ થયેલ વદિ ૧૧ ના ધામધૂમપૂર્વક સૂત્રોને પૂ. પંન્યાસજી મહારાજશ્રીને વહોરાવેલ. જ્ઞાન પૂજા આદિનું ઘી સારૂં થયેલ. આયંબિલની તપશ્ચર્યા ગામમાં લગભગ ૪૦૦ થઈ હતી. જે શા. દેવીચંદજી ભગતની તરફથી થયેલ. તે દિવસે શા. પુલચંદજી હજારીમલજી તરફથી પૂજા, પ્રભાવના, આંગી, રોશની થઈ હતી, સંઘવી પુખરાજજી હજારીમલજી તરફથી વ્યાખ્યાનમાં પ્રભાવના, તેમજ સાદડીથી આવેલ સાધર્મિભાઈઓની ભકિત થઈ હતી. પૂ. મહારાજ શ્રી વ્યાખ્યાન સુંદર વાંચે છે. લોકો સારી સંખ્યામાં લાભ લે છે. પર્વાધિરાજની આરાધના સુંદર થઇ છે.

**ચૌમાસીપર્વની આરાધના:-** કચ્છના જૈન બાલાશ્રમના બાલકોએ દર વર્ષની જેમ આ વખતે અસાડ સુદિ ૧૪ના પૌષધ, પ્રતિક્રમણ આદિ ધાર્મિક ક્રિયાઓ તથા તપ, જપ ઇત્યાદિ આરાધના સુંદર રીતે કરી છે. ૫૦ વિદ્યાર્થીઓએ ઉપવાસ તથા ૪૫ વિદ્યાર્થીઓએ આયંબિલ કર્યા હતા. આ વર્ષે દશમી કક્ષામાં બહુ જ સંતોષજનક પરિણામ આવેલ. ધાર્મિક શિક્ષક શ્રી કનકરાજજીએ પણ મેટ્રીકની પરીક્ષા આપેલ. તેઓ દ્વિતીય શ્રેણીમાં ઉત્તીર્ણ થયા છે.

**પર્વાધિરાજની આરાધના:-** ભુજ ખાતે પૂ. પંન્યાસજી મહારાજ શ્રી કનકવિજયજી ગણિવરશ્રીની શુભ નિશ્રામાં પર્વાધિરાજ શ્રી પર્યુષણા પર્વની આરાધના અદ્વિતીય ઉજવાઈ હતી. પૂ. મહારાજશ્રીના સદુપદેશથી ત્રણે ગચ્છમાં ઐકયનું વાતાવરણ થયેલ. ચોસઠ પ્રહરના પૌષધો ભાઈ-બ્હેન બાળકો તથા બાળાઓ મલી ત્રણે ગચ્છના ૨૧૦ ની સંખ્યા હતી. પૌષધોવાળાની ભક્તિ માટે આઠે દિવસ જુદા જુદા ભાવિકો તરફથી ભક્તિ એકાસણાની થતી હતી. જેમાં ઉદારતાપૂર્વકની વ્યવસ્થા હતી. ગુર્જર જ્ઞાતિના જૈનવંડામાં વિશાલ તંબુઓ તથા મંડપમાં પૂ. પંન્યાસજી મહારાજશ્રીનાં દરરોજ પર્યુષણાપર્વની આરાધના વિષે પ્રવચનો થતા હતા. જૈન-જૈનેતર વર્ગ સારી સંખ્યામાં લાભ લેતો હતો. કલ્પસૂત્ર-વહોરાવાનું ઘી ૭૬ મણ તેમજ જ્ઞાન પૂજા વગેરેનું ઘી સારૂ થયેલ. સ્વપ્નાની ઉપજ, સાધારણની ટીપ ઈત્યાદિ ઉપજ સારી થયેલ. પૂ. મહારાજશ્રી તથા પૂ. મુનિરાજ શ્રી મહિમાવિજયજી મહારાજ આદિ મુનિવરો કલ્પસૂત્ર પર વ્યાખ્યાનો આપતા હતા. સવાર-બપોર શ્રોતાઓની સંખ્યા વિશાલ પ્રમાણમાં રહેતી. સાંવત્સરિક પ્રતિક્રમણ મંગલમય રીતે થયેલ. સુદિ ૫ ના શેઠ કરમચંદભાઇની વિનંતિથી ચતુર્વિધ સંઘ તેમના ઘેર વાજતે-ગાજતે ગયેલ. શેઠ કરમચંદભાઈ તરફથી અઠ્ઠાઈવાલા ૩૩ ભાઈ-બ્હેનોને પાંચ રૂા. તથા ચોસઠ પ્રહરના

**શ્રી પ્રકાશચંદ્ર મણિલાલ વોરા**

કચ્છ-ભુજ વય ૩ વર્ષ-૧૦ માસ



જેમણે તાજેતરમાં પર્યુષણપર્વની આરાધના નિમિત્તે ૬૪ પ્રહરના પૌષધો કર્યા હતા.

પૌષધવાળા ૨૧૫ ને બે રૂા. ની પ્રભાવના થયેલ. શ્રી સંઘની પણ ભક્તિ કરેલ. અઠ્ઠમથી મોટી બધી તપશ્ચર્યાવાલાઓને તથા ચોસઠપ્રહરના પૌષધવાળાઓના પારણા માંડળવાલા ભાઇઓ તરફથી થયેલ. ૧૦ાા વાગ્યે રથયાત્રાનો ભવ્ય વરઘોડો ચઢેલ તપસ્વીઓની વિકટોરીયા ગાડી તેમજ બીજી સંખ્યાબંધ ગાડીઓ, સાજન-માજનમાં યુવાન-પ્રૌઢ વગેરેની શોભાથી વરઘોડો ખરેખર અદ્‌ભુત થયો હતો. છેલ્લા કેટલાયે વર્ષોથી નહિ નીકળેલો એવો વરઘોડો નીકળેલ. બપોરે શ્રી સંઘને નવકારશીનું જમણ સંઘવી હીરાચંદભાઈ તરફથી થયેલ જે દર વર્ષે સાંજે થતું, ને રાત પડી જતી તેમ પૂ. મહારાજશ્રીના ઉપદેશથી ૧૨ાા વાગ્યાથી ૩ાા સુધીમાં જમણ પતી ગયેલ. એઠું નહિ છોડવાના પૂ. મહારાજશ્રીના ઉપદેશની સુંદર અસર થયેલી. ઘણા વર્ષે આ વખતે સંવત્સરીના દિવસે ભુજ

શહેરમાં અમારી પ્રવર્તન થયેલ. બધી જીવ હિંસા બંધ થયેલ. સુદિ ૭ ના તપસ્વીઓની પ્રભાવનાનો સમારંભ પૂ. મહારાજશ્રીની શુભ સાન્નિધ્યમાં થયેલ. જેમાં તપસ્વીઓની ભક્તિ ચતુર્વિધ સંઘની હાજરીમાં પ્રભાવના આપનાર હાથ જોડીને આવે ને લે, તે રીતે થયેલ. અઠ્ઠાઈવાળા ભાઇઓને લગભગ ૧૫ રૂા. ઉપરની ભક્તિ થયેલ ને ૬૪ પ્રહરના પૌષધોવાલા ૨૧૫ ને ૧૦ રૂા. ઉપરની ભક્તિ થયેલ લગભગ ૨૫૦૦ રૂા. ભક્તિ નિમિત્તે પ્રભાવનામાં સદ્વ્યય થયેલ. ૪ થી માંડી ૭૪ વર્ષ સુધીના ચોસઠ પ્રહરના પૌષધમાં જોડાયેલ. ન્હાના બાલકોની પણ શ્રી સંઘ તરફથી ભક્તિ થયેલી. એક એકને ૩૧ રૂા. આવેલ. આ રીતે ભુજ શહેરમાં ઘણા વર્ષે નહિ થયેલ પર્વાધિરાજની ભવ્ય આરાધના થઈ છે.

**પ્રતિમા પ્રવેશઃ**–પાલીતાણા ખાતે આરીસાભુવન ધર્મશાળાના જિનમંદિરમાં ભગવાન શ્રી શાંતિનાથજી પ્રભુ આદિ ૩૧ પ્રતિમાજીઓનો પ્રવેશ શ્રાવણ વદિ ૧૦ ના શુભ દિવસે ધામધુમ પૂર્વક થયેલ છે. આ પ્રસંગે દેવદ્રવ્યની ઉપજ સારી થયેલ. અઠ્ઠાઈ મહોત્સવ શાંતિસ્નાત્ર થયેલ.

**મહાન તપશ્ચર્યા ને સ્વર્ગારોહણઃ**– પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય ચંદ્રસૂરીશ્વરજી મહારાજના નિશ્રાવર્તી પૂ. સાધ્વીજી શ્રી ચંપાશ્રીજીના પ્રશિષ્યા સાધ્વીજી શ્રી સુલસાશ્રીજીએ સિધ્ધક્ષેત્રની પુનિત છત્ર છાયામાં ૫૨ ઉપવાસની ઉગ્રતપશ્ચર્યા કરેલ. તપશ્ચર્યા નિર્વિઘ્ને પૂર્ણ થયા બાદ પારણાના દિવસે તબીયત નરમ થતા અનેક ઉપચારો કરવા છતાં આયુષ્ય પૂર્ણ થતાં સમાધિપૂર્વક કાલધર્મ પામ્યા છે. તેઓશ્રીની અંતિમયાત્રા ભારે દબદબાપૂર્વક નીકલી હતી. તેઓશ્રીએ છેલ્લાં ૧૨ વર્ષમાં ૪ માસખમણ, ૩ સોળ, ૧ પીસ્તાલીશ, સિદ્ધિતપ, ૨ વર્ષીતપ, ચત્તારિ અઠ્ઠ તથા અનેક અઠ્ઠાઈઓ કરેલ છે. તેઓનું જીવન તપશ્ચર્યામય હતું. તેઓનો આત્મા જ્યાં હો ત્યાં સદ્ગતિગામી બનો! શાસનદેવ તેમના પુણ્ય આત્માને શાંતિ આપો! એ અભિલાષા.

**નાસિકઃ**–પૂ. મુનિરાજ શ્રી નેમવિજયજી મહારાજની શુભ નિશ્રામાં પૂ. પાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય લબ્ધિસૂરીશ્વરજી મહારાજશ્રીનો વાર્ષિક સ્વર્ગારોહણ તિથિ નિમિત્તે ઉજવાયેલ પંચ કલ્યાણક મહોત્સવમાં શ્રી અરિહંત મહાપૂજન અમદાવાદ નિવાસી શા. વીનુભાઇએ ઠાઠમાઠથી કરાવેલ. બહારગામથી ૫૦૦ માણસો આવેલ. પૂજા ભાવના માટે બહારગામથી ગવૈયા આવેલ. દેવદ્રવ્યની લગભગ નવ હજારની ઉપજ થયેલ સાધર્મિકવાત્સલ્ય થયેલ વ્યાખ્યાન સભામાં પૂ. પાદ સૂરિદેવશ્રીના ગુણાનુવાદ થયેલ. પર્વાધિરાજની આરાધના સુંદર ઉજવાયેલ છે.

**ઉગામેડીઃ**–પૂ. મુનિરાજશ્રી વિજ્ઞાનસાગરજી મહારાજશ્રીની શુભ નિશ્રામાં દેવનાર કતલખાનાની યોજનાનો વિરોધ ઠરાવ પસાર થયેલ. 'કલ્યાણ' માસિક તરફથી દેવનાર કતલખાનાની યોજનાના વિરોધની પત્રિકાઓ પ્રસિધ્ધ થયેલ તે અહિં આવતાં ગામડાઓમાં આવેલ.

**મહુવાઃ**–પૂ. પાદ આચાર્ય મહારાજ શ્રી વિજય ઉદયસૂરીશ્વરજી મહારાજશ્રીની શુભ નિશ્રામાં મળેલી મહુવાની જાહેર સભામાં દેવનાર કતલખાનાની યોજનાનો સખ્ત વિરોધ થયેલ પૂ. આચાર્યદેવશ્રી, પ્રકાશ જૈન તથા મહમદઅલી માસ્તર વગેરેનાં વકતવ્યો થયેલ ને સભાએ સર્વાનુમતે કતલખાનાના વિરોધનો ઠરાવ પસાર કર્યો હતો.

**ઘાટકોપર** : મુંબઈ–ઘાટકોપરના શહેરીઓની જાહેર સભાએ દેવનાર કતલખાનાની યોજના સામે સખ્ત વિરોધ જાહેર કરતો ઠરાવ સર્વાનુમતે પસાર કરેલ. મગનલાલ વી. દોશી આદિએ વકતવ્યો કરેલ.

**અવલોકનાર્થે મળેલાં પ્રકાશનો :** 'કલ્યાણ' માટે અવલોકનાર્થે નીચે મુજબનાં પ્રકાશનો અમને મલ્યાં છે. જેનો સાભાર સ્વીકાર અમે કરીએ છીએ ને સ્થળ સંકોચના કારણે એ અંકથી અવલોકન પ્રસિધ્ધ થયેલ નથી તે આગામી અંકે પ્રસિદ્ધ થશે. જેના પ્રકાશનોના સંપાદકો તથા પ્રકાશકોને નોંધ લેવા વિનંતિ છે. (૧) સંસારચક્રયાને ચાર ગતિ ભ્રમણ સચિત્ર (૨) શ્રી જ્ઞાનનંદન ગુણાવલી (૩) ભુવનેશ ભકિત વહેણ. (૪) જિનેંદ્ર સ્તવન ચોવિશી (૫) શ્રી સૂરીશ્વરજીનો જીવનમહેલ. (૬) મહેન્દ્ર જૈનપંચાંગ (૭) પંચમ કર્મગ્રન્થ (૮) ધર્મવાણી (૯) ખિખરે ફૂલ (૧૦) વિનય સૌરભ. (૧૧) સાધનાનાં સોપાન. (૧૨) શ્રી ચંદ્રકેવલી ચરિત્ર (૧૩) ગુણવૈભવ

**આગામી અંક દીપોત્સવી વિશેષાંક :** 'કલ્યાણ'નો આગામી અંક ભ. શ્રી મહાવીરદેવ નિર્વાણ કલ્યાણક યાને દીપોત્સવી વિશેષાંક તરીકે પ્રસિદ્ધ થશે. જેમાં ચાલુ લેખો, વિભાગો ઉપરાંત ભ. શ્રી મહાવીરદેવની અંતિમ દેશના, ઉપદેશધારા તથા ભ. શ્રી મહાવીરદેવનાં જીવન પ્રસંગોપર સિંહાવલોકન ઇત્યાદિ વિવિધ વિષયસ્પર્શી મનનીય સાહિત્યનો રસથાળ રજૂ થશે. તમે તમારી નકલ માટે વ્યવસ્થા કરી લેશો. તદ્ઉપરાંત વ્યાપારી ભાઇઓને જાહેરાત માટે પોતાની જગ્યા રોકી લેવા વિનંતિ છે. પર્યુષણાપર્વ વિશેષાંકમાં પાછળથી ઘણા વ્યાપારી ભાઇઓની જાહેરાતો રહી ગઇ હતી, તેમ ન થવા પામે તે માટે પ્રથમથી પત્ર વ્યવહાર કરી અમને જણાવવા વિનંતિ છે. લેખકોને લેખો તાત્કાલિક મોકલવા વિનંતિ છે.

**એક સ્પષ્ટતા :** ગત્ પર્યુષણાપર્વ વિશેષાંકમાં પેજ ૪૮૩ પર પૂ. પં. શ્રી કનકવિજયજી ગણિવરશ્રીનું પ્રવચન સુધાવર્ષી સંપાદિત 'મંગલમય ભગવાન શ્રી મહાવીરદેવ' પ્રસિદ્ધ થયેલ છે તેના બીજા કોલમમાં બીજા પેરેગ્રાફમાં ૧૦મી પંકિતમાં એ મુજબ વાકય છે કે, 'હજુ ગણધર ભગવંતો ક્ષત્રિય કુળમાં પણ જન્મે, બ્રાહ્મણ કુળમાંય જન્મે, તેમનો નિયમ નહિ' આ વાકયમાં આટલો સુધારો સમજવો કે, 'ગણધર ભગવંતો મુખ્યત્વે ક્ષત્રિયકુળમાં જ જન્મે છે, ફકત ભ. શ્રી મહાવીરદેવના ગણધરો બ્રાહ્મણ કુળમાં જ જન્મ્યા હતા' એટલે આ દૃષ્ટિયે ઉપરોકત વાકયમાં આટલી સ્પષ્ટતા કરવાની આવશ્યકતા જણાઇ છે માટે પૂ. પંન્યાસજી મહારાજશ્રીએ આ રીતે સુધારો તથા સ્પષ્ટતા સૂચવી છે.

**ક્ષમાયાચના :** પર્વાધિરાજ પર્યુષણાપર્વની આરાધના ભવ્યરીતે ઠેરઠેર જૈન સમાજમાં થઇ છે. તે આરાધનાની અમે અનુમોદના કરીએ છીએ. ને અમારા પર તેને અંગે જે જે પ્રભાવનાના સમાચાર તથા તપશ્ચર્યાના અનુમોદનીય સમાચાર આવો રહ્યા છે; તે તે સ્થળે થઈ ગયેલ આરાધના–શાસન પ્રભાવના માટે અમે અત્યંત આનંદ અનુભવીએ છીએ. દાન, શીલ, તપ તથા ભાવધર્મની જે જે આરાધના થઇ છે, તે ખરેખર જૈન શાસનની બલિહારી છે. અમારા પર આત્મીયભાવે સમાચાર મોકલનાર શુભેચ્છાકોને વિનંતિ કે આ અંક તાત્કાલિક તૈયાર કરવાનો હોવાથી ને આમારા પર હજુ તા. ૮ સુધીમાં જે સમાચારો આવ્યા છે તે બધાયને લઇ શકાય તેમ નથી, પહેલાંના સમાચારો આ અંકમાં પૂર્ણ થાય છે, હવે પછીના અંકમાં અમારા પર આવેલા સમાચારોને સ્થાન આપવા શકય કરીશું. પર્વાધિરાજ શ્રી પર્યુષણાપર્વની આરાધના કરતાં ને શ્રી સંવત્સરીનું માંગલિક પ્રતિક્રમણ કરતાં સર્વજીવોને ખમાવતાં સર્વને અમે ખમાવીએ છીએ, 'કલ્યાણ' પ્રત્યે સર્વ કોઇ શુભ લાગણી તથા આત્મીયભાવ રાખીને 'કલ્યાણ'ની પ્રગતિમાં સર્વ કોઇ અમને સહાયક બનજો !

**ઝીંઝુંવાડા :** કલ્યાણના આરોગ્ય-ઉપચાર વિભાગના લોકપ્રિય લેખક વૈદ્યરાજ શ્રી. કાંતિલાલ દેવચંદભાઇના ધર્મ પત્નિએ તથા તેમના સુપુત્ર દિનેશકુમારે સોળ ઉપવાસ કરવાથી આ મહાન પ્રસંગે માસક્ષમણ ૬, સોળભત્તા ૨૫, તથા અઠાઈ ૫૦ તથા અઠમ ૨૦ મળી કુલ એકસો તપસ્વી ભાઇઓના પારણા ભાદરવા સુદી. ૫ ના રોજ પોતાના ઘેર કરાવી જીવનમાં એક અમુલ્ય મહાન લાભ લીધો છે. દરેક તપસ્વીઓને શ્રીફળો તથા રોકડા રૂપીઆની પ્રભાવના પારણા પછી થઈ હતી. આ નિમત્તે શ્રી સંઘ તરફથી અઠાઈ મહોત્સવ શ્રી શાંતિસ્નાત્ર તથા બે નવકારશીઓ થયેલ.

**શ્રી દેસાઇનું નિવેદન:**–મુંબઇના માજી મેયર શ્રી ગણપતિશંકર દેસાઇએ દેવનાર કતલખાનાને અંગે વિરોધ કરવાનાં કારણો તથા ભારતીય સંસ્કૃતિને માટે આ યોજના કલંકરૂપ છે, તે અંગે મુંબઇના પત્રકારો સમક્ષ પ્રેસ કોન્ફરન્સ ભરીને નિવેદન કરેલ, જે નિવેદન 'કલ્યાણ'ના આગામી અંકે પ્રસિદ્ધ થશે. ને તેમણે જણાવેલ કે આ પ્રશ્નને રાજકીયરૂપ નહિ આપવું જોઇએ ને રાજકારણથી આ પ્રશ્નને અલગ રાખવો જોઇએ.

**પંઢરપુર:**–પંઢરપુરના અષાડ મહિનાના યાત્રા પ્રસંગે એકત્ર થયેલ બે લાખ જેટલી માનવ મેદની તથા અનેક સંત–મહંતોએ દેવનાર કતલખાનાની યોજના સામે પોતાનો સખ્ત વિરોધ કરતો ઠરાવ કર્યો હતો.

**હિંગનઘાટ:**–પૂ. પાદ આચાર્યદેવ શ્રીમદ્‌વિજય માણિક્યસાગરજી મ.શ્રી ની શુભનિશ્રામાં પૂ. મુનિરાજ શ્રી મિત્રાનંદસાગરજી મહારાજે ૪૨ ઉપવાસની ઉગ્ર તપશ્ચર્યા કરી હતી. તપશ્ચર્યાની નીર્વિઘ્ન પૂર્ણાહૂતિ નિમિતે શ્રી સંઘ તરફથી ભાદરવા સુદિ ૫ થી અઠ્ઠાઇ મહોત્સવ ભવ્ય રીતે ઉજવાયેલ. પર્વાધિરાજની આરાધના સુંદર થયેલ છે.

**વિશ્વશાંતિ નિમિત્તે:**–વિશ્વશાંતિ નિમિતે પૂ. પાદ આચાર્ય મહારાજ શ્રી વિજયસમુદ્રસૂરીશ્વરજી મહારાજશ્રીની શુભ નિશ્રામાં શ્રી નવકારમંત્રનો નવ લાખ જાપ થયેલ તે વિશાલ મંડપમાં સેંકડો ભાઇ–બ્હેનો વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ. વાતાવરણ શાંતિમય બનેલ, બે પ્રભાવનાઓ થયેલ.

**અપૂર્વ ધર્મ જાગ્રતિ:**–પૂ. પાદ પંન્યાસજી મ. શ્રી માનતુંગવિજયજી ગણિવરશ્રી આદિ મુનિ પરિવાર સાથે અસાડ સુદિ ૬ ના જુનાગઢ ખાતે ચાતુર્માસાર્થે પધાર્યા છે, શ્રી સંઘે અપૂર્વ સામૈયું કરેલ. અ. સુ. ૧૦ ના પૂ. પંન્યાસજી મ. શ્રીની દીક્ષાને અંગે સંઘમાં ૮૧ આયંબિલની તપશ્ચર્યા તથા પૂજા શાહ પોપટલાલ મોતીચંદભાઇ તરફથી થયેલ સૂત્રકૃતાંગસૂત્ર તથા ભવભાવના વહોરાવવાનું ઘી ૧૪૧ મણ વોરા મણિલાલ ઝીણાભાઇએ બોલીને વહોરાવેલ તથા ૧૩૨ મણ ઘી બોલીને સરદારગઢવાળાએ વહોરાવેલ અ. વદિ ૨ થી સૂત્ર વાંચન શરૂ થયેલ છે તે દિવસે પૂજા–આંગી વોરા મણિલાલ ઝીણાભાઇ તરફથી થયેલ. પર્વાધિરાજની આરાધના સુંદર રીતે થયેલ.

**૫૦૦ આયંબિલની તપશ્ચર્યા:**–પૂ. મુનિરાજશ્રી આનંદઘનવિજયજી મહારાજને ૫૦૦ આયંબિલની તપશ્ચર્યા નિર્વિઘ્ને પૂર્ણ થયેલ તે નિમિતે પૂજ્ય આચાર્ય મ. શ્રીમદ્ વિજયભુવનસૂરીશ્વરજી મહારાજશ્રીની શુભ નિશ્રામાં ઇડર ખાતે શ્રી પંચકલ્યાણક મહોત્સવ ભાદરવા સુદ ૫ થી ઉજવાયેલ અત્રે તપશ્ચર્યા અઠ્ઠાઇ વગેરે ન્હાના બાળકોએ કરેલ. પર્વાધિરાજની આરાધના સુંદર થયેલ છે.

**સ્વર્ગારોહણ નિમિત્તે મહોત્સવ:**–સુરેન્દ્રનગર ખાતે પૂ. સાધ્વીજી શ્રી માણેકશ્રીજી મહારાજ પોષ સુદિ ૧૧ ના સમાધિપૂર્વક કાલધર્મ પામેલ તે નિમિતે પૂ. પંન્યાસજી મહારાજ શ્રી રવિવિજયજી ગણિવરશ્રીની શુભ નિશ્રામાં શ્રાવણ સુદિ ૭ બુધવારથી શાંતિસ્નાત્ર સહિત અષ્ટાન્હિકા મહોત્સવ શ્રી સંઘ તરફથી ઉજવાયેલ. શ્રાવણ વદિ ૧ ના શ્રી વાસુપૂજ્યસ્વામી ભગવંતની ૭૨ મી વરસગાંઠ ઉજવાઇ હતી. ને તે દિવસે સાધર્મિક વાત્સલ્ય થયેલ.

**તપશ્ચર્યા નિર્વિઘ્ને પૂર્ણ થઈ:**–સાવરકુંડલા ખાતે પૂ. પાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય જંબૂસૂરીશ્વરજી મહારાજશ્રીની શુભ નિશ્રામાં પૂ. પંન્યાસજી મહારાજ શ્રી રૈવતવિજયજી ગણિવરે ૫૧ ઉપવાસની ઉગ્ર તપશ્ચર્યા કરી હતી. તેઓશ્રીની તપશ્ચર્યાની નિર્વિઘ્ને પૂર્ણાહુતિ થઇ છે. પારણું શાતાપૂર્વક થયું છે. સાધ્વીજી શ્રી રત્નકીર્તિશ્રીજીને ૨૫ ઉપવાસની તપશ્ચર્યા શાતાપૂર્વક થઇ છે. પારણે આયંબિલ કરેલ. ભાઇ મહાસુખલાલને ૫૧ ઉપવાસની ઉગ્ર તપશ્ચર્યા શાતાપૂર્વક પૂર્ણ થઇ છે. ને પારણું સુખપૂર્વક થયું છે. પૂ. પાદ આચાર્યદેવશ્રીની શુભ નિશ્રામાં પર્વાધિરાજશ્રી પર્યુષણાપર્વની આરાધના સુંદર રીતે અભૂતપૂર્વ થઇ છે. ને શ્રી સંઘ તરફથી આરાધના નિમિતે મહોત્સવ ઉજવવાનું નકકી થયેલ છે. [આને અંગેના વિશેષ સમાચાર આગામી અંક

**સિદ્ધગિરિજીમાં તપશ્ચર્યા:**-તીર્થાધિરાજ શ્રી સિદ્ધગિરિજીની છત્રછાયામાં પર્યુષણાપર્વની આરાધના નિમિતે અનેકવિધ તપશ્ચર્યા થયેલ છે જે નીચે મુજબ મોટી તપશ્ચર્યા થયેલ. ૧-૫૧ ઉપવાસ ૧, ૩૧ ઉપવાસ, ૮ માસખમણ. ૨૨ ઓળી. ૧ પંદર, ૪ અગીયાર, ૧૪ નવ, ૨ તેર, ૪ દશ, ૧૨૪, અઠ્ઠાઇ આ રીતે તપશ્ચર્યા મોટી થયેલ છે તપસ્વીઓના તપને વંદના !

**રાજસ્થાન ટ્રસ્ટ એકટ :** રાજસ્થાન જૈન સંઘ તરફથી એક જાહેર નિવેદન દ્વારા શ્રી મુળરાજ સિંઘી જણાવે છે કે, રાજસ્થાન સરકાર તરફથી 'રાજસ્થાન પબ્લિક ટ્રસ્ટ એકટ' રાજસ્થાનની ધર્માદા મિલ્કત પર તા. ૧-૭-૬૨ થી લાગુ કરાયેલ છે. જે ધાર્મિક મિલ્કતો પર અનેક પ્રકારનું નિયંત્રણ લાવે છે તથા તેના વહિવટમાં અનેક ડખલો ઉભી કરે છે, માટે તેનો પૂરેપૂરો અભ્યાસ કરીને રાજસ્થાનના તેના જૈન-જૈનતર ધાર્મિક મિલ્કતોના વહિવટદારો આને અંગે જે જે હરકત આવતી હોય તે અમને જણાવે ને ટ્રસ્ટ નોંધાવા કરાવવાની ઉતાવલ ન કરે !

**પાંજરાપોળમાં મદદ:** મીયાગામ જૈન સંઘ તરફથી મીયાગામમાં મૂગા, અપંગ, અશક્ત ઢોરો માટે પાંજરાપોલ ચાલે છે. આજુ બાજુના ૨૫ માઈલના વિસ્તારના ગામો આનો લાભ લઇ રહ્યા છે. પહેલાં વ્યાપારોના લાગાને કારણે પાંજરાપોલને આવક થતી; તે હાલ આવક બંધ થઇ છે માટે સર્વ કોઇ જીવદયાપ્રેમીઓને વિનંતિ છે કે, પાંજરાપોળને મદદ કરે. મદદ મોકલવાનું સ્થળ: શ્રી મીયાગામ જૈન પાંજરાપોળ ઠે. શેઠ ઝવેરચંદ નેમચંદ મુ. પો. મીયાગામ (જી. વડોદરા)

**સંક્ષિપ્ત સમાચાર:**—'કલ્યાણ' માસિકપત્ર છે. અમારા પર સમાચારો વિસ્તૃત રીતે તથા ઘણા પ્રમાણમાં આવે છે. બધાયના સમાચારને લેવા ઇચ્છા હોવા છતાં અનિવાર્ય કારણસર સ્થલ સંકોચના કારણે સમાચારો ઘણા રહી જાય છે. ગત વિશેષાંક માટે પ્રસિદ્ધ થવા આવેલા સમાચારો હજુ અહિં હવે ઉપરોકત રીતે પ્રસિદ્ધિને પામ્યા છે, ને નવા સમાચારો હજુ ઘણા બાકી રહે છે. કોઇને પણ સ્હેજે અન્યાય ન થઇ જાય તે કાળજીપૂર્વક અમે સમાચારોનું સંપાદન કરીએ છીએ છતાં જો કોઇના પણ સમાચાર રહી જાય તો અમને ફરી જણાવવા કૃપા કરે! જેઓના ચાતુર્માસને અંગેના સમાચારો ટુંકમાં મલ્યા છે. તેમના સમાચાર સંક્ષેપમાં અહિં અમે રજૂ કરીએ છીએ. જે ગતાંકમાં પ્રસિદ્ધ કરવાના હતા પણ સ્થળ સંકોચના કારણે અમે અહિં પ્રસિદ્ધ કરીએ છીએ!

## ચાતુર્માસાર્થે પ્રવેશ

**મહુવા:** પૂ. પરમ તપસ્વી પંન્યાસજી મહારાજ શ્રી મનહરવિજયજી મહારાજશ્રી ૯૯ યાત્રા કરીને તેમાં બીજીવારની વીસસ્થાનકની ૧૨મી ઓલી, ચાલુ હતી, ત્યારબાદ નવપદજીની ઓલી કરી, ને ત્યારબાદ વીસસ્થાનકની ૧૩મી ઓળી શરૂ કરી, કદંબગિરિજી-જેસર થઈ પૂ. આ. મ. શ્રી વિજય ઉદયસૂરીશ્વરજી મહારાજશ્રીની શુભ નિશ્રામાં મહુવા ચાતુર્માસાર્થે પધાર્યા છે. વીસસ્થાનકની ૧૩ ઓલી પૂરી કરીને ત્યારબાદ અષાડ સુદિ ૩થી વર્ધમાનતપની ૯૮મી ઓલી શરૂ કરી છે. શ્રી શાંતિવિજયજીએ અષાડ શુ. ૧૧થી વર્ધમાનતપની ૭૭મી ઓલી શરૂ કરી છે. ને શ્રી રાજહંસવિજયજીએ અષાડ સુ. ૬થી વર્ધમાનતપની ૬૩મી ઓલી શરૂ કરી છે.

**તલેગામ** [ઢમોરા]:-પૂ. સાધ્વીજી શ્રી પદ્મયશાશ્રીજી અત્રે ચાતુર્માસાર્થે બિરાજમાન છે. જનતામાં ધર્મ જાગૃતિ સારી છે. અનેક વ્રતો તથા તપ ચાલુ છે. પવાધિરાજ શ્રી પર્યુષણાપર્વની આરાધના સુંદર થઇ છે.

**આદરીયાણા:** પૂ. મુનિરાજશ્રી દેવભદ્રવિજયજી મ. તથા પૂ. મુનિરાજ શ્રી મહાપ્રભવિજયજી મ. અત્રે ચાતુર્માસાર્થે બિરાજમાન છે. વ્યાખ્યાનમાં યોગશાસ્ત્ર તથા વિક્રમચરિત્ર વાંચે છે. બાલકોના ધાર્મિક અભ્યાસ માટે પૂ. મહારાજશ્રીની પ્રેરણાથી સારી પ્રગતિ થયેલ છે. પર્વાધિરાજની આરાધના સુંદર રીતે થઇ છે.

**ઉમરાલા:** પૂ. મુનિરાજ શ્રી વિજયચંદ્રવિજયજી આદિ ઠા. અત્રે ચાતુર્માસાર્થે બિરાજમાન છે. તેઓશ્રીની શુભનિશ્રામાં પર્યુષણાની આરાધના સુંદર થઇ છે.

**વાંકાનેર :** પૂ. પંન્યાસજી મહારાજ શ્રી જયાનંદ વિજયજી ગણિવરશ્રી આદિ ઠા. ૨ અત્રે ચાતુર્માસાર્થે પધાર્યા છે. તેઓશ્રીની શુભ નિશ્રામાં પર્યુષણાપર્વની આરાધના સુંદર થઇ છે.

**લુધીયાના :** પૂ. પાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજયસમુદ્રસૂરીશ્વરજી મહારાજશ્રી આદિ અંબાલા શહેરથી વિહાર કરી અનેક ગામોમાં માંસ, મચ્છી, દારૂ વગેરે આમ જનતાને ઉપદેશ દ્વારા ત્યાગ કરાવતાં લુધીયાના પધાર્યા. શ્રી સંઘે ઘણી જ ધામધૂમથી નગરપ્રવેશ કરાવેલ. સ્થાનકવાસી, જૈન–જૈનેતર સર્વ લોકોએ સામૈયામાં ભાગ લીધેલ. સ્થાનકવાસી સંપ્રદાયના પંડિત શ્રી હેમચંદ્રજી મ. આદિ પૂ આ. શ્રીને મળવા આવેલ. ગણિવર શ્રી ઇંદ્રવિજયજી મ. તથા તપસ્વી શ્રી રામવિજયજી મ. પણ ઉગ્ર વિહાર કરીને પૂ. આ. મ. શ્રીની સેવામાં પધાર્યા હતા: વ્યાખ્યાન દરરોજ ચાલુ છે.


**ભીલવાડા :** પૂ. મુનિરાજ શ્રી વિશાલવિજયજી મ. આદિ ચાતુર્માસાર્થે પધાર્યા છે. શ્રી સંઘમાં ઉત્સાહ સારો છે. ઉપાસક સૂત્ર તથા મલયાસુંદરી ચરિત્ર વ્યાખ્યાનમાં ચાલુ છે. દિગંબર તથા સ્થાનકવાસી સંપ્રદાયના લોકો સારો લાભ લે છે. પર્વાધિરાજની આરાધના સુંદર રીતે ઉજવાઈ હતી.

**નાસિક :** પૂ. મુનિરાજ શ્રી નેમવિજયજી મહારાજશ્રીની નિશ્રામાં પૂ. પાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજશ્રીની પ્રથમ સ્વર્ગારોહણ વાર્ષિક તિથિ તથા પૂ. પન્યાસજી મહારાજશ્રી મહિમાવિજયજી ગણિવરશ્રીની સ્વર્ગારોહણ માસિક તિથિ નિમિત્તે શ્રી અરિહંત મહાપૂજા પૂર્વક પંચ કલ્યાણક મહોત્સવ ધામધૂમ પૂર્વક ઉજવાયેલ શ્રી સંઘમાં ઉત્સાહ સારો હતો. ઉપજ સારી થઇ હતી. ક્રિયા કરાવવા અમદાવાદથી શ્રી ચીનુભાઇ લલ્લુભાઇ પોતાની મંડલી સાથે આવેલ. પર્વાધિરાજની આરાધના સુંદર રીતે ઉજવાયેલ.

**અમદાવાદ :** પૂ. પ્રવર્તક શ્રી ચન્દ્રવિજયજી મ. ની નિશ્રામાં પર્યુષણાપર્વ સારા પ્રમાણમાં ઉજવાયેલ. તપ ૮, ૭, ૬, ૫, ૪, ૩. તેમજ પૂજા પ્રભાવનાઓ સ્વામિવાત્સલ્ય વ. થયેલ.


**હુબલી :** પૂ. પં શ્રી યશોભદ્રવિજયજી મ. ની નિશ્રામાં એક માસખમણ ૧–૧૬, ૨–૧૫, ૨–૧૦, ૨–૯, ૨૭–૮ અને ચોસઠ પ્રહરી પૌષધ ૧૭ થયેલ. પારણા શાહ તારાચંદ શંકરલાલ તરફથી થયેલ.

**શ્રી ઠાકરશીભાઇ નાનચંદ શાહ–વઢવાણ શહેર**



જેઓએ પૂ. પં. શ્રી કાંતિવિજયજી મ. સાહેબની પ્રેરણાથી માસખમણ તપની ઉગ્ર તપશ્ચર્યા પૂર્ણ કરી છે.

સ્થાનકવાસી જૈનભાઇ શ્રી માણેકલાલ જગજીવન દોશી



જેઓશ્રીએ સુરેન્દ્રનગરમાં માસખમણ તપની ઉગ્ર તપશ્ચર્યા પૂર્ણ કરી છે.

**અમદાવાદ :** સાબરમતી આત્મવલ્લભ જ્ઞાન મંદિરમાં પૂ. ઉ. શ્રી ઉદયરત્નવિજયજી મ. આદિની નિશ્રામાં પર્યુષણા પર્વની આરાધના શાંતિપૂર્વક કરવામાં આવી. પૂજ્યશ્રીએ અઠ્ઠાઇ કરેલ. તેમજ બીજી ૩૧ અઠ્ઠાઇઓ થયેલ. ભા. શુ ૬ થી અઠ્ઠાઈ મહોત્સવ અને શુદ ૧૦ થી સિદ્ધચક્રપૂજન શરૂ થયેલ.

**વઢવાણ શહેર :** પૂ. પં. શ્રી કાન્તિવિજયજી ગણિવરશ્રીની પુનિત નિશ્રામાં પર્યુષણાપર્વની અરાધના અપૂર્વ ઉલ્લાસથી થવા—પામી હતી. આરાધનાનું ભવ્ય વાતાવરણ સર્જાતા સંઘમાં ઉત્સાહનો પાર ન હતો. દરેક ટીપમાં પણ ધાર્યા કરતા ખૂબજ સુંદર ઉપજ થઈ હતી.

તપશ્ચર્યા પણ ખૂબજ સારા પ્રમાણુમાં થઈ હતી. પૂજ્યશ્રીની પ્રેરણાથી શ્રી ઠાકરશી નાનચંદભાઇએ માસખમણ તપ ખૂબજ શાતાપૂર્વક નિવિઘ્ને પૂર્ણ કરેલ. અન્ય તપસ્યા ૧૬, ૧૧, ૯, ૮ અને ૬ ઉપવાસ વગેરે પણ સારા પ્રમાણુમાં થયેલ, તદુપરાંત ચાર બહેનોએ શ્રી સિદ્ધિતપ નિર્વિઘ્ને પૂર્ણ કરેલ છે. નાના બાળકોએ પણ ચોસઠ પહોરી પૌષધ કરેલ.

પૂ. મુનિરાજ શ્રી હર્ષચન્દ્રવિજયજી મહારાજે પહેલી જ વાર નવ ઉપવાસ કરેલ.

ભા. શુ. ૫ ના સ્વામિવાત્સલ્ય (કોઇને પણ થાળી વાટકો લાવ્યા વગર) થયેલ.

વ્યાખ્યાન પૂ. મુ. શ્રી તત્ત્વાનંદવિજયજી મ. વાંચે છે. શ્રોતાજનો સારો લાભ લે છે.

પ્રગટ થયેલ છે
**સુવાકય-મંજુષા**
ભાગ ૫
રોચક અને તલસ્પર્શી સુવાકયોનો અદ્ભુત સંગ્રહ દેરાસર-ઉપાશ્રય કે જાહેર સ્થળોના બોર્ડ ઉપર લખવા માટે અતિ ઉપયોગી પ્રકાશન.
—: પ્રકાશક :—
**સેવંતીલાલ વી. જૈન**
કીંમત ૫૦ ન. પૈ.
બુ. પો. થી મંગાવવા ૬૦ ન. પૈ. ટીકીટ મોકલાવો
સ્થળ :—મોતીશા જૈન દેરાસર, પાંજરાપોળ
મુંબઇ-૪

भारत सरकार से रजिस्टर्ड
**सफेद दाग**
दवा का मूल्य ५) रु० डाक व्यय १।) रु०
विवरण मुफ्त मगाकर देखिये ।
**एक्झिमा** दवा का मूल्य ५) रु० डाक व्यय १।) रु०
आप भी एक बार अनुभव कर देखिये ।
वैद्य के. आर. बोरकर. (४०३)
मु० पो० मंगरुलपीर, जि० अकोला (महाराष्ट्र)

**દહેરાસરના ટ્રસ્ટીઓ તેમજ વ્યાપારી બંધુઓને!**
નિવેદન કે, દહેરાસરના વપરાશ માટે ઉત્તમ તેમજ સ્વચ્છ વસ્તુ જેવી કે, અગરબત્તી કેશર, સુખડ, દશાંગધુપ, વાસક્ષેપ, સોના-ચાંદીના વરખ, બાદલું, કટોરી, નવકારવાળી તેમજ અમારી સ્પેશ્યલ સુગંધરાજ નં. ૩૩૩ અને ૫૫૫ અગરબત્તી વગેરે કિફાયત ભાવે ખરીદવાનું એક ભરોસાપાત્ર સ્થળ.
**બી. એમ. સરૈયા** ઠે. ભાગા-તળાવ. **સુરત.**
વધુ વિગત માટે પત્રવ્યવહાર કરો!
ગ્રાહકોનો સંતોષ એ જ અમારો મુદ્રાલેખ છે.

વંકચૂલ બે સાથીઓ સાથે નિશ્ચિત સ્થળે ગયો.. અને સાગરનું આશ્ચર્ય શમે તે પહેલાં જ તેણે મજબુત દિવાલમાં માપ કરીને પોતાનું તેજસ્વી ઓજાર ભરાવ્યું.

સાગર અવાક્ બનીને જોઇ રહ્યો અને વંકચૂલે જરા જેટલોયે અવાજ ન થાય એટલી કાળજી અને એટલી જ ત્વરાથી બાંકોરૂં પાડવા માંડયું.

સાગર માટે આ દૃશ્ય સાવ નવું હતું... આટલી ચપળતા અને આટલી સ્વસ્થતા તેણે કોઇનામાં કલ્પી ન હોતી.

આંખના પલકારામાં કંકુ પડી ગયું અને અંદર માણસ સહેલાઇથી દાખલ થાય તેટલું મોટું કરીને વંકચૂલે સાગરને અંદર જવા ઇશારો કર્યો.

સાગર તરત ખંડમાં ચાલ્યો ગયો. ખંડમાં અંધારૂં પુષ્કળ હતું...

વંકચૂલે બીજા સાથીને બધા પત્થરો એક તરફ મૂકી દેવાનો સંકેત કર્યો.

થોડી જ વારમાં બંને અંદર દાખલ થયા.

વંકચૂલે કમ્મરબંધમાંથી એક ચકમક અને લોખંડનો ટૂકડો કાઢીને કાકડી ચેતવી. કાકડીનો પ્રકાશ અતિ ક્ષીણ હતો છતાં વંકચૂલ જોઇ શકયો કે પોતે ગલત સ્થળે નથી આવ્યો.

વિલંબ કર્યો પાલવે તેમ નહોતો એટલે તેણે સામે પડેલી કેટલીક પેટિકાઓ તરફ નજર કરી અને એક પેટિકા પાસે જઇ, નિરિક્ષણ કરી તેનું તાળું એક પાતળા ઓજાર વડે બે પળમાં તોડી નાખ્યું.

પેટિકા ખોલી તો સાગર અવાક્ બની ગયો. આ પેટિકામાં રત્નોનાં જ આભરણો હતાં.

વંકચૂલે ઝડપી ગતીએ પોતાની સાથેની ત્રણ થેલીઓ સુવર્ણના રત્નાલંકારો વડે ભરી લીધી અને બીજી કોઇ પેટિકા તરફ નજર સરખીયે કર્યા વગર તે તરત પાછો ફર્યો. એક થેલી પોતે સંભાળી, બે થેલીઓ બંને સાથીઓને આપી.

ત્રણેય બહાર નીકળી ગયા.

ચોકી કરી રહેલા બંને સાથીઓ આગળ થયા અને દિવાલ કુદીને માર્ગ પર આવ્યા. માર્ગ સલામત હતો.

સિંહગુહા પલ્લીનો સ્વામી બન્યા પછી વંકચૂલે આ પ્રથમ ચોરી કરી હતી અને તે ધાર્યા કરતાં વધારે સફળ થઇ હતી.

પાંચેય સાથીઓ આડા અવળા માર્ગોએ થઇને શરાબના નશામાં મસ્ત બનેલાઓ માફક પાંથશાળાના મુખ્ય માર્ગે ચાલવા માંડ્યા.

પાંચેય સાથીઓ પાંથશાળામાં પહોંચ્યા ત્યારે રાત્રિનો ત્રીજો પ્રહર પુરો થઈ ગયો હતો.

હવે તો પ્રસ્થાનની તૈયારી કરવાની હતી.

ચોરેલો મૂલ્યવાન માલ ખોગીરમાં નાખી, પોતપોતાના અશ્વો લઇ પાંચેય મિત્રો પાંથશાળાની બહાર નીકળ્યા અને પાંથશાળાના રક્ષકને જતી વખતે બે સુવર્ણ મુદ્રાઓ આપીને વંકચૂલે વિદાય લીધી.

નગરીના મુખ્ય દરવાજામાંથી જ પાંચેય સાથીઓ બહાર નીકળ્યા. દરવાજે ઉભેલા નગરરક્ષકોએ પ્રશ્ન કર્યો: 'કોણ છો ?'

વંકચૂલે બેધડક ઉત્તર આપ્યો: 'વટેમાર્ગુ.'

નગરરક્ષકોને કંઇ સંશય જેવું ન લાગ્યું.

પાંચેય મિત્રો પોતાના પંથે પડી ગયા.

ચોર આવતી વખતે ધૈર્ય રાખે છે ને જતી વખતે અધીર બને છે. પરંતુ વંકચૂલ કોઇપણ સંયોગોમાં ધૈર્ય ગુમાવતો જ નહોતો.

લગભગ બે કોશ દૂર નિકળ્યા પછી વંકચૂલે સાગર સામે જોઇને કહ્યું: 'સાગર, હવે આપણે આડ માર્ગે ઉપડીએ.'

'કેમ મહારાજ ?'

'ચોરીની ખબર પડી ગઈ હશે....સગડ જોતા જોતા એ લોકો કદાચ પાછળ પણ આવે.' વંકચૂલે કહ્યું.

સાગર આ બધા માર્ગનો ભોમિયો હતો. તેણે આડી વાટ પકડી.

આ તરફ પ્રાત:કાળે બે ચોકિયાતો રાખેતા મુજબ

ભવન ફરતો ફેરો મારવા નીકળ્યા હતા. એકાએક એક ચોકિયાતની નજર ભવનના મધ્ય ખંડની દિવાલમાં પડેલા બાંકોરા તરફ ગઇ. તરત તે ચમકયો અને સાથીદારનું ધ્યાન દોર્યું. બંનેએ દિવાલ પાસે આવીને પાકી ખાત્રી કરી અને તરત બંને દોડતા દોડતા મુખ્ય નાયક પાસે ગયા.

મધ્યખંડમાં બાંકોરૂ પડયાની વાત સાંભળીને મુખ્ય નાયક હેબતાઇ ગયો. છેલ્લા દસ વર્ષથી તે ભવનનું રક્ષણ કરતો હતો અને કોઈ દિવસે એક કોડીની પણ ચોરી થઇ નહોતી.

મુખ્ય નાયકે ભવનમાં જઇને શેઠને જગાડ્યા....

ચોરી થયાની વાત સાંભળીને ગોવિંદચંદ્ર અવાક્ બની ગયો...તેણે તરત પોતાના ધન ભંડારવાળો ખંડ ઉઘાડયો...જોયું તો એક પેટિકા તૂટી હતી. અને તેમાંથી મૂલ્યવાન રત્નાલંકારો ઉપડી ગયા હતા.

થોડી જ વારમાં સમગ્ર ભવન જાગૃત થઇ ગયું.

શેઠનો મોટો દિકરો મહારાજા સમક્ષ ફરિયાદ કરવા ગયો અને સૂર્યોદય થતાં સુધીમાં તો શેઠની હવેલીની આસપાસ લોકોનાં ટોળે ટોળાં ભેગા થવા માંડ્યા.

પોતાના નગરમાં કદી ચોરી ન થાય એવું માનનારો શ્રી રામપુરનો રાજા જાતે ગોવિંદચંદ્ર શેઠના ભવન પર આવી પહોંચ્યો, કોટવાળ આવી પહોંચ્યો. તપાસનો પ્રારંભ થયો. શેઠના મુનિમે તૂટેલી પેટીકામાં કેટલા દાગીના મૂકવામાં આવ્યા હતા તેની યાદી કાઢી અને પેટીમાં બાકી રહેલા દાગીનાઓની મેળવણી કરતાં આશરે એક લાખ સુવર્ણ મુદ્રાઓની કિંમતના દાગીના ચોરાયાની ખાત્રી થઈ.

રાજનો ખાસ સગડ શોધક આવી ગયો.. તેણે ખૂબજ ખંતપૂર્વક સગડ જોવા માંડયા અને સગડ મુખ્ય માર્ગ પર જ અદૃશ્ય થયા. તે લાચાર બનીને પાછો ફર્યો અને મહારાજાને વિનતિ કરી: 'કૃપાવતાર, પાંચ માણસોએ આ ચોરી કરી લાગે છે. ખજાનાવાળા ખંડની મજબુત દિવાલમાં આ પ્રકારનું બાંકોરૂ પડેલું જોતાં એટલુ સ્પષ્ટ લાગે છે કે ચોરી કરનારાઓ ભારે ચપળ અને કુશળ હોવા જોઇએ. એ લોકોના સગડ મુખ્ય માર્ગ સુધી જ મળે છે.. ત્યાર પછી મળતા નથી.'

રાજાએ કોટવાળને આજ્ઞા કરી: 'આપણી નગરીમાં છ પાંથશાળાઓ છે; સગડીયાને લઇને તમે છ એ પાંથશાળામાં તપાસ કરો. આવી ચોરી આપણી નગરીમાં કદી થઈ નથી...તેમ આપણી નગરીનો કોઇ પણ માનવી ચોરી કરી શકે નહિ.

આપણા રાજ્યમાં ચોરીનું દુષણ નષ્ટ થયેલું છે એટલે અવશ્ય કોઇ બહારનાં જ માણસોએ આ કાર્ય કર્યું હોવું જોઇએ.'

કોટવાળ સગડીયાને લઇને વિદાય થયો. રાજાએ ગોવિંદચંદ્રને ધૈર્ય આપી વિદાય લીધી.

મધ્યાન્હ સુધીની તપાસના અંતે કોટવાળ માત્ર એટલા જ સમાચાર મેળવી શકયો કે: 'પૂર્વી પાંથશાળામાંથી ગઇરાતે સંધ્યા પછી પાંચ વટેમાર્ગુઓ નૃત્ય જોવા નીકળ્યા હતા અને રાત્રીના ત્રીજા પ્રહર પછી પાછા આવ્યા હતા. તેઓ થોડી જ વારમાં પોત પોતાના અશ્વો સાથે વિદાય થયાં હતા. નગરીના મુખ્ય દરવાજેથી તેઓ નીકળ્યા હતા. આપણા દ્વારરક્ષકોએ તેઓને રોકયા હતા પણ સંશય જેવું વર્તન ન લાગતાં તેઓને જવા દીધાં હતા. સગડશોધક અશ્વોના સગડ પાછળ બે સૈનિકો લઇને ગયો છે.'

મહારાજા આ સમાચાર સાંભળીને ઉંડા વિચારમાં પડી ગયા પોતાની નગરીમાં આ રીતે બહારના ચોરો આવીને ચોરી કરી જાય અને આ રીતે છટકીને ચાલ્યા જાય તો આવતી કાલે બીજા તસ્કરોને આવવાનું મેદાન મળે.

રાત્રિના પ્રથમ પ્રહર પછી સગડિયો નિરાશભાવે પાછો આવ્યો અને મહારાજા સમક્ષ હાજર થઇને બોલ્યો: 'કૃપાવતાર, પાંચે ય વટેમાર્ગુઓનાં અશ્વોના સગડ બે કોશ પર્યંત સ્પષ્ટ મળે છે.. ત્યાર પછી તે લોકો વન પ્રદેશના આડા માર્ગે ચડી ગયા લાગે છે. આડા માર્ગે પણ મેં તપાસ કરી હતી. કેવળ અર્ધ

કોશ સુધી સગડ મળે છે ત્યાર પછી એક પણ અશ્વના સગડ મળતા નથી.'

જે સમયે રાજા સમક્ષ સગડશોધક આ પ્રકારે વાત કરતો હતો તે સમયે વંકચૂલ પોતાના સાથીઓ સાથે સિંહગુહામાં પહોંચી ગયો હતો અને ચોરીનો માલ કેવી રીતે વટાવી નાખવો તેનો વિચાર કરી રહ્યો હતો.

ગામના કેટલાક વૃદ્ધ પુરુષોનો એવો મત પડયો હતો કે સરદારને યોગ્ય લાગે તે રીતે ઘરદીઠ માલ વહેંચી આપે. પણ વંકચૂલને ચાલી આવતી આ રીત સલામતીવાળી ન હોતી લાગતી. તેણે સહુને સમજાવ્યું કે 'ચોરીનો મુદ્દામાલ એના એ સ્વરૂપમાં આપણી પાસે રહે તો કોઇવાર જોખમ આવી પડે. આ બધો માલ કોઈ દૂરના નગરમાં વહેંચાઇ જવો જોઇએ અને આપણને એના બદલામાં સુવર્ણ મુદ્રાઓ મળવી જોઇએ. આ રીતે પ્રાપ્ત થએલી સુવર્ણ મુદ્રાઓ વડે સૌથી પ્રથમ આપણા સહુના મકાનો નવેસરથી કરવાં જોઇએ. આપણા ગામમાં કોઇ પણ ઉદ્યોગ થાય તેવાં સાધનો વસાવવાં જોઇએ.'

વંકચૂલની આ વાત સહુને ગમી. સહુ હર્ષ-ધ્વનિ કરવા માંડયા અને એકાદ સપ્તાહ પછી વંક-ચૂલ અને સાગર ઉજ્જયનિ તરફ બધો માલ લઇને વિદાય થયા.

વંકચૂલની પત્નીને એક વાતનો સંતોષ થયો હતો કે વરસો જુનું દારૂનું વ્યસન દૂર થયું છે.. ચોરી પાછળ પણ કોઈનું લોહી ન રેડવાનું નક્કી કરવામાં આવ્યું છે અને ચોરીના માલનું જે કંઇ આવે તેનો ઉપયોગ ગામને સમૃદ્ધ કરવા પાછળ થવાનો છે.

પોતાનો સ્વામી આ રીતે માત્ર એકજ માણસ સાથે ઉજ્જયનિ જાય એ કમળારાણીને ગમ્યું ન હોતું.. પણ તે કશું બોલી શકી ન હોતી.

લગભગ પંદર દિવસે વંકચૂલ અને સાગર ઘણા જ ઉલ્લાસ સાથે આવી પહોંચ્યા. તેઓએ ઉજ્જયનિમાં છ દિવસ રોકાઇને સઘળો માલ વહેંચી નાખ્યો હતો. એ માલ એક લાખથી પણ વધારે કિંમતનો હતો છતાં તેઓને બાવન હજાર સુવર્ણ મુદ્રાઓ મળી હતી.

બાવન હજાર સુવર્ણ મુદ્રાઓ લાવવા માટે તેણે બે રથ ભાડે લીધા હતા, ચાર રક્ષકો લીધા હતા અને તે સલામતીપૂર્વક સિંહગુહામાં આવી ગયો હતો.

આજસુધી સિંહગુહાના ચોર પરિવારોએ આટલી જબ્બર ચોરી સ્વપ્ને પણ કરી ન હોતી. તેઓની ચોરી મોટે ભાગે અનાજ અથવા તો વટેમાર્ગુઓ પાસેથી જે કંઇ મળે તેની હતી.

બાવન હજાર સુવર્ણ મુદ્રાઓનું નામ પણ કોઇએ કદી સાંભળ્યું ન હોતું.

પલ્લીમાં સહુ વંકચૂલ પ્રત્યે અપૂર્વ શ્રદ્ધા રાખવા માંડયા.

વંકચૂલે પણ જરાયે વિલંબ કર્યા વગર આસ-પાસના ગામોમાંથી કડિયા વગેરેને બોલાવ્યા અને પલ્લીના નિર્માણનું કામ શરૂ કરી દીધું.'

નદિ કિનારા પાસે એક પ્રાચીન જિનાલય જીર્ણ દશામાં હતું. કમલાએ સ્વામીને એ તરફ દૃષ્ટિ આપ-વાનો અનુરોધ કર્યો અને વંકચૂલે ભગ્ન જિનાલયને સમારવાનું કાર્ય પણ ઉપાડયું.

ચોમાસું આવે એ પહેલાં તો સેંકડો કારિગરોના સહકારથી સિંહગુહાના રહીશોનાં મકાનો પાકાં બની ગયાં..જિનાલય પણ સરસ બની ગયું. ગામનો ચોરો નાની સરખી પાંથશાળા જેવો થઇ ગયો.

છ મહિનાની મહેનતમાં સિંહગુહાના ઝુંપડાંઓ સુંદર મકાનોમાં પલટાઇ ગયાં..

એક માત્ર વંકચૂલનું મકાન એવું ને એવું રહ્યું.

ગામલોકોએ કહ્યું: 'મહારાજ, આપનું મકાન કેમ આવું ને આવું રાખ્યું ?'

વંકચૂલે હસીને કહ્યું: 'તમે મને તમારો સર-દાર બનાવ્યો છે. સરદારનું કર્તવ્ય કેવળ પોતાના સુખ સામે જોવાનું ન હોય... એનું પહેલું કામ તો આપ સહુના સુખ પ્રત્યે જોવાનું હોય! મારા મકા-નની મને ચિંતા નથી. બીજીવાર એ પણ બની જશે.'

બધું કાર્ય પુરૂં થઇ ગયા પછી વંકચૂલે પોતાની બહેનને કહ્યું : 'કેમ બહેન, હવે કેટલુ ધન રહ્યું છે?'

શ્રીસુંદરીના હાથમાં વંકચૂલે બધો હિસાબ રાખવાનું કામ સોંપ્યું હતું. તે બોલી: 'ભાઇ, હવે કેવળ સાતસો ને ત્રીસ મુદ્રાઓ બચી છે.'

'તો તારે એક કામ કરવું પડશે.'

'શું?'

'તું ને તારી ભાભી એકવાર નજીકના કોઇ નગરમાં જાઓ...અને એ સુવર્ણ મુદ્રાઓનું. કાપડ ખરીદી લાવો... એટલે સહુને કાપડ આપી શકાય'

શ્રીસુંદરીએ કહ્યું: 'તમે અમારી સાથે નહિ આવો?'

'કાપડની પસંદગી એ પુરુષોનો પ્રશ્ન નથી.... સ્ત્રીઓનો પ્રશ્ન છે. તમારી સાથે ચાર છ માણસો આવશે. સાગરની વહુ આવશે...આપણી દાસી પણ આવશે...તમને માર્ગમાં કોઈ પ્રકારની હરકત નહિ આવે.' વંકચૂલે કહ્યું:

શ્રીસુંદરી સમ્મત થઈ અને વર્ષાનો પ્રારંભ થાય તે પહેલાં જ તે બે રથ સાથે શ્રીરામપુર નગરી તરફ ગઇ.

શ્રીરામપુર નગરીમાંથી જ ચોરાયેલા માલના મળેલા ધનનો અંતિમ ભાગ ત્યાંની કાપડ બજારમાં જ પુરો થયો.

સિંહગુહામાં વસતી દરેક સ્ત્રીઓ અને બાળકોને ઉપયોગમાં આવી શકે એવું કાપડ ખરીદીને ચોથે દિવસે કમળા, શ્રીસુંદરી વગેરે સિંહગુહામાં આવી ગયાં.

વંકચૂલે દરેક માણસોને કાપડ વહેંચી દીધું. અને તેણે પોતાના સાથીઓને બોલાવીને કહ્યું: 'એક સપ્તાહ પછી આપણે બીજી કોઇ નગરીમાં જવું છે.'

સાગર થનગની ઉઠયો. (ક્રમશઃ)


**જલદી....જલદી...વસાવી લ્યો!**

**તદ્દન નવાજ પ્રકાશનો પ્રગટ થયા છે!**

૧ આસ્તિક-નાસ્તિકની સુંદર વિચારણા જેમાં વણાયેલી છે. તદુપરાંત છ સુંદર ચિત્રો સાથે **"મહારાજા પ્રદેશી" શાસ્ત્રીય** કથા મોટા ટાઇપમાં ડેમી આઠ પેજી સાઇઝમાં પૃષ્ટ ૩૨ બે કલર ટાઇટલ તેની કિંમત ફક્ત આઠ આના પોસ્ટેજ બે આના અલગ.

૨. ઇતિહાસ પ્રસિદ્ધ પાંચ પાંડવોને તેમના પિતા દેવલોકમાંથી પ્રતિબોધ કરવા આવે છે પોતાના પુત્રો માટે શું શું કર્યું, કેવિરીતે પ્રતિબોધ પમાડયો, તે અંગેનો તાદ્દશ ચિતાર ખડુ કરતી સચિત્ર **"પાંડવોને પ્રતિબોધ અને પાંચ અદ્દભુત દ્રશ્યો"** આજે જ મંગાવી લો. પ્રચાર માટે કિંમત છ આના પો. બે આના. ૩. નવી આવૃતિ. સચિત્ર **ગૌતમ પૃચ્છા**: ૯૨ ચિત્રો સાથે પ્રગટ થઇ ગઇ છે. તુરત મંગાવી લો. કિંમત ત્રણ રૂપીયા પોસ્ટજ એક રૂપીયો.

મલો અગર લખો: **રસિકલાલ રામચંદ શાહ**
C/o મફતલાલ રામચંદ શાહ
ઠે. ટંકશાળ, ૮૦૯/૨
કાળુપુર રોડ. **અમદાવાદ-૧**

આપે વસાવ્યું? ઘરઘરના શણગાર જેવું અદ્દભુત પ્રકાશન

**સાધનાનાં સોપાન:** પૂ.પં. સુજ્ઞાનવિજયજી ગણિ. ના શિષ્ય મુનિરાજશ્રી **રાજેન્દ્રવિજયજી** મહારાજે રાજનગરની ચૈત્ય પરિપાટીમાં વિવિધ વિષયો પર આપેલાં પંદર મનનીય પ્રવચનોનો સંગ્રહ પાને પાને ભક્તિરસ ભરપૂર વાંચન આપને મળશે. ઉપરાંત અમદાવાદની ચૈત્ય પરિપાટીનું વિસ્તૃત વર્ણન, પૂજ્યપાદ સમર્થ સાહિત્યકાર પન્યાસજી મહારાજ સાહેબ **કનકવિજયજી** ગણિવરની કસાયેલી કલમે લખાયેલી વિસ્તૃત પ્રસ્તાવના, પાકું દ્વિરંગી જેકેટ, ટકાઉ કાગળ, ૩૦૪ પેજના પુસ્તકની પ્રચારાર્થે માત્ર કિંમત રૂ. ૧) છે પોસ્ટેજ, ૫૦ ન. પૈ. ૧-૫૦નુ મનીઓર્ડર કરી ઘર બેઠાં પુસ્તક મેળવો.

લખો:-**બાબુલાલ કે. શાહ**
C/o ગગલદાસ સરૂપચંદ
રતનપોળ, ગોલવાડ પીપળા નીચે, **અમદાવાદ.**

તા. ક. અમદાવાદના ગ્રાહકો રૂબરૂ મળી રૂ. ૧ માં પુસ્તક મેળવી શકશે. સાધુ-સાધ્વીજી મ. તથા જ્ઞાન ભંડારોને ૫૦ ન. પૈ. ની પોસ્ટ સ્ટેમ્પ મોકલવાથી ભેટ મળશે.

# નવા સભ્યો અને સહકાર

૧૧, શ્રી ચમનલાલ રાયચંદ વઢવાણ શહેર

શ્રી કાંતિલાલ મહાદેવની શુભ પ્રેરણાથી થયેલ સભ્યો

૧૧, શ્રી દામોદરભાઈ પી. જોશી માંડવી (કચ્છ)
૧૧, શ્રી ચુનીલાલ દામજીભાઈ શાહ મદ્રાસ
૧૧, શ્રી પ્રવીણચંદ્ર દામજીભાઇ માંડવી (કચ્છ)
૧૧, શ્રી જવેરીલાલ વીરચંદ ફોફલીયા કલકત્તા
૧૧, સંઘવી હીરજી વલમજી માંડવી
૧૧, શ્રી રમણીકલાલ પ્રેમચંદ ,,
૧૧, શ્રી હીરાલાલ સાકરચંદ ,,
૧૧, શ્રી ચીમનલાલ નાથાલાલ (શ્રીકાંતભાઈ) અમદાવાદ તરફથી ભેટ

શ્રી દેવશીભાઇ જીવરાજભાઇની શુભ પ્રેરણાથી

૧૩, શ્રી રાયચંદભાઇ C/o મહેન્દ્ર કાં. નાયરોબી
૧૩, શ્રી રાયશી રૂપશી ,,
૧૩, શ્રી રાયશી મેપા શાહ ,,
૧૩, શ્રી દેવશીભાઇ પોપટલાલ ,,
૧૩, શ્રી હેમરાજ નથુભાઇ ,,
૧૩, શ્રી વેલજી જી. મારૂ ,,
૧૩, શ્રી ચંદુલાલ કાલીદાસ ,,
૧૩, શ્રી દેવશી જીવરાજ ,,
૧૩, શ્રી કચરાભાઇ જીવરાજ ,,
૧૩, શ્રી મેઘજીભાઇ વીરપાલ ,,
૧૧, શ્રી વસંતલાલ જગજીવન ભુજ શ્રી નગીનદાસ જસાણીની શુભ પ્રેરણાથી

શ્રી નવીનચંદ્ર મગનલાલ (મુંદ્રા) ની શુભ પ્રેરણાથી

૧૧, શ્રી મહેન્દ્રકુમાર બી. શાહ સાગર (કાન્ટ)
૧૧, શ્રી ત્રંબકલાલ રસીકલાલ અંજાર (કચ્છ)
૧૧, શ્રી હરેશબાબુ દોલતલાલ શાહ મુંબઇ
૧૧, શ્રી રમાબહેન ગુલાબચંદ ભુજ પૂ. પ્ર. સા. શ્રી દર્શનશ્રીજીના શિષ્યા પૂ. સા. શ્રી હર્ષપુર્ણાશ્રીજી મ. ની શુભ પ્રેરણાથી
૧૧, શ્રી હરગોવનદાસ સુખલાલ મોરબી
૧૧, શ્રી હીરાલાલ અનોપચંદ મુંબઇ
૧૧, શ્રી નવલચંદ ઘેલાભાઇ ,,
૧૧, શ્રી કાંતીલાલ મણીલાલ પાલીતાણા

શ્રી સેવંતીલાલ વી. જૈન મુંબઇની શુભ પ્રેરણાથી

૨૫, શ્રી ચીનુભાઇ હરીલાલ મુંબઈ
૧૧, શ્રી મુલચંદ દેવચંદ સંઘવી મુંબઈ

શ્રી જશવંતલાલ ગીરધરલાલની શુભપ્રેરણાથી

૧૧, શ્રી મનસુખલાલ રંગજીભાઇ અમદાવાદ
૧૧, શ્રી બાબુલાલ ભગુભાઈ ,,
૧૧, શ્રી જૈન દેરાસરજી પેઢી બોટાદ

પૂ.મુ. શ્રી જયપદ્મવિજયજી મ.ની શુભપ્રેરણાથી
શ્રી રમણીકલાલ મણીલાલ મુંબઇની શુભપ્રેરણાથી

૧૧, શ્રી પુખરાજ જે. પરમાર મુંબઈ
૧૧, શ્રી સરેમલ ભુતાજી ,,
૧૧, શ્રી બી. સી. ભણશાલી નીલગીરી
૧૧, શ્રી ફકીરચંદ તલકચંદ કચરા સુરત શ્રી માણેકચંદ ડાયાભાઇની શુભ પ્રેરણાથી
૧૧, કોરડીયા મફતલાલ ભુદરદાસ શ્રી શાંતિલાલ પરખચંદની શુભ પ્રેરણાથી મુ. અસારા
૧૧, શ્રી મથુરદાસ ઝુંઝાભાઇ વઢવાણ શહેર
૨૫, શ્રી કેશવલાલ મનજીભાઇ ,,
૧૧, શ્રી કાન્તાબેન તેજપાળ લુણાવા પૂ. સા. શ્રી ઉદ્યોતશ્રીજીની શુભ પ્રેરણાથી

શ્રી ચંપકલાલ ચુનીલાલની શુભ પ્રેરણાથી

૧૧, શ્રી પ્રભુલાલ રાયચંદ સુરેન્દ્રનગર
૧૧, શ્રી મુલચંદ સુખલાલ ,,
૧૧, શ્રી મોહનલાલ મુલચંદભાઇ વઢવાણ શહેર
૧૧, શ્રી અલીહુસેન બદરૂદીન વોરા ,,

શ્રી રતીલાલ હ. શાહની શુભપ્રેરણાથી

૧૧, શ્રી બાબુલાલ દેવકરણ ગોરેગામ
૧૧, શ્રી અમર ટ્રેડીંગ કોરપોરેશન મુંબઇ
૧૧, શ્રી કાંતીલાલ જાદવજી દોશી ,,
૧૧, શ્રી જવાહરલાલ મુલચંદજી પોરવાલ બાલી
૧૫, પૂ. સા. શ્રી ચંદ્રોદયાશ્રીજીના શિષ્યાઓ સા. શ્રી જયાનંદશ્રીજી તથા સા. શ્રી હીતપુર્ણાશ્રીજી, સા. શ્રી ચંદ્રશીલાશ્રીજીના માસક્ષમણ તથા સા. શ્રી કલ્પપૂર્ણાશ્રીજીના ૧૬, ઉપવાસ તથા સા. શ્રી નયાનંદશ્રીજીના ચત્તારી અઠ્ઠાઈ નીમીતે ભેટ
૧૧, શ્રી ગુણવંતરાય બેચરદાસ મહુવા શ્રી ચંદુલાલ હીરાચંદની શુભ પ્રેરણાથી

( અનુસંધાન ટાઇટલ પેજ ૨ ઉપર )

## મામાનું ઘર કેટલે ?
## દીવા બળે એટલે !

જૈન શાસન તથા જૈન સંસ્કૃતિના પ્રચારના જ કેવળ ઉદ્દેશથી આજે ૧૯-૧૯ વર્ષોથી ચાલતા 'કલ્યાણ' ની લોકપ્રિયતા એ એની વિશિષ્ટ સંપાદન પદ્ધતિ તથા વિવિધ વિષયસ્પર્શી સાહિત્ય સામગ્રીના કારણે છે, એ આજે કોઇને સમજાવવાની જરૂર ન હોઇ શકે જૈન સંસ્કૃતિ, સંસ્કાર તથા શિક્ષણ, શ્રદ્ધા, સમભાવ તથા સમન્વયના પ્રચાર કાજે પ્રગટ થતા માસિક 'કલ્યાણ' ને તમે તમારો સહકાર જરૂર આપશો.

'કલ્યાણ' નો વહિવટ સેવાભાવી, પ્રતિષ્ઠિત સજ્જનોના ટ્રસ્ટ હેઠળ ચાલે છે. તેની વ્યવસ્થા સેવાભાવી સંપાદકોના હસ્તક છે. કોઇને એકપાઈની કમાણી કરવાનો ઉદ્દેશ નથી. સંસ્થા કોઈની માલિકીની નથી કે કોઇની વ્યક્તિગત નથી. કેવળ જૈનસંઘ તથા જૈન શાસનની ધાર્મિક સંસ્થા છે, ધંધાદારી હરિફાઇ કે માલિકીની વ્યવસ્થા-વહિવટ નથી. માટે જ 'કલ્યાણ' ના પ્રચારમાં ઉત્સાહપૂર્વક ભાગ લેવા જૈનશાસનમાં માનનાર 'કલ્યાણ' પ્રેમી સર્વ કોઇને અમારો નમ્ર આગ્રહ છે.

કેવલ જૈનશાસનની સાહિત્ય સેવા કરવા કાજે પ્રસિદ્ધ થતા આ માસિકમાં સુંદર, શિષ્ટ તથા સંસ્કાર પ્રેરક લોકભોગ્ય શૈલીયે વાંચન સામગ્રીનો રસથાળ પીરસાય છે. દર મહીને જે અનેક વિભાગો દ્વારા મનનીય સાહિત્ય રજુ કરે છે. જેથી વિશિષ્ટ સંપાદન પદ્ધતિ તેની પ્રતિષ્ઠા તથા ગૌરવમાં વધારો કરી રહી છે.

ઘર-ઘરનો શણગાર તથા સાહિત્યની દુનિયાનો અલંકાર 'કલ્યાણ' ના પ્રચારને તમે વેગ આપો! ને 'કલ્યાણ' ના ગ્રાહક બનો તથા બીજાને બનાવવા પ્રયત્ન કરો! વ્યાપારી-ભાઇઓ પોતાના વ્યવસાયની જાહેરાત આપી 'કલ્યાણ' ને સહકાર આપો!

દર વર્ષે લગભગ ૧૦૦૦ પેજ ઉપરનું રસમય વાંચન આપતા 'કલ્યાણ' ને તમે તમારો સહકાર આપો! જૈનશાસનની સેવાના શુભ કાર્યમાં તમે અમને તમારો ફાળો આપો!

આજે જ ગ્રાહક બનો!

# શ્રી કલ્યાણ પ્રકાશન મંદિર ટ્રસ્ટ

વઢવાણ શહેર :: (સૌરાષ્ટ્ર)

સંપાદક, મુદ્રક અને પ્રકાશક : કીરચંદ જગજીવન શેઠ : મુદ્રણસ્થાન : શ્રી જશાવતસિંહજી પ્રિન્ટીંગ વર્કસ વઢવાણ શહેર : કલ્યાણ પ્રકાશન મંદિર ટ્રસ્ટ માટે વઢવાણ શહેરથી પ્રકાશિત કર્યું.